RNI NO. GUJ/GUJ/2004/15191

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

BHAVNAGAR
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા બીઝનેસ સેન્ટર, ઘોઘાગેટ, ભાવનગર ફોન : (૦૨૭૮) ૨૫૧૪૫૧૪, ૨૫૧૪૫૧૫ ફેક્સ : ૨૫૧૪૫૧૫

● સંવત ૨૦૮૨ શ્રાવણ વદ - ૬ બુધવાર તા.૦૨-૦૯-૨૦૨૬ અંક : ૨૫૫ વર્ષ : ૨૩ news@aaspassindia.com કિંમત રૂા. ૨-૫૦ પાના - ૮

બેંક યુનિયનોનું ૧૧ સપ્ટેમ્બરે દેશ વ્યાપી હડતાળનું એલાન

જેમાં પાંચ દિવસના બેંકિંગ સપ્તાહ, સરકારની સુધારેલી પર્ફોર્મન્સ લિંક્ડ ઈન્સેન્ટિવ (PLI)યોજના અને અન્ય પડતર માંગણીઓ કરી

નવી દિલ્હી:

બેંકોના ગ્રાહકો માટે આગામી બે મહિના મુશ્કેલીભર્યા બની શકે છે. જેમાં યુનાઇટેડ ફોરમ ઓફ બેંક યુનિયન્સ (UFBU)એ તેમની વિવિધ પડતર માંગણીઓને લઈને તબક્કાવાર હડતાળની જાહેરાત કરી છે.જેમાં પાંચ દિવસના બેંકિંગ સપ્તાહ, સરકારની સુધારેલી પર્ફોર્મન્સ લિંક્ડ ઈન્સેન્ટિવ (PLI)યોજના અને અન્ય પડતર માંગણીઓ કરી છે.

UFBU ના આહ્વાન બાદ ૧૧ સપ્ટેમ્બરે એક દિવસીય હડતાળ કરવામાં આવશે. જયારે બેંક કર્મચારીઓ ૨૮ થી ૩૦ સપ્ટેમ્બર સુધી સતત ત્રણ દિવસ માટે કામગીરી બંધ રાખશે. યુનિયને ચેતવણી આપી છે કે જો તેમની માંગણીઓ અંગે કોઈ ઉકેલ નહી આવે તો ૨૬ ઓક્ટોબર ૨૦૨૬ ના રોજ અનિશ્ચિત સમય માટે દેશવ્યાપી હડતાળ શરૂ કરવામાં આવશે.યુનિયનના જણાવ્યા મુજબ ફોરમમાં સાત યુનિયનો (AIBEA, AIBOC, NCBE, AIBOA, BEFI, INBOC,INBEF)નો સમાવેશ થાય છે. જેમાં જાહેર ક્ષેત્ર, ખાનગી, વિદેશી, પ્રાદેશિક ગ્રામીણ અને સહકારી બેંકોના કર્મચારીઓનું પ્રતિનિધિત્વ કરે છે.

સત્તાવાર નિવેદન મુજબ, યુનિયનોએ ચાર મુખ્ય માંગણીઓ ઉઠાવી છે. જેમાં પાંચ દિવસના બેંકિંગ સપ્તાહનો અમલ, સરકારની કામગીરી-સંબંધિત પ્રોત્સાહન યોજના પાછી ખેંચી લેવી, દ્વિપક્ષીય ચર્ચાઓ દ્વારા પ્રોત્સાહન યોજનામાં ફેરફાર કરવો અને બાકી રહેલા મુદ્દાઓનું નિરાકરણ કરવું.

રશિયાનો યુક્રેન પર ઘાતક હવાઈ હુમલો એક ભારતીય સહિત ૧૨ લોકોનાં મોત

સતત છઠ્ઠા દિવસે રશિયન સેનાએ ૨૦૦થી વધુ મિસાઈલ અને ડ્રોન વડે હુમલો કર્યો

નવી દિલ્હી તા,૨

રશિયા અને યુક્રેન વચ્ચે ચાલી રહેલાં યુદ્ધમાં સ્થિતિ વધુ ગંભીર બની છે. રશિયન સેનાએ યુક્રેનની રાજધાની કીવ અને ઓડેસા સહિતનાં વિસ્તારોમાં રાત્રિભર મિસાઈલ અને ૨૧૮થી વધુ ડ્રોન વડે ભયાનક હુમલો કર્યો હતો.

યુક્રેનના રાષ્ટ્રપ્રમુખ ઝેલેન્સ્કીના જણાવ્યાં અનુસાર, આ વિનાશક હુમલામાં ૧૨ લોકોએ જીવ ગુમાવ્યો છે, જેમાં એક ભારતીય નાગરિકનો પણ સમાવેશ થાય છે. આ ઘટનામાં ડઝનબંધ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે, જેના કારણે સમગ્ર કીવ ક્ષેત્રમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.રશિયન સેનાએ સતત છઠ્ઠા દિવસે કીવને નિશાન બનાવીને હવાઈ હુમલા ચાલું રાખ્યાં હતાં. મધ્યરાત્રિએ થયેલાં પ્રચંડ વિસ્ફોટોને કારણે રહેણાંક ઈમારતો, રેલવે સ્ટેશન, સિવિલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને અન્ય મકાનોને ભારે નુકસાન પહોંચ્યું હતું. કીવના હોલોસીવસ્કી અને સોલોમિયાંસ્કી વિસ્તારો ઉપરાંત ઓડેસામાં આવેલી એક ફેક્ટરી તેમજ રોમાનિયા સરહદ નજીક આવેલા ફેરિ ક્રોસિંગ પર પણ હુમલો કરવામાં આવ્યો હતો.

ઘટનાસ્થળે પહોંચેલી ઈમરજન્સી અને રાહત ટીમો દ્વારા કાટમાળ નીચે દબાયેલા લોકોને બહાર કાઢવાની બચાવ કામગીરી ઝડપી કરવામાં આવી હતી.

ઉત્તરાખંડમાં ભારે વરસાદનો કહેર અત્યાર સુધીમાં ૭નાં મોત

દેશના અનેક રાજ્યોમાં સતત વરસી રહેલા ભારે વરસાદે સામાન્ય જનજીવનને ગંભીર અસર પહોંચાડી છે

ચમોલી,

મેદાની વિસ્તારોમાં નદીઓના જળસ્તરમાં વધારો થતાં પૂર જેવી સ્થિતિ સર્જાઈ રહી છે, જયારે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાતા અનેક લોકોને સુરક્ષિત અને ઊંચાણવાળા સ્થળોએ ખસેડવાની ફરજ પડી છે. બીજી તરફ, ઉત્તરાખંડ સહિતના પહાડી રાજ્યોમાં ભારે વરસાદ અને ભૂસ્ખલનની ઘટનાઓએ મુશ્કેલીઓ વધારી દીધી છે.

ઉત્તરાખંડમાં અલ્મોડા, બાગેશ્વર, ટેહરી, નૈનીતાલ, ઉધમસિંહ નગર અને પૌડી સહિતના જિલ્લાઓમાં વરસાદ સંબંધિત ઘટનાઓને કારણે વહીવટીતંત્ર એલર્ટ પર છે. અલગ-અલગ દુર્ઘટનાઓમાં અત્યાર સુધી ૭ લોકોના મોતના અહેવાલ સામે આવ્યા છે. રાજ્ય આપત્તિ પ્રતિસાદ દળ એટલે કે જીફ્ટઈઢ્ઢ, પોલીસ અને સ્થાનિક પ્રશાસનની ટીમો અસરગ્રસ્ત વિસ્તારોમાં રાહત અને બચાવ કામગીરી કરી રહી છે.

૧૭૨થી વધુ રસ્તાઓ બંધ, વાહનવ્યવહાર પ્રભાવિતભારે વરસાદ અને ભૂસ્ખલનને કારણે ઉત્તરાખંડમાં ૧૭૨થી વધુ રસ્તાઓ બંધ થઈ ગયા હોવાનું જાણવા મળ્યું છે. પિથોરાગઢ, નૈનીતાલ અને બાગેશ્વર જિલ્લામાં કેટલાક મહત્વપૂર્ણ હાઈવે પણ અસરગ્રસ્ત થયા છે. અનેક સ્થળોએ પહાડ પરથી ભારે માત્રામાં કાટમાળ અને પથ્થરો રસ્તા પર આવી ગયા હોવાથી વાહનવ્યવહાર અટકી ગયો છે

પીપળગ ગામે મધરાતે કરુણાંતિકા : ૧૩ અને ૧૧ વર્ષના બે ભાઈઓ નદીમાં ડૂબતાં મોત

રાત્રીના અંધારામાં નદીમાં ડૂબેલા બે સગા ભાઈઓના મૃતદેહ ફાયર ટીમે ૩૦ મિનિટની જહેમત બાદ બહાર કાઢ્યા

અમરેલી,

અમરેલી તાલુકાના પીપળગ ગામે આજે વહેલી સવારે કરુણ ઘટના બની હતી. પીપળગ ગામના બે સગા ભાઈઓ નદીમાં નાહવા જતા ઊંડા પાણીમાં ડૂબી જતાં બંનેના મોત નિપજ્યા હતા. આ બનાવની જાણ થતા રાત્રિના અંધકાર વચ્ચે અમરેલી ફાયર એન્ડ ઈમર્જન્સી સર્વિસની ટીમે તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી આશરે ૩૦ મિનિટની જહેમત બાદ બંને બાળકોને પાણીમાંથી બહાર કાઢી સ્થાનિક પોલીસને સોંપ્યા હતા.

મળતી માહિતી મુજબ, આજે વહેલી સવારે ૧:૫૨ કલાકે અમરેલી જિલ્લા પોલીસ કંટ્રોલ રૂમ ખાતેથી અમરેલી ફાયર કંટ્રોલ રૂમને ટેલિફોનિક જાણ કરવામાં આવી હતી કે, પીપળગ ગામથી મોટા આંકડિયા જવાના રસ્તા પર આવેલ નદીમાં બે બાળકો પાણીમાં ડૂબી ગયા છે.

જાણ મળતા જ ઈન્ચાર્જ ફાયર ઓફિસર હિમતભાઈ બાંભણિયાની આગેવાની હેઠળ અમરેલી ફાયર એન્ડ ઈમર્જન્સી સર્વિસની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગઈ હતી. અને રાત્રિના અંધકાર અને પાણીની મુશ્કેલ પરિસ્થિતિ વચ્ચે ફાયર ટીમના જવાનો દ્વારા પાણીમાં શોધખોળ શરૂ કરવામાં આવી હતી.

ફાયર ટીમે પોતાની સૂઝબૂઝ અને જીવના જોખમે સતત આશરે ૩૦ મિનિટ સુધી શોધખોળ કરી બંને બાળકોને પાણીમાંથી બહાર કાઢ્યા હતા. જો કે બંને બાળકોના મોત નીપજ્યા હોવાનું સામે આવ્યું હતું. ત્યારબાદ બંને મૃતદેહોને પોસ્ટમોર્ટમની કાર્યવાહી માટે સ્થાનિક પોલીસને સોંપવામાં આવ્યા હતા.

મૃતકોમાં પીપળગ ગામના રહેવાસી દિનેશભાઈ ભાસ્કરના ૧૩ વર્ષીય પુત્ર સંજય દિનેશભાઈ ભાસ્કર અને ૧૧ વર્ષીય પુત્ર પ્રિન્સ દિનેશભાઈ ભાસ્કરનો સમાવેશ થાય છે. બે સગા ભાઈઓના એકસાથે મોતના બનાવથી પીપળગ ગામમાં શોકની લાગણી પ્રસરી ગઈ હતી.

સુપ્રીમ કોર્ટે વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓ સામે નોંધાયેલી એફઆઈઆર રદ કરવામાં આવી

કલમ ૧૪૨ હેઠળની સત્તાઓનો ઉપયોગ કરીને વિદ્યાર્થીઓ સામે નોંધાયેલી એફઆઈઆર રદ કરવાનો આદેશ આપ્યો

નવીદિલ્હી,

નીટ પેપર લીકને લઈને દિલ્હી સહિત દેશભરમાં ચાલી રહેલા વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શન અંગે સુપ્રીમ કોર્ટે એક મહત્વપૂર્ણ આદેશ જારી કર્યો છે. કલમ ૧૪૨ હેઠળની સત્તાઓનો ઉપયોગ કરીને, સુપ્રીમ કોર્ટે વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓ સામે નોંધાયેલી એફઆઈઆર રદ કરવાનો આદેશ આપ્યો છે. ભારતના મુખ્ય ન્યાયાધીશની અધ્યક્ષતાવાળી બેન્ચે સુપ્રીમ કોર્ટમાં આ મામલાની સુનાવણી કરી.

સુપ્રીમ કોર્ટે દિલ્હી, આસામ, પશ્ચિમ બંગાળ અને બિહારમાં વિદ્યાર્થીઓ સામે દાખલ કરાયેલી એફઆઈઆર રદ કરવાનો આદેશ આપ્યો છે. દિલ્હી પોલીસ ફક્ત ૨,૮૭૩ વ્યક્તિઓ સામે એફઆઈઆર નોંધવાનું ચાલુ રાખશે જેમની સામે ફોજદારી કેસ નોંધાયેલા છે. મુખ્ય ન્યાયાધીશે એમ પણ કહ્યું કે જો કોઈ રાજ્યમાં એફઆઈઆર હોય જેના માટે અમને હજુ સુધી જાણ કરવામાં આવી નથી, તો રાજ્ય તેને રદ કરવાની માંગનો વિરોધ કરશે નહીં.

કોર્ટે કહ્યું કે તે કલમ ૧૪૨ હેઠળ આ અરજીઓ સ્વીકારી રહી છે અને આદેશ આપ્યો છે કે જો કોઈ રાજ્યમાં સમાન બાબતો સંબંધિત વધારાની એફઆઈઆર હોય, તો તેની તપાસ બંધ કરવામાં આવે. સુપ્રીમ કોર્ટે તેના આદેશમાં સ્પષ્ટ કર્યું છે કે પેપર લીકનો વિરોધ કરી રહેલા અને ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગ કરી રહેલા વિદ્યાર્થીઓ સામે કોઈ નવી એફઆઈઆર દાખલ કરવામાં આવશે નહીં.

સુપ્રીમ કોર્ટે તેના આદેશમાં જણાવ્યું હતું કે,નીટ ૨૦૨૬ પરીક્ષાને કારણે આત્મહત્યા કરનારા વિદ્યાર્થીઓ માટે વળતરનો સંબંધ છે, તો તેને જાણ કરવામાં આવી છે કે ત્રણ મહિનાની અંદર એક નીતિ ઘડવામાં આવશે.

નેપાળમાં આવેલા પૂરથી મૃત્યુઆંક વધ્યોઃ અત્યાર સુધીમાં ૧,૦૦૩ લોકોના મોત, ૪,૦૦૦ લોકો ગુમ

કાઠમંડુ,

નેપાળમાં આવેલા વિનાશક પૂરથી ભારે વિનાશ થયો છે. બચાવ કામગીરી ચાલુ છે, પરંતુ મૃત્યુઆંક સતત વધી રહ્યો છે. અત્યાર સુધીમાં ૧,૦૦૩ લોકોના મોતની પુષ્ટિ થઈ છે, અને આ આંકડો વધુ વધી શકે છે. અધિકારીઓએ અહેવાલ આપ્યો છે કે નેપાળના પૂરમાં મૃત્યુઆંક વધીને ૧,૦૦૩ થયો છે, કારણ કે સુરક્ષા દળોએ દેશભરના આઠ જિલ્લાઓમાંથી વધુ મૃતદેહો બહાર કાઢ્યા છે.રાષ્ટ્રીય આપત્તિ જોખમ ઘટાડો અને વ્યવસ્થાપન સત્તામંડળએ અહેવાલ આપ્યો

છે કે લગભગ ૪,૦૦૦ લોકો હજુ પણ ગુમ છે, જ્યારે લગભગ ૧૨,૦૦૦ લોકોને બચાવી લેવામાં આવ્યા છે.

નેશનલ ડિઝાસ્ટર રિસ્ક રિડક્શન એન્ડ મેનેજમેન્ટ ઓથોરિટી અનુસાર, ચિતવન જિલ્લામાં સૌથી વધુ ૩૨૧ મૃતદેહો મળી આવ્યા છે, ત્યારબાદ નવલપરાસી પૂર્વમાં ૨૧૬, નવલપરાસી પશ્ચિમમાં ૧૭૦, નુવાકોટમાં ૯૫, ગોરખામાં ૬૫, ધાડિંગમાં ૫૭, રાસુવામાં ૪૧ અને તાનાહુનમાં ૩૮ મૃતદેહો મળી આવ્યા છે.નેપાળમાં પરિવારો પૂર પીડિતોની ઓળખ માટે સંઘર્ષ કરી રહ્યા છે.અહેવાલ છે કે પોખરાની એક સરકારી હોસ્પિટલમાં સ્થિત મૃતદેહ નંબર ૧૦૦૩ ની ઓળખ અંગે ત્રણ પરિવારો વચ્ચે મતભેદ છે. ત્રણેય પરિવારો દાવો કરે છે કે આ મૃતદેહ પૂર પછી ગુમ થયેલા પરિવારના સભ્યનો છે.

અયોધ્યામાં ટ્રસ્ટ બેઠક યોજાશે, પ્રથમ સીઈઓની નિમણૂક થઈ શકે છેઃ કૃષ્ણ મોહન જનરલ સેક્રેટરી રહેશે

બેઠકમાં ટ્રસ્ટના વહીવટી અને વ્યવસ્થાપન પ્રણાલીને લગતા અનેક મહત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવશે

લખનૌ,

શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટની મહત્વપૂર્ણ બેઠક ૨ સપ્ટેમ્બરના રોજ મણિ રામ દાસ છાવણી ખાતે યોજાશે. આ બેઠકમાં ટ્રસ્ટના વહીવટી અને વ્યવસ્થાપન પ્રણાલીને લગતા અનેક મહત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવશે. ટ્રસ્ટની નિયમિત બેઠક સાંજે ૪ વાગ્યે શરૂ થશે. આ પહેલા એક ખાસ બેઠક બોલાવવામાં આવે તેવી શક્યતા છે, જેમાં ખાલી જગ્યાઓ માટે નવા સભ્યોની પસંદગી અને મુખ્ય કાર્યકારી અધિકારીના નામ પર ચર્ચા થઈ શકે છે.

ટ્રસ્ટના સૂત્રોના જણાવ્યા અનુસાર, ડૉ. કૃષ્ણ મોહન હાલમાં મહાસચિવ તરીકે ચાલુ રહેશે. તેઓ હાલમાં વચગાળાના મહાસચિવ તરીકે સેવા આપી રહ્યા છે. ઓફર ચોરીની ઘટના બાદ, ભૂતપૂર્વ ટ્રસ્ટ મહાસચિવ ચંપત રાય અને ટ્રસ્ટી ડૉ. અનિલ મિશ્રાના રાજીનામાને કારણે બે પદ ખાલી પડ્યા હતા. વધુમાં, ટ્રસ્ટી બિમલેન્દ્ર મોહન પ્રતાપ મિશ્રાના મૃત્યુથી બીજી એક જગ્યા ખાલી પડી છે. આમ, ટ્રસ્ટમાં ત્રણ પદો માટે નવા સભ્યોની પસંદગી બાકી છે.

થલાપતિ વિજયે જાતે મેટ્ટુર ડેમના દરવાજા ખોલ્યા; કાવેરી નદીનું પાણી ૧૨ જિલ્લાના ખેડૂતો સુધી પહોંચશે

સાલેમ,

તમિલનાડુના મુખ્યમંત્રી સી. જોસેફ વિજયે મંગળવારે મેટ્ટુરમાં સ્ટેનલી જળાશયના દરવાજા ખોલ્યા અને કાવેરી ડેલ્ટા જિલ્લાઓમાં સિંચાઈ માટે પાણી છોડ્યું. વિજયે તેમના કેબિનેટ સાથીઓની હાજરીમાં બટન દબાવીને જળાશયના દરવાજા ખોલ્યા. ત્યારબાદ તેમણે કાવેરી નદીના પાણીના છોડને ચિહ્નિત કરીને વહેતા પાણી પર ફૂલોનો વરસાદ કર્યો. મુખ્યમંત્રી બન્યા પછી વિજયે ઐતિહાસિક મેટ્ટુર ડેમના દરવાજા ખોલ્યાનો આ પહેલો પ્રસંગ છે. રાજ્યના ડેલ્ટા પ્રદેશના ખેડૂતો માટે આ બંધને જીવનરેખા માનવામાં આવે છે. તેમણે બંધ સંકુલમાં ખેડૂતો સાથે ફોટોગ્રાફી પણ કરી. ખેડૂતો અને કૃષિનું પ્રતીક ગણાતી લીલી શાલ પહેરીને, વિજયે તેમની સાથે વાતચીત પણ કરી.

ચેન્નાઈથી ખાસ ફ્લાઈટ દ્વારા અહીં પહોંચ્યા બાદ, વિજય રોડ માર્ગે મેટ્ટુર પહોંચ્યા. મેટ્ટુર જતા સમયે, તેમણે રોડ શો કર્યો, લોકોનું સ્વાગત કર્યું અને તેમને હાથ હલાવ્યો. મુખ્યમંત્રીની એક ઝલક જોવા માટે રસ્તાની બંને બાજુ મોટી સંખ્યામાં લોકો લાઈનમાં ઉભા હતા.

બોગસ સોફ્ટવેરથી ટોલ વસુલીનું મહાકૌભાંડ : ઈડીના દેશવ્યાપી દરોડા

ઉત્તર પ્રદેશ, રાજસ્થાન, મધ્ય પ્રદેશ, કોલકતા, જમ્મૂ સહિત ૧૪ સ્થળોએ ઈડીની કાર્યવાહી

નવી દિલ્હી,

ઈડીએ એનએચએઆઈ ટોલ પ્લાઝા પ બોગસ વસૂલાત અને મની લોન્ડ્રીંગના મામલામાં દેશભરમાં જુદા-જુદા ૧૪ ઠેકાણે દરોડા કાર્યવાહી કરી છે. ઈડીએ ધન શોધન વિરોધી કાનુન અંતર્ગત આ કાર્યવાહી કરી છે. ઈડીએ આજે ઉત્તરપ્રદેશ, રાજસ્થાન, મહારાષ્ટ્ર, જમ્મુ, મધ્ય પ્રદેશ, એનસીઆર અને કોલકાતામાં અલગ-અલગ ઠેકાણે દરોડા પાડવામાં આવ્યા છે.

આ મામલે એવો સનસનીખેજ ખુલાસો થયો છે કે બોગસ સોફ્ટવેર બનાવી કરોડોનું કૌભાંડ આચરવામાં આવ્યું છે. આરોપીઓએ નેશનલ હાઈવે ઓથોરિટીના સમાંતર એક બોગસ સોફ્ટવેર બનાવીને કરોડો રૂપિયાની ગેરકાયદે વસૂલી કરી હતી.

યુપીએસટીએફે આ કૌભાંડનો ભાંડાફોડ કર્યો હતો. તપાસમાં બહાર આવ્યું હતું કે આરોપીઓએ ટોલ વસુલીના માત્ર પાંચ ટકા જ સરકારી રેકોર્ડમાં બતાવ્યા હતા અને બાકી ૯૫ ટકાનું કૌભાંડ થઈ રહ્યું હતું. ઈડીએ આ મામલામાં નોંધાયેલી એફઆઈઆરને ધ્યાનમાં લઈ મામલાની તપાસ શરૂ કરી હતી.

એફઆઈઆરમાં આરોપ લગાવવામાં આવ્યો છે કે બોગસ સોફ્ટવેરથી રસીદો બનાવીને કૌભાંડ આચરવામાં આવતું હતું. ટોલથી થયેલી કમાણીને અધિકૃત એકાઉન્ટીંગ સિસ્ટમની બહાર ડાયવર્ટ કરવામાં આવી હતી.

ગુજરાતમાં ગાંધી જયંતીથી લઈને અટલ બિહારી વાજપાયી જયંતી સુધી રિફૉર્મ ઉત્સવનું આયોજન

મુખ્યમંત્રીના સીધા નેતૃત્વ હેઠળ કાર્યરત સામાન્ય વહીવટ વિભાગે રિફૉર્મ ઉત્સવના અસરકારક આયોજન, સંચાલન, અમલીકરણ અને દેખરેખ માટે રાજ્ય કક્ષાની સમિતિની રચના કરી

ગાંધીનગર,

મુખ્યમંત્રીના સીધા નેતૃત્વ હેઠળ કાર્યરત સામાન્ય વહીવટ વિભાગે રિફૉર્મ ઉત્સવના અસરકારક આયોજન, સંચાલન, અમલીકરણ અને દેખરેખ માટે રાજ્ય કક્ષાની સમિતિની રચના કરી છે. આ સમિતિમાં સભ્યો તરીકે તમામ વિભાગોના અધિક મુખ્ય સચિવ/અગ્ર સચિવ/સચિવ રહેશે. જરૂરિયાત મુજબ અન્ય અધિકારીઓનો પણ સમિતિમાં સમાવેશ કરવામાં આવશે. આ ઉપરાંત; રિફૉર્મ ઉત્સવના સંકલન માટે રાજ્ય કક્ષાએ સામાન્ય વહીવટ વિભાગના અગ્ર સચિવ (વહિવટી સુધારણા અને તાલીમ પ્રભાગ – વસુતાપ્ર)ને નોડલ અધિકારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. આ સાથે જ; દરેક વહીવટી વિભાગ અને જિલ્લામાં પણ નોડલ અધિકારીની નિમણૂક કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે કે જેથી અભિયાનના દરેક તબક્કાની કામગીરી સુવ્યવસ્થિત રીતે આગળ વધે.

રિફૉર્મ ઉત્સવને માત્ર ગાંધીનગર કે રાજ્ય કક્ષાની પહેલ ન રાખતા તેને છેવાડાના નાગરિક સુધી પહોંચાડવા જિલ્લા કક્ષાએ પણ સમિતિની રચના કરવામાં આવી છે. જિલ્લા કક્ષાની સમિતિના અધ્યક્ષ તરીકે કલેક્ટરશ્રી અને સહ-અધ્યક્ષ તરીકે જિલ્લા વિકાસ અધિકારીશ્રી રહેશે. નિવાસી અધિક કલેક્ટર સહિત ખેતીવાડી, આરોગ્ય, સમાજ સુરક્ષા, બેન્કિંગ, વીજ કંપની અને અન્ય સંબંધિત વિભાગોના અધિકારીઓને પણ તેમાં સ્થાન આપવામાં આવ્યું છે.

ગાંધી જયંતી એટલે કે ૨ ઑક્ટોબરથી રિફૉર્મ ઉત્સવનો મુખ્ય તબક્કો શરૂ થશે. તેમાં દરેક પંચાયતમાં 'જન મંથન સભા' યોજાશે. આ સભામાં વરિષ્ઠ મહાનુભાવોના સંબોધન સાથે નાગરિકોને રિફૉર્મ ઉત્સવ અંગે જાગૃત કરવામાં આવશે. નાગરિકોને સ્થળ પર જ પોતાના સૂચનો રજૂ કરી શકાય તે માટે માય ભારત વોલન્ટિયર્સ અને કોમન સર્વિસ સેન્ટર મારફતે હેલ્પ ડેસ્ક પણ કાર્યરત કરવામાં આવશે.

ઑક્ટોબર દરમિયાન વૉર્ડ સભા, જનસભા, રેલી, વૉકેથોન, સાયકલ અને બાઇક રેલી, શેરી નાટક, કૅમ્પસ આઉટરીચ, મહિલા સ્વસહાય જૂથો, એફપીઆઇ, વેપારી મંડળો, સહકારી સંસ્થાઓ, હોસ્પિટલ, ઔદ્યોગિક એકમો અને હાઉસિંગ સોસાયટીઓ સહિત વિવિધ સ્તરે જનજાગૃતિ પ્રવૃત્તિઓ હાથ ધરાશે. આશા, એએનએમ અને આંગણવાડી કાર્યકરો દ્વારા ઘર-ઘર સંપર્ક કરીને પણ લોકો સુધી અભિયાનનો સંદેશ પહોંચાડાશે.

સુરતમાં જાણીતા જમીન દલાલ અને બિલ્ડર ફૈઝલ ફટ્ટાની જાહેરમાં છરીના ઘા ઝીંકી હત્યા

સુરતમાં ફરીવાર કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સામે સવાલો ઉઠે તવો કિસ્સો સામે આવ્યો!

સુરત,

શહેરમાં ફરી એકવાર તેવી ઘટના બનવા પામી છે જેના કારણે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સામે સવાલો ઉઠે. શહેરમાં આવેલા ચંદ્રશેખર આઝાદ બ્રિજ પરથી મોપેડ પર પસાર થઈ રહેલા જાણીતા જમીન દલાલ અને બિલ્ડર ફૈઝલ ફટ્ટા પર અજાણ્યા હુમલાખોરોએ ચપ્પુ વડે હુમલો કરી હત્યા કરી નાખી હતી.

આ ઘટના મામલે મળતી માહિતી મુજબ, અડાજણ પાટિયા વિસ્તારમાં આવેલી અલનૂર રેસિડેન્સીમાં પરિવાર સાથે રહેતા ૪૮ વર્ષીય ફૈઝલ ફટ્ટા જમીન દલાલી અને કન્સ્ટ્રક્શનના વ્યવસાય સાથે સંકળાયેલા હતા. તેઓ મોપેડ લઈને ચંદ્રશેખર આઝાદ બ્રિજ પરથી પસાર થઈ રહ્યા હતા, ત્યારે અજાણ્યા શખ્સોએ તેમનો રસ્તો અટકાવ્યો હતો. ફૈઝલ કંઈ સમજે તે પહેલાં જ હુમલાખોરોએ તેમના પર તીક્ષ્ણ ચપ્પુ વડે ઉપરાછાપરી ઘા ઝીંક્યા હતા. પેટ, છાતી અને હાથ સહિત શરીરના વિવિધ ભાગે ગંભીર ઈજાઓ થતાં તેઓ લોહીલુહાણ હાલતમાં રસ્તા પર ઢળી પડ્યા હતા. હુમલાખોરો ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયા હતા.

આ બનાવની ખબર મળતાજ આસપાસના લોકો મોટી એકઠા થઈ ગયા હતા અને ગંભીર રીતે ઈજાગ્રસ્ત ફૈઝલને તાત્કાલિક સારવાર માટે સ્મીમેર હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જોકે, ફરજ પરના તબીબોએ તપાસ બાદ તેમને મૃત જાહેર કર્યા હતા. ઘટનાના પગલે પરિવારજનો અને મિત્રવર્તુળમાં શોકનો માહોલ છવાઈ ગયો હતો.

માતાજીના ભુવા બની સિનિયર સિટીઝનને ફસાવતા મદારી ગેંગના ૨ સભ્યો ઝડપાયા

૫૦ વર્ષથી વધુ ઉંમરના લોકો અને મંદિરે દર્શન કરવા જતા સિનિયર સિટીઝનને નિશાન બનાવતા હતા

અમદાવાદ,

લોકોની સુરક્ષા માટે અમદાવાદ પોલીસ એલર્ટ મોડમાં કામગીરી કરી રહી છે તેનો વધુ એક પુરાવો જોવા મળ્યો છે જેમાં એલસીબી ઝોન-૭ની ટીમે સિનિયર સિટીઝનને ધાર્મિક વિધિ અને માતાજીના આશીર્વાદના નામે વાતોમાં ફસાવી સોનાના દાગીના પડાવી લેતી કથિત મદારી ગેંગનો પર્દાફાશ કર્યો છે. પોલીસે ગેંગના બે આરોપીઓની ધરપકડ કરી તેમની પાસેથી ગુનામાં સંડોવાયેલો મુદ્દામાલ કબજે કર્યો છે. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે, આરોપીઓ ખાસ કરીને ૫૦ વર્ષથી વધુ ઉંમરના લોકો અને મંદિરે દર્શન કરવા જતા સિનિયર સિટીઝનને નિશાન બનાવતા હતા.

આ કેસનો બનાવ ૩૦ મે, ૨૦૨૬ના રોજ વટવા વિસ્તારમાં મહાલક્ષ્મી તળાવ પાસે બન્યો હતો. વટવા વૉર્ડ સબ-ઝોનલ ઓફિસમાં સફાઈ કર્મચારી તરીકે ફરજ બજાવતા ૫૫ વર્ષીય ગીતાબેન ચૌહાણ મહાલક્ષ્મી તળાવ નજીક ચોઈસ ફાસ્ટ ફૂડ પાસે રસ્તાની સફાઈ કરી રહ્યા હતા. આ દરમિયાન સવારે આશરે ૯.૩૦ વાગ્યે ત્રણ વ્યક્તિઓ ઓટોરિક્ષામાં ત્યાં આવ્યા હતા.

ત્રણ પૈકી એક વ્યક્તિએ સફેદ શર્ટ પહેર્યો હતો અને તેણે ગીતાબેનને પોતે ખોડિયાર માતાનો 'ભુવા' હોવાનું કહી વાતચીત શરૂ કરી હતી. આરોપીએ નિકોલમાં આવેલા ખોડિયાર માતાના મંદિરનો રસ્તો પૂછ્યો હતો.

વરસાદ ખેંચાતા ખેડૂતોની મુશ્કેલી વધી : સૌરાષ્ટ્ર બાદ હવે ઉત્તર ગુજરાતને દુષ્કાળગ્રસ્ત જાહેર કરવા માગ

સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં નહિવત વરસાદ નોંધાતા અનેક વિસ્તારોમાં પાણીની અછતની સ્થિતિ : મુખ્યમંત્રીને પત્ર લખી રજૂઆત

અમદાવાદ,

ગુજરાતમાં વરસાદ ખેંચાતા ખેડૂતોની મુશ્કેલી વધી રહી છે. હવામાન વિભાગની આગાહી મુજબ આગામી દિવસોમાં રાજ્યમાં હળવો વરસાદી માહોલ રહેવાની શક્યતા છે. ખાસ કરીને સૌરાષ્ટ્ર અને કચ્છના કેટલાક વિસ્તારોમાં છૂટાછવાયા વરસાદી ઝાપટાં પડી શકે છે. ભેજનું પ્રમાણ વધતાં રાજ્યના અનેક વિસ્તારોમાં વાદળછાયું વાતાવરણ રહેવાની સંભાવના છે. અમદાવાદ સહિતના વિસ્તારોમાં પણ વાદળછાયું વાતાવરણ યથાવત રહી શકે છે. આ દરમિયાન પવન ૧૫થી ૨૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે ફૂંકાવાની શક્યતા છે.

બીજી તરફ, રાજ્યમાં વરસાદની અછતને પગલે સૌરાષ્ટ્ર બાદ હવે ઉત્તર ગુજરાતને પણ દુષ્કાળગ્રસ્ત જાહેર કરવાની માગ ઉઠી છે. સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં નહિવત વરસાદ નોંધાતા અનેક વિસ્તારોમાં પાણીની અછતની સ્થિતિ સર્જાઈ હોવાનું રજૂઆતમાં જણાવાયું છે.

આ મુદ્દે વિધાનસભા કૉંગ્રેસ પક્ષના નેતાએ મુખ્યમંત્રીને પત્ર લખી સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના તમામ તાલુકાઓને દુષ્કાળગ્રસ્ત જાહેર કરવાની માગ કરી છે. અગાઉ સૌરાષ્ટ્રના જામનગર, પોરબંદર, દેવભૂમિ દ્વારકા, અમરેલી અને જૂનાગઢ સહિતના વિસ્તારોને પણ દુષ્કાળગ્રસ્ત જાહેર કરવાની માગ કરવામાં આવી હતી.

વરસાદના અભાવે ખરીફ પાકને મોટું નુકસાન થયું હોવાનો દાવો કરવામાં આવ્યો છે. ખેડૂતોને રાહત આપવા માટે તાત્કાલિક પાક નુકસાનીનો સર્વે કરાવી વિશેષ આર્થિક સહાય પેકેજ જાહેર કરવાની માગ કરવામાં આવી છે. સાથે જ ખેડૂતોની ચાલુ વર્ષની કૃષિ લોનનું વ્યાજ માફ કરવા અને લોનની વસૂલાત મુલતવી રાખવાની રજૂઆત કરવામાં આવી છે.

દુષ્કાળની સ્થિતિને ધ્યાનમાં રાખીને ગ્રામ્ય વિસ્તારોમાં પશુધનને બચાવવા માટે વિના મૂલ્યે ઘાસચારા ડેપો તાત્કાલિક શરૂ કરવાની માગ પણ કરવામાં આવી છે. ભૂગર્ભ જળસ્તર ઊંડું જતાં સર્જાયેલી પાણીની સમસ્યાને પહોંચી વળવા માટે જરૂરિયાતવાળા વિસ્તારોમાં ટેન્કરો મારફતે પીવાનું પાણી પૂરું પાડવાની પણ રજૂઆત કરવામાં આવી છે.

દહેગામમાં સગીરા સાથેના દુષ્કર્મ કેસમાં આરોપીને ૨૦ વર્ષની કેદ

ગાંધીનગર,

દહેગામ પોલીસ સ્ટેશનની હદમાં બનેલ સગીરા સાથેના દુષ્કર્મ કેસમાં ગાંધીનગરની સ્પેશ્યલ પોક્સો કોર્ટે આરોપીને ૨૦ વર્ષની સખત કેદની સજા ફટકારી અને ૩૦ હજારના દંડનો હુકમ કર્યો છે.

આ કેસની વિગત મુજબ, બનાવ સમયે ભોગ બનનાર સગીરાની ઉંમર માત્ર ૧૩ વર્ષ અને ૧૦ માસ હતી. ૨૬ જૂન ૨૦૨૧ના રોજ સગીરાને લલચાવી-ફોસલાવી તેના કાયદેસરના વાલીપણામાંથી ભગાડી લઈ જવામાં આવી હતી. આરોપી અલ્પેશ ઉર્ફે આર્યન અર્ટિગા કાર લઈને આવ્યો હતો અને અન્ય આરોપી તથા સગીરાને કારમાં બેસાડી જુદી જુદી જગ્યાએ લઈ ગયો હતો. અન્ય સાહેદના ઘરે રોકાવાની વ્યવસ્થા કરી આપીને ગુનામાં મદદગારી કરી હોવાનો આરોપ હતો.

આ કેસમાં અન્ય આરોપી દ્વારા સગીરા સાથે વારંવાર શારીરિક સંબંધ બાંધવામાં આવ્યા હોવાનું તપાસમાં સામે આવ્યું હતું. સમગ્ર મામલે દહેગામ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયા બાદ તપાસ પૂર્ણ કરી ચાર્જશીટ ગાંધીનગરની સ્પેશ્યલ પોક્સો કોર્ટમાં રજૂ કરવામાં આવી હતી.

કેસની સુનાવણી એડિશનલ સેશન્સ જજ એસ.વી. શર્માની કોર્ટમાં ચાલી હતી. સરકાર તરફથી સરકારી વકીલ શ્રી સુનિલ એસ. પંડ્યાએ ધારદાર દલીલો કરી આરોપીને સખતમાં સખત સજા કરવાની માગ કરી હતી. ભોગ બનનારની નાની ઉંમર અને ગુનાની ગંભીરતાને ધ્યાનમાં લઈ સમાજમાં દાખલો બેસે તેવી સજા કરવાની રજૂઆત કરવામાં આવી હતી.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની વડોદરા મુલાકાતને પગલે શહેરમાં સ્વચ્છતા અભિયાનનો પ્રારંભ

સમગ્ર સપ્તાહ દરમિયાન શહેરના તળાવો, મંદિરો, જાહેર સ્થળો અને ઐતિહાસિક સ્થળોની સફાઈ કરવામાં આવશે

વડોદરા,

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની આગામી ૮ સપ્ટેમ્બરની વડોદરા મુલાકાતને પગલે શહેરમાં સ્વચ્છતા અભિયાનને વેગ આપવામાં આવ્યો છે. વડોદરા મહાનગરપાલિકા અને શહેર ભાજપના સંયુક્ત ઉપક્રમે 'સ્વચ્છતા સપ્તાહ'નો પ્રારંભ કરવામાં આવ્યો છે. સમગ્ર સપ્તાહ દરમિયાન શહેરના તળાવો, મંદિરો, જાહેર સ્થળો અને ઐતિહાસિક સ્થળોની સફાઈ કરવામાં આવશે.

આ અભિયાનની શરૂઆત આજવારોડ સ્થિત કમલાનગર તળાવ ખાતેથી કરવામાં આવી

હતી. કાર્યક્રમમાં મેયર ગીતાબેન મકવાણા, મ્યુનિસિપલ કમિશનર અરુણ મહેશ બાબુ, શહેર ભાજપ પ્રમુખ ડૉ. જયપ્રકાશ સોની સહિત કાઉન્સિલરો, વિવિધ સંસ્થાઓના પ્રતિનિધિઓ, એનજીઓ કાર્યકરો અને વિદ્યાર્થીઓ જોડાયા હતા. ઉપસ્થિત લોકોએ તળાવ તેમજ આસપાસના વિસ્તારમાંથી કચરો દૂર કરી સફાઈ કરી હતી. 'સ્વચ્છતા સપ્તાહ' દરમિયાન માત્ર તળાવ પૂરતું અભિયાન મર્યાદિત નહીં રહે. શહેરના જાહેર માર્ગો, શૈક્ષણિક સંસ્થાઓ, મંદિરો અને ઐતિહાસિક સ્થળોએ પણ સફાઈ કામગીરી હાથ ધરવામાં આવશે.

પ્રશાંત સિંહ સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા પ્રાદેશિક કેન્દ્રના પ્રાદેશિક નિયામક તરીકે નિયુક્ત

ગાંધીનગર,

પ્રશાંત સિંહની SAI પ્રાદેશિક કેન્દ્ર ગાંધીનગરના પ્રાદેશિક નિયામક (Regional Director) તરીકે નિમણૂક કરવામાં આવી છે, જેઓ ગુજરાત અને રાજસ્થાનમાં સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયાની પ્રાદેશિક કામગીરી માટે જવાબદાર રહેશે

લખનઉ, ઉત્તર પ્રદેશના વતની પ્રશાંત સિંહ રમતગમતના નીતિ-નિયમો અને કાર્યક્રમોના અમલીકરણ, રમતવીરોનો વિકાસ, મુખ્ય રમતગમતની ઈવેન્ટ્સ, સ્પોર્ટ્સ સાયન્સ અને એથ્લેટ સપોર્ટ સિસ્ટમ્સ, સ્પોર્ટ્સ કોમ્યુનિકેશન્સ, જાહેર જોડાણ અને સંસ્થાકીય વિકાસ સહિત ભારતના રમતગમત ક્ષેત્રના વિવિધ ક્ષેત્રોમાં કામ કરવાનો ૧૦ વર્ષથી વધુનો અનુભવ ધરાવે છે.

પ્રશાંત સિંહ તેમની શરૂઆતથી જ ખેલો ઈન્ડિયા સ્કીમ સાથે નજીકથી જોડાયેલા રહ્યા છે, જેમાં ૨૦૧૮માં પ્રથમ વખત રમાયેલી ખેલો ઈન્ડિયા સ્કૂલ ગેમ્સનો પ્રારંભ અને સંચાલન સમાવિષ્ટ છે. વિવિધ કાર્યકારી ક્ષમતાઓમાં ખેલો ઈન્ડિયા ગેમ્સની ૧૦ થી વધુ આવૃત્તિઓ અને ૩ દ્દમી નેશનલ ગેમ્સમાં કામ કરી ચૂક્યા હોવાથી, તેમણે બહુવિધ રમતગમતની રાષ્ટ્રીય ઈવેન્ટ્સના આયોજન અને સંચાલન માટેની સિસ્ટમ્સ અને SOPs ના વિકાસમાં યોગદાન આપ્યું છે.

પસંદગીની રમતગમતમાં તેમના અનુભવમાં ટાર્ગેટ ઓલિમ્પિક પોડિયમ સ્કીમ (TOPS) અને ઓલિમ્પિક સેલ અંતર્ગત મહત્વપૂર્ણ જવાબદારીઓનો સમાવેશ થાય છે, જેમાં ઓલિમ્પિક રમતોમાં ઉચ્ચ મેડલ ક્ષમતા ધરાવતી રમત શાખાઓ પર ધ્યાન કેન્દ્રિત કરતી પ્રાયોરિટી ઓલિમ્પિક ડિસિપ્લિન પરનું કામ સામેલ છે.

નિયમિત કર્મચારીઓને પ્રમોશન અને બેરોજગાર યુવાનો માટે તાત્કાલિક ભરતી શરૂ કરો :કૉંગ્રેસ

ગુજરાતમાં નિવૃત્તિ બાદ ફરીથી સરકારી, અર્ધસરકારી અને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં નોકરી કરતા કર્મચારીઓ અને અધિકારીઓ અંગે રાજ્ય સરકાર તાકિદે શ્વેતપત્ર જાહેર કરે

અમદાવાદ,

ગુજરાત પ્રદેશ કૉંગ્રેસ સમિતિના પ્રવક્તા અને મીડિયા કોઓર્ડિનેટર હેમાંગ રાવલે જણાવ્યું હતું કે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં નિવૃત્તિ બાદ અધિકારીઓ અને કર્મચારીઓને ફરીથી કોન્ટ્રાક્ટ પદ્ધતિથી નોકરીમાં રાખવાના મામલે ઊંથી ચોંકાવનારી વિગતો સામે આવી છે. હવે આ મુદ્દો માત્ર અમદાવાદ પૂરતો મર્યાદિત રહ્યો નથી. ગુજરાતમાં નિવૃત્તિ બાદ ફરીથી સરકારી, અર્ધસરકારી અને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં નોકરી કરતા કર્મચારીઓ અને અધિકારીઓ અંગે રાજ્ય સરકાર શ્વેતપત્ર જાહેર કરે તેવી માંગ કરવામાં આવી છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં આરટીઆઈ દ્વારા પ્રાપ્ત માહિતી પ્રમાણે વર્ષ ૨૦૨૩-૨૪, ૨૦૨૪-૨૫ અને ૨૦૨૫-૨૬ દરમિયાન નિવૃત્ત થયેલા ૨૧૦થી વધુ કર્મચારીઓ અને અધિકારીઓને ફરીથી કોન્ટ્રાક્ટ આધારિત નોકરીમાં લેવામાં આવ્યા છે. આ તો માત્ર ત્રણ વર્ષનો આંકડો છે. વર્ષ ૨૦૧૫થી અત્યાર સુધીની સમગ્ર સ્થિતિ જોવામાં આવે તો અમદાવાદમાં જ એક હજારથી વધુ નિવૃત્ત કર્મચારીઓ અને અધિકારીઓ નિવૃત્તિ બાદ પણ કોર્પોરેશનમાં કોઈને કોઈ રીતે કામગીરી કરી રહ્યા હોવાની માહિતી સામે આવી રહી છે. કેટલાક કિસ્સાઓમાં તો ૨૦૧૫માં નિવૃત્ત થયેલા અધિકારીઓ વર્ષ ૨૦૨૬માં પણ કોર્પોરેશનમાં કામગીરી કરી રહ્યા હોવાનું જાણવા મળ્યું છે.

હેમાંગ રાવલે જણાવ્યું હતું કે અમદાવાદમાં જો આવી સ્થિતિ હોય તો સમગ્ર ગુજરાતની મહાનગરપાલિકાઓ, નગરપાલિકાઓ, જિલ્લા પંચાયતો, રાજ્ય સરકારના વિભાગો, બોર્ડ-નિગમો અને અન્ય સરકારી સંસ્થાઓમાં શું સ્થિતિ હશે તેની કલ્પના કરી શકાય છે.

સુરતમાં રોગચાળાએ લીધો અજગરભરડો : તાવના કારણે આઠ વર્ષીય માસૂમ બાળકી સહિત કુલ ત્રણ લોકોના મોત

સુરતમાં માત્ર એક જ મહિનામાં ૨૧ જેટલા લોકોએ પોતાના જીવ ગુમાવ્યા

સુરત,

સુરત શહેરમાં હાલ રોગચાળાએ અજગરભરડો લીધો છે. છેલ્લા કેટલાક દિવસોથી બદલાતા હવામાન વચ્ચે શહેરમાં વાયરલ ઈન્ફેક્શન, ડેન્ગ્યુ અને મેલેરિયા જેવા તાવના કેસોમાં ચિંતાજનક રીતે ઉછાળો જોવા મળી રહ્યો છે. સરકારી અને ખાનગી હોસ્પિટલો દર્દીઓથી ઉભરાઈ રહી છે, ત્યારે આ જીવલેણ રોગચાળાએ હવે નિર્દોષ લોકોનો ભોગ લેવાનું શરૂ કરી દીધું છે. સુરતમાં તાવના કારણે આઠ વર્ષીય માસૂમ બાળકી સહિત કુલ ત્રણ લોકોના કરુણ મોત નિપજતા સમગ્ર શહેરમાં અરેરાટી સાથે ફફડાટ વ્યાપી ગયો છે.

સુરતમાં ઓગસ્ટ મહિના દરમિયાન રોગચાળાએ ભારે દહાડો લીધો છે, જેના કારણે માત્ર એક જ મહિનામાં ૨૧ જેટલા લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે. સિવિલ અને સ્મીમેર હોસ્પિટલમાં ડેન્ગ્યુ, મેલેરિયા, ગેસ્ટ્રો, તાવ અને ટાઈફોડ જેવા રોગોના ૨૩૦૦થી વધુ દર્દીઓ નોંધાયા છે, જ્યારે ખાનગી હોસ્પિટલોમાં પણ દર્દીઓનો ભારે ધસારો જોવા મળી રહ્યો છે. લસકાણાની એક યુવતીનું ડેન્ગ્યુથી, ટાઈફોઈડના નિદાન બાદ એક યુવાનનું અને પાંડેસરાની ૮ વર્ષની બાળકી લક્ષ્મીનું તાવમાં કમનસીબ મોત નિપજ્યું છે. આવી ગંભીર સ્થિતિ હોવા છતાં સુરત મનપાનું આરોગ્ય તંત્ર હજુ પણ આરામના મૂડમાં હોય તેવું લાગી રહ્યું છે, જેથી સામાન્ય પ્રજા ભારે હાલાકી ભોગવી રહી છે.

આ વકરતા રોગચાળાનો ભોગ બની છે સુરતની આઠ વર્ષીય વિદ્યાર્થીની લક્ષ્મી... રમવાની અને ભણવાની ઉંમરે આ નાનકડી બાળકીએ કાળનો કોળિયો બનવું પડ્યું છે. પ્રાપ્ત માહિતી અનુસાર, લક્ષ્મી છેલ્લા બે દિવસથી અચાનક જ સખત તાવમાં સપડાઈ હતી. શરૂઆતમાં પરિવારજનોને આ સામાન્ય વાયરલ તાવ લાગ્યો હતો, પરંતુ ગણતરીના કલાકોમાં જ તેની તબિયત વધુ લથડવા માંડી હતી. બાળકીની ગંભીર સ્થિતિને જોતા પરિવારજનો તેને તાત્કાલિક વધુ સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં લઈ ગયા હતા.

હોસ્પિટલમાં તબીબો દ્વારા લક્ષ્મીને બચાવવાના સઘન પ્રયાસો હાથ ધરવામાં આવ્યા હતા, પરંતુ તાવની અસર એટલી હદે જીવલેણ સાબિત થઈ કે સારવાર દરમિયાન જ હોસ્પિટલના બિછાને લક્ષ્મીએ અંતિમ શ્વાસ લીધા હતા.

અમદાવાદ : એક લાખથી વધુ વાહનચાલકોને વાડજ સર્કલના ભારે ટ્રાફિકજામમાંથી કાયમી મુક્તિ મળશે

વાડજ સર્કલ નજીક નવો ફોર લેન ફ્લાયઓવર બનીને તૈયાર, સપ્ટેમ્બર મહિનાના બીજા અઠવાડિયામાં લોકાર્પણ કરવાની તૈયારીઓ

અમદાવાદ,

અમદાવાદના વાડજ સર્કલ નજીક છેલ્લા ત્રણ વર્ષથી ચાલી રહેલી કામગીરી બાદ નવો ૭૦૦ મીટરથી વધુ લાંબો ફોર-લેન ફ્લાયઓવર બ્રિજ બનીને સંપૂર્ણ તૈયાર છે. છસ્ઝ દ્વારા આ સંપૂર્ણ પ્રોજેક્ટનું અંદાજિત આયોજન રૂ. ૧૦૭ કરોડનું હતું, જેમાંથી રૂ. ૭૦ કરોડના ખર્ચે હાલ આ ફ્લાયઓવર બ્રિજ તૈયાર કરવામાં આવ્યો છે અને મનપા દ્વારા સપ્ટેમ્બર મહિનાના બીજા અઠવાડિયામાં તેનું લોકાર્પણ કરવાની તૈયારીઓ ચાલી રહી છે.

આ બ્રિજ શરૂ થવાથી ઉસ્માનપુરા, રાણીપ, આશ્રમ રોડ, ભીમજીપુરા અને શાહીબાગ વચ્ચેની કનેક્ટિવિટી ખૂબ જ સરળ બની જશે. તેના પરિણામે રોજના ૧ લાખથી વધુ વાહનચાલકોને વાડજ સર્કલના ભારે ટ્રાફિક જામમાંથી કાયમી મુક્તિ મળશે. આ ફ્લાયઓવર બ્રિજ કાર્યરત થયા બાદ, ભવિષ્યમાં ટ્રાફિક વ્યવસ્થાને વધુ સુદ્રઢ કરવા માટે દધીજી બ્રિજથી ભીમજીપુરા તરફ એક નવો અંડરપાસ બનાવવામાં આવશે.

ટ્રાફિકની સમસ્યા હલ કરવા માટે આજથી ત્રણ વર્ષ પહેલાં આ બ્રિજની કામગીરી શરૂ કરવામાં આવી હતી. AMC દ્વારા અંદાજિત રૂ. ૧૦૭ કરોડના ખર્ચે આ સમગ્ર પ્રોજેક્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત હાલમાં રૂ. ૭૦ કરોડના ખર્ચે ૭૦૦ મીટરથી વધુ લાંબો આ શાનદાર ફોર લેન ફ્લાયઓવર બ્રિજ બનીને તૈયાર થઈ ગયો છે. મનપા દ્વારા સપ્ટેમ્બર મહિનાના બીજા અઠવાડિયામાં આ બ્રિજનું લોકાર્પણ કરીને તેને જનતા માટે ખુલ્લો મૂકવામાં આવે તેવી પૂરજોશમાં તૈયારીઓ ચાલી રહી છે.

ગારિયાધાર પરવડી નજીક અકસ્માતમાં યુવકને ઈજા

ભાવનગર,તા.૦૨

ગારિયાધાર ખાતે રહેતા ગનીભાઈ કરીમભાઈ મુસાણીએ ગારિયાધાર પોલીસ મથકમાં કાર ચાલક (જીજે-૦૪-ડીએ-૮૨૨૭) સામે ફરિયાદ નોંધાવી હતી. જેમાં ગત રોજ સવારે તેઓ તેમના મિત્ર હિતેશભાઈ સાથે પાલિતાણાથી શાકભાજી ભરીને લોડિંગ વાહનમાં આવતા હતા ત્યારે ગારિયાધાર પરવડી રોડ પર સામેથી આવતી કારે તેમની સાથે અકસ્માત સર્જી તેમને ઈજા પહોંચાડી હતી. આ અંગે ગારિયાધાર પોલીસે ગુનો નોંધ્યો છે.

ગઢડામાં ફ્રી-ફાયર ગેમની બાબતે યુવક અને તેના ભાઈ પર હુમલો

ભાવનગર,તા.૨

મહુવા તાલુકાના ગઢડા ગામે ફ્રી-ફાયર (Free Fire) ગેમ રમવા જેવી બાબતે થયેલી બોલાચાલીમાં બે ભાઈઓ પર લોખંડના પાઈપ વડે હુમલો કરવામાં આવ્યો હોવાનો બનાવ સામે આવ્યો છે. ગઢડા ગામે રહેતા ઉમેશભાઈ ગોરધનભાઈ જોળીયાના ભાઈ ફોનમાં ફ્રી-ફાયર ગેમ રમી રહ્યા હતા ત્યારે પ્રવિણ શિયાળ નામના શખ્સે વગર કારણે તેમને ફોનમાં અપશબ્દો કહી માથાકૂટ કરી હતી. ત્યારબાદ પ્રવિણ શિયાળ, સુરેશ જગદીશભાઈ શિયાળ, વિજય સવજીભાઈ સિંગડ, અજય મનસુખભાઈ સિંગડ અને નકેશ રણછોડભાઈ મકવાણાએ એકસંપ થઈ ઉમેશભાઈ તથા તેમના ભાઈ પર લોખંડના પાઈપ વડે હુમલો કરી માર માર્યો હતો.આ બનાવ અંગે ઉમેશભાઈ જોળીયાએ મહુવા પોલીસ મથકમાં પાંચેય આરોપીઓ સામે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પાલિતાણામાં બંધ મકાનમાંથી સોના-ચાંદીના દાગીના અને મૂર્તિઓ ચોરાઈ

ભાવનગર,તા.૨

પાલિતાણાની રામ સોસાયટીમાં તસ્કરોએ એક બંધ મકાનને નિશાન બનાવી તિજોરીમાંથી સોના-ચાંદીના ઘરેણાં અને ભગવાનની ચાંદીની મૂર્તિઓ સહિત રૂ. ૧.૦૩ લાખથી વધુના મુદ્દામાલની ચોરી કરી હોવાનો બનાવ સામે આવ્યો છે. મળતી માહિતી મુજબ, રામ સોસાયટીમાં રહેતા કાનજીભાઈ દેવજીભાઈ જીવાણી ગત તા. ૨૭ ઓગસ્ટે પોતાના ઘરને તાળું મારી પત્ની સાથે માનપુર ગામે સાસરીમાં ગયા હતા. દરમિયાન તા. ૨૯ ઓગસ્ટે સવારે પરત ફરતાં ઘરના મુખ્ય દરવાજાનો નકૂચો તૂટેલો જણાયો હતો. અંદર તપાસ કરતા અજાણ્યા તસ્કરોએ દિવાલ કબાટ અને તિજોરી તોડીને તેમાં રાખેલા સોના-ચાંદીના દાગીના તથા ચાંદીની મૂર્તિઓ મળી કુલ રૂ. ૧,૦૩,૦૧૦ ની મત્તા ચોરી લીધી હોવાનું માલૂમ પડ્યું હતું.આ બનાવ અંગે કાનજીભાઈની ફરિયાદના આધારે પાલિતાણા ટાઉન પોલીસે અજાણ્યા શખ્સો સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

કેરિયામાં દીકરીએ કરેલો કેસ પાછો ખેંચવા આધેડને અપશબ્દો કહી ધમકી

ભાવનગર,તા.૨

ઉમરાળા તાલુકાના કેરિયા ગામે રહેતા આધેડને તેમની દીકરીએ કરેલો કેસ પાછો ખેંચી લેવા બાબતે અપશબ્દો કહી ધાકધમકી આપવામાં આવી હોવાનો બનાવ સામે આવ્યો છે.કેરિયા ગામે રહેતા વિનોદભાઈ ભીખાભાઈ રાઠોડે આ અંગે ગામના જ ભગીરથસિંહ લાલુભા ગોહિલ સામે ઉમરાળા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં જણાવ્યા મુજબ, વિનોદભાઈની દીકરીએ ભગીરથસિંહ સામે અગાઉ કાયદેસરનો કેસ કરેલો હતો. આ કેસ પાછો ખેંચી લેવા માટે ભગીરથસિંહે વિનોદભાઈને ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બનાવ અંગે ઉમરાળા પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ભાવ.પરા યાર્ડની થશે કાયાપલટ-૧૨૫ કરોડ મંજૂર: રેલવે પરિચાલન ક્ષમતા વધશે

પશ્ચિમ રેલવે દ્વારા વિશાળ અપગ્રેડેશન પ્રોજેક્ટને લીલી ઝંડી; નવા પ્લેટફોર્મ, ફૂટ ઓવર બ્રિજ, ૪ લૂપ લાઈનો અને અંડરપાસનું નિર્માણ થશે

ભાવનગર,તા.૨

ભાવનગર વિસ્તારમાં રેલ પરિચાલન ક્ષમતાને વધુ મજબૂત બનાવવા અને મુસાફરોને સુગમ યાતાયાત ઉપલબ્ધ કરાવવાના હેતુથી પશ્ચિમ રેલવે દ્વારા એક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. રેલવે બોર્ડ દ્વારા ભાવનગર પરા યાર્ડના વ્યાપક રિમોડેલિંગ અને આધુનિકીકરણ માટે રૂ. ૧૨૫ કરોડના ખર્ચની મહત્વાકાંક્ષી પરિયોજનાને મંજૂરી આપવામાં આવી છે.

મંડળ રેલ પ્રબંધક દિનેશ વર્મા અને વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક અતુલ કુમાર

ત્રિપાઠીએ જણાવ્યું હતું કે, આ પ્રોજેક્ટ પૂર્ણ થતાં જ ભાવનગર ટર્મિનસ પરથી પરિચાલનનું દબાણ ઘટશે અને ટ્રેનોની સમયબદ્ધતામાં મોટો સુધારો થશે. આ સાથે જ ભવિષ્યમાં ભાવનગરથી વધુ નવી ટ્રેનો દોડાવવા માટે જરૂરી માળખાગત ક્ષમતા પણ વિકસિત થશે. આ આધુનિકીકરણથી ભાવનગરના રેલવે માળખાને નવી ઊંચાઈ મળશે અને મુસાફરોને આધુનિક સુવિધાઓનો સીધો લાભ મળશે.

પરિયોજના અંતર્ગત હાથ ધરાનારા મુખ્ય કાર્યો

યાત્રી સુવિધાઓ: એક નવું પ્લેટફોર્મ બનાવવામાં આવશે તથા હાલના પ્લેટફોર્મને પહોળું કરાશે. મુસાફરોના આવાગમન માટે નવો ફૂટ ઓવર બ્રિજ (FOB) અને જૂના બ્રિજનું વિસ્તરણ કરવામાં આવશે. પરિચાલન ક્ષમતા: રેલ વ્યવહારને સુવ્યવસ્થિત કરવા ૪ નવી લૂપ લાઈનો અને ૧ નવી એન્જિન રિવર્સલ લાઈન તૈયાર કરાશે. ટ્રેનોના સ્ટેબ્લિંગ અને મેન્ટેનન્સનું કામ પરા યાર્ડ ખાતે સ્થાનાંતરિત કરાશે. રોડ ટ્રાફિક રાહત: માર્ગ વાહન વ્યવહારને સરળ બનાવવા માટે નવા રેલ અંડરપાસ (RUB) નું નિર્માણ કરવામાં આવશે.

ચાવડી ગેટ પાસે ભંગારના વ્યવસાય બાબતે દંપતીને ઢોરમાર માર્યો

પાડોશમાં રહેતા બે શખ્સો સામે નિલમબાગ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવાઈ

ભાવનગર,તા.૨

શહેરના ચાવડી ગેટ, રામાપીરના મંદિર પાસે રહેતા રીનાબેન અને તેમના પતિ વિશાલભાઈ યાદવ પર પાડોશમાં રહેતા બે ભાઈઓએ હુમલો કરી ઢોરમાર માર્યાનો બનાવ સામે આવ્યો છે. મંગળવારે સવારે દસ વાગ્યાના અરસામાં દંપતી ઘરે હતું ત્યારે પાડોશમાં રહેતા આકાશ દિપાભાઈ ચુડાસમા અને સુનિલ દિપાભાઈ ચુડાસમાએ જૂની માથાકૂટ તથા દંપતી ભંગારનો ધંધો કરતું હોવાની ખાર રાખી ગાળાગાળી કરી હતી. ગાળો આપવાની ના પાડતાં જ ઉશ્કેરાયેલા બંને ભાઈઓએ વિશાલભાઈ અને તેમને બચાવવા વચ્ચે પડેલાં રીનાબેન પર હુમલો કરી મૂઢમાર માર્યો હતો.

લોકો ભેગા થઈ જતાં આરોપીઓ દંપતીને જાનથી મારી નાખવાની ધમકી આપી ભાગી છૂટ્યા હતા. ઈજાગ્રસ્ત દંપતીએ ૧૧૨ પર કોલ કર્યા બાદ નિલમબાગ પોલીસ સ્ટેશને પહોંચી ફરિયાદ નોંધાવી હતી. પોલીસે BNS ની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી ASI શક્તિસિંહ ગોહિલે આગળની તપાસ હાથ ધરી છે.

નવરાત્રી-દિવાળી પૂર્વે ભાવનગર-સુરત વંદે ભારત અને ભાવનગર-કચ્છ ટ્રેન શરૂ કરવા પ્રબળ માંગ

રેલવે બોર્ડમાં તાત્કાલિક દરખાસ્ત મોકલવા વંદે માતરમ સેવા સંઘ અને સૌરાષ્ટ્ર પેસેન્જર એસોસિએશન દ્વારા માંગણી કરાઈ

ભાવનગર,તા.૨

ભાવનગરથી સુરત વચ્ચે 'વંદે ભારત એક્સપ્રેસ' તેમજ ભાવનગરથી કચ્છ (ભુજ) વચ્ચે નવી ટ્રેન સેવા શરૂ કરવા માટે ભાજપના અગ્રણી અને સૌરાષ્ટ્ર પેસેન્જર એસોસિએશનના જોઈન્ટ સેક્રેટરી કિશોર ભટ્ટ દ્વારા રેલવેના ડેપ્યુટી સિનિયર ડીસીએમ અતુલ કુમાર ત્રિપાઠીને એક લેખિત રજૂઆત કરવામાં આવી છે.

વંદે માતરમ સેવા સંઘના પ્રમુખ અને ભાજપ અગ્રણી કિશોર ભટ્ટે જણાવ્યું હતું કે, ભાવનગરથી સુરત અને કચ્છ તરફ આવતા-જતા હજારો મુસાફરો અને વેપારીઓની આ બંને ટ્રેનો શરૂ કરવા માટે લાંબા સમયથી પ્રબળ માંગણી રહી છે. ખાસ કરીને આગામી તહેવારો જેવા કે નવરાત્રી અને દિવાળી નજીક આવી રહ્યા છે, ત્યારે જો આ ટ્રેનો ચાલુ કરવામાં આવે તો આમ જનતાને મુસાફરીમાં ખૂબ જ મોટી રાહત અને સુવિધા મળી શકે તેમ છે.

આ અંગે રેલવે તંત્ર દ્વારા ઝડપથી પ્રક્રિયા હાથ ધરીને રેલવે બોર્ડમાં તાત્કાલિક યોગ્ય દરખાસ્ત મોકલવામાં આવે જેથી તહેવારો પહેલા જ આ બંને રૂટ પર ટ્રેન સેવાઓ શરૂ થઈ શકે તે માટે રજૂઆત કરી સકારાત્મક નિર્ણય લેવા માંગ કરવામાં આવી છે.

હિન્દૂ આધ્યાત્મિક અને સેવા સંસ્થાન ભાવનગર વિભાગની ટીમની ઘોષણા

માતૃ-પિતૃ અને પ્રકૃતિ વંદન જેવા કાર્યક્રમો થકી સમાજસેવા વેગવંતી કરાશે

ભાવનગર,તા.૨

હિન્દુ સ્પિરિચ્યુઅલ એન્ડ સર્વિસ ફાઉન્ડેશનના ભાવનગર વિભાગની નવી ટીમની ઘોષણા જીવ સેવા તીર્થધામ- જસપરા, પાલીતાણા ખાતે યોજાયેલી વિભાગીય બેઠકમાં કરવામાં આવી હતી. સૌરાષ્ટ્ર સંભાગ સંયોજક પરેશભાઈ ત્રિવેદી દ્વારા ભાવનગર વિભાગના વિવિધ હોદ્દેદારોના નામોની જાહેરાત કરવામાં આવી હતી.

જેમાં ભાવનગર વિભાગના સંયોજક તરીકે ડૉ. હરેશભાઈ રાજયગુરુ અને સહસંયોજક તરીકે અરવિંદભાઈ સોલંકીની નિમણૂક કરાઈ છે. વિવિધ વિભાગોમાં ધાર્મિક વિભાગ: મુકેશગિરી ગોસાઈ, એનજીઓ: છગનભાઈ જાંબુચા, પરિવાર ક્ષેત્ર:

રાજેશભાઈ પંડ્યા, શૈક્ષણિક સંસ્થાઓ: બળદેવસિંહ ગોહિલ, પ્રચાર વિભાગ: જયેશભાઈ ભટ્ટ, નારી શક્તિ: જીજ્ઞાબેન ત્રિવેદી, યુવા શક્તિ: કર્ણાવીરસિંહ ગોહિલ, કોર્પોરેટ સંપર્ક: ઉમેશભાઈ રાવળ, કાર્યાલય વિભાગ: પ્રવીણભાઈ ચુડાસમા, આઈટી વિભાગ: ભરતભાઈ ભટ્ટ તેમજ થીમ ઈન્ચાર્જ તરીકે ડૉ. કાશ્મીરાબેન સુતરીયા, વર્ષાબેન જાની, રાજેશભાઈ ત્રિવેદી, ભાવિનભાઈ ભટ્ટ અને તેજસભાઈ જોશીની વરણી કરવામાં આવી છે.

IMCTF ના માધ્યમથી શાળા-કોલેજોમાં અને HSSF દ્વારા સમાજમાં માતૃપિતૃ વંદન, આચાર્ય વંદન, પ્રકૃતિ વંદન, પરમવીર વંદન અને સુવાસીની વંદન જેવા સંસ્કારવર્ધક કાર્યક્રમો યોજાશે. આ બેઠકમાં ઉપસ્થિત સૌ કાર્યકરોએ પ્રકૃતિ વંદન સ્વરૂપે શાસ્ત્રોક્ત વિધિથી બીલીપત્રના ઝાડનું પૂજન કરી પ્રકૃતિ સંરક્ષણના શપથ લીધા હતા.

સાંખડાસર પાસે યુવક પર હુમલો કરનાર ૪ ઝડપાયા, પોલીસે રીકન્સ્ટ્રક્શન કરાવ્યું

યુવતી સાથેની બોલાચાલી અંગે ઠપકો આપતાં હુમલાખોરોએ યુવકને ગંભીર માર માર્યો હતો

ભાવનગર,તા.૨

તળાજા તાલુકાના સાંખડાસર ગામના પાટિયા પાસે યુવતી સાથેની બોલાચાલી અંગે ઠપકો આપવા બાબતે અદાવત રાખી પ્રવીણભાઈ મંગાભાઈ જાંબુચા (ઉ.વ. ૩૮) નામના યુવક પર ચાર શખ્સોએ છરી અને પાઈપ વડે પ્રાણઘાતક હુમલો કર્યો હતો.

બનાવની વિગત મુજબ, અરવિંદ સોલંકીના ભાણા પૃથ્વી સાથે યુવતીની બોલાચાલી અંગે પ્રવીણભાઈએ ફોન પર ઠપકો આપ્યો હતો. જેની ખાર રાખી શોભાવડના વિપુલે ગાળો આપી પ્રવીણભાઈને સાંખડાસર પાટિયા પાસે બોલાવ્યા હતા. ત્યાં વિપુલ, નાજુ કુંડવી અને બે અજાણ્યા શખ્સોએ આવી પ્રવીણભાઈને પકડી રાખી છરી અને પાઈપ વડે હુમલો કર્યો હતો, જેમાં તેમને ૧૫ ટાંકા આવ્યા હતા. બૂમાબૂમ થતાં લોકો એકઠા થઈ જતાં આરોપીઓ જાનથી મારી નાખવાની ધમકી આપી ભાગી છૂટ્યા હતા. ઈજાગ્રસ્ત યુવકને તળાજાની સદવિચાર હોસ્પિટલ ખસેડાયા હતા. તળાજા પોલીસે ફરિયાદના આધારે ગણતરીના કલાકોમાં જ આરોપીઓની ધરપકડ કરી PI ચાવડા અને સ્ટાફે ઘટનાસ્થળે આરોપીઓને સાથે રાખી ગુનાનું રીકન્સ્ટ્રક્શન કરાવ્યું હતું.

સિહોર -ઘાંઘળી રેલવે ઓવરબ્રિજની કામગીરીને પગલે ડાયવર્ઝન

ભાવનગર,તા.૨

શિહોરથી ઘાંઘળી તરફ જતા રસ્તા પર આવેલ રેલવે લાઈન ફાટક નં.૨૦૫/૬પર રેલવે ઓવરબ્રીજની કામગીરીને કારણે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ એન.ડી.ગોવાણી દ્વારા તા. ૩૧/૦૮/૨૦૨૬ થી તા. ૨૯/૦૯/૨૦૨૬ સુધી ડાયવર્ઝન જાહેર કરવામાં આવ્યું છે.જાહેરનામા મુજબ, ટુ-વ્હીલર અને ફોર-વ્હીલર વાહનો માટે શિહોર દાદાની વાવથી નેસડા ગામ થઈ વલ્લભીપુર તરફ અને વલ્લભીપુર તરફથી વાયા ઘાંઘળી-નેસડા થઈ શિહોર તરફનો રસ્તો નિયત કરાયો છે.જ્યારે મોટા વાહનો માટે દાદાની વાવથી રાજપરા (ખોડિયાર), નવાગામ (ચીલોડા), રંગોલી ચોકડી, કરદેજ, ઉંડવી અને નેસડા થઈ ઘાંઘળી તરફનો ડાયવર્ઝન રૂટ નક્કી કરવામાં આવ્યો છે. આ જાહેરનામાનો ભંગ કરનાર સામે ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ હેઠળ દંડનાત્મક કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

જાહેરમાં ધૂમ્રપાન-ગંદકી કરનાર ૪૮૯ આસામીઓને દંડતું એસટી તંત્ર

ભાવનગર,તા.૨

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમના ભાવનગર વિભાગ દ્વારા બસ સ્ટેશન પરિસર અને બસોની સ્વચ્છતા જાળવવા હાથ ધરાયેલી દંડનાત્મક ઝુંબેશ અંતર્ગત ઓગસ્ટ-૨૦૨૬ માસ દરમિયાન ૪૮૯ ઈસમો પાસેથી રૂ. ૪,૯૮૦ ની દંડની રકમ વસૂલ કરવામાં આવી છે.

તમાકુ નિયંત્રણ અધિનિયમ-૨૦૦૩ નો ભંગ કરી જાહેર સ્થળોએ ધૂમ્રપાન કરવા અને પાન-મસાલાની પીચકારીઓ મારી ગંદકી ફેલાવવા બદલ આ કાર્યવાહી કરાઈ હતી. જેમાં ભાવનગર ડેપોમાંથી ૬૩, તળાજા અને ગારિયાધારમાંથી ૫૮-૫૮, જયારે મહુવા, પાલિયાણા, બરવાળા, બોટાદ અને ગઢડા ડેપોમાંથી ૬૨-૬૨ કેસ નોંધવામાં આવ્યા હતા. એસ.ટી. વિભાગીય નિયામકે તમામ મુસાફરોને બસ અને સ્ટેશન પરિસરમાં સ્વચ્છતા જાળવવા અને દંડથી બચવા નમ્ર વિનંતી કરી છે.

તુલસીશ્યામમાં જન્માષ્ટમીનો થનગનાટ: ભગવાન શ્યામને પ્રથમ વખત ખુલ્લા પરદે કરાશે મહાઅભિષેક

સાતમ-આઠમના તહેવારોમાં હજારો ભાવિકો દર્શને ઉમટી પડશે ; તુલસી શ્યામ મંદિર ટ્રસ્ટ દ્વારા ભોજન-પ્રસાદ અને વિશેષ પાર્કિંગ સહિતની સુવિધા

ભાવનગર,તા.૨

ગીરના ઘનઘોર જંગલની ગોદમાં આવેલ ઐતિહાસિક તથા પરમ પવિત્ર તીર્થધામ તુલસીશ્યામ ખાતે કૃષ્ણ જન્માષ્ટમી મહોત્સવ ઉત્સાહ અને ભક્તિસભર માહોલમાં ઉજવાશે. ગોકુલ આઠમ તા. ૪ સપ્ટેમ્બરને શુક્રવારના પાવન દિવસે સવારથી જ મંત્રોચ્ચાર અને ધાર્મિક વિધિવિધાન સાથે વિવિધ કાર્યક્રમોની શ્રૃંખલા શરૂ થઈ જશે. શ્યામ ભક્તોમાં જન્માષ્ટમી પર્વને લઈને ભારે થનગનાટ પ્રવર્તી રહ્યો છે.

આ વર્ષે જન્માષ્ટમી ઉત્સવમાં વિશેષ આકર્ષણ ભગવાન સુંદરશ્યામનો મહાઅભિષેક રહેશે. સર્વપ્રથમ વખત પ્રભુ શ્યામને પવિત્ર દ્રવ્યો અને વિવિધ પૂજન સામગ્રી વડે શાસ્ત્રોક્ત વિધિથી સ્નાન કરાવવામાં આવશે. ભગવાન શ્યામના દરબારમાં ઉપસ્થિત તમામ શ્રદ્ધાળુઓ આ પવિત્ર ક્ષણના સાક્ષી બની શકે અને પ્રભુ સ્નાનના દિવ્ય દર્શનનો લાભ લઈ શકે તે માટે આ સ્નાનવિધિ સંપૂર્ણપણે ખુલ્લા પડદે યોજાશે.

ગીર સોમનાથ જિલ્લાના જંગલ વિસ્તારમાં આવેલું આ સ્થાનક ધાર્મિક દ્રષ્ટિએ ગોકુલ-મથુરા અને દ્વારકા જેટલું જ મહાત્મ્ય ધરાવે છે, તેથી ભક્તો તેને શ્રદ્ધાથી 'ગીરનું દ્વારકા' પણ કહે છે. સાતમ-આઠમ દરમિયાન અહી સરેરાશ એકાદ લાખ યાત્રિકોનો માનવમેળો જામવાની અપેક્ષા છે. ભક્તોની વિશાળ જનમેદનીને ધ્યાને રાખીને તુલસીશ્યામ મંદિર ટ્રસ્ટ દ્વારા પીવાના પાણી, છાંયડા અને મહાપ્રસાદ ભોજનની સુંદર વ્યવસ્થા કરવામાં આવી છે. આ ઉપરાંત, ટ્રાફિક સમસ્યા ન સર્જાય તે માટે વાહનોના પાર્કિંગ માટે અલાયદી નવી જગ્યા ઉભી કરવામાં આવી છે. પ્રતિવર્ષ વન વિભાગનો સહયોગ સાંપડે છે.

શ્રાવણ માસની શરૂઆતથી જ તુલસીશ્યામના કુદરતી વાતાવરણ અને પવિત્ર ગરમ પાણીના કુંડમાં સ્નાન કરવા માટે યાત્રિકોનો અવિરત પ્રવાહ વહી રહ્યો છે. જન્માષ્ટમીના દિવસે રાત્રિના ૧૨ના ટકોરે શંખનાદ, ઝાલરના રણકાર અને 'નંદ ઘેર આનંદ ભયો, જય કન્હૈયા લાલ કી'ના ગગનભેદી નારા સાથે પ્રભુ શ્યામના જન્મના વધામણાં કરવામાં આવશે. મંદિર ટ્રસ્ટગણ ખાસ ઉપસ્થિત રહી યાત્રિકોની સેવા-સુવિધાઓ અને તમામ આયોજન પર સતત નજર રાખશે.

સોનાના મુગટ-કુંડળથી સુશોભિત થઈ કાળિયા ઠાકર ભક્તોને આપશે દિવ્ય દર્શન

જન્માષ્ટમી પર્વ નિમિત્તે ભગવાન શ્યામને વિશેષ રૂપે તૈયાર કરાયેલા રાજવી વસ્ત્રો ધારણ કરાવવામાં આવશે. પ્રભુ સોનાના મુગટ અને કુંડળથી સુશોભિત થઈ રાજાધિરાજ સ્વરૂપે ભક્તોને દર્શન આપશે. મંદિરના ગર્ભગૃહમાં સાચા સુગંધી પુષ્પોની સજાવટ કરાશે. જન્માષ્ટમી મહોત્સવ પ્રસંગે સમગ્ર મંદિર પરિસર તેમજ ગરમ પાણીના કુંડ વિસ્તારમાં અદ્ભુત રોશનીનો ઝળહળાટ કરાયો છે.

સૌરાષ્ટ્ર આસપાસ
Owner : Leela News Network Private Limited, Printer & Publisher Shri Komalkant Fakirchand Sharma On behalf of Leela News Network Private Limited Printed At : Old Bunder Road, Bhavnagar Published at : T/6, Third Floor Business Centre Ghogha Gate Bhavnagar Editor : Rajesh Kiritbhai Dave * (Responsible for News Editing as per PRB Act)

સૌરાષ્ટ્ર આસપાસ

બ્રિક્સ ૨૦૨૬માં ભારતની કસોટી

ભારત આ વર્ષે બ્રિક્સનું અધ્યક્ષ છે. આ ભારત માટે મોટી જવાબદારી છે. ભારત ઇચ્છે છે કે બ્રિક્સના તમામ સભ્ય દેશો સાથે મળીને કામ કરે. બેઠકના અંતે તમામ દેશોની સહમતીથી એક સંયુક્ત નિવેદન બહાર પડે તે ભારતની મુખ્ય કોશિશ છે.આ કામ સહેલું નથી. દુનિયાના અનેક ભાગોમાં અત્યારે સંઘર્ષ ચાલી રહ્યા છે. ખાસ કરીને પશ્ચિમ એશિયાની સ્થિતિ ખૂબ તણાવપૂર્ણ છે. આ સ્થિતિની અસર બ્રિક્સની બેઠકમાં પણ જોવા મળી શકે છે. સભ્ય દેશોના અલગ અલગ મત હોવાથી એકમત બનાવવો ભારત માટે મોટો પડકાર બની શકે છે.ભારતની નીતિ સ્પષ્ટ છે. ભારત ઇચ્છતું નથી કે બ્રિક્સને અમેરિકા વિરોધી સંગઠન તરીકે જોવામાં આવે. ભારત ઇચ્છે છે કે બ્રિક્સનો ઉપયોગ વિકાસ અને સહકાર માટે થાય. ગરીબી દૂર કરવી, આબોહવામાં થતા ફેરફારોનો સામનો કરવો, વેપાર વધારવો અને વિકાસશીલ દેશોના હિતોની વાત કરવી જેવા મુદ્દાઓને ભારત મહત્વ આપવા માંગે છે.સંયુક્ત નિવેદનની ભાષા પણ ખૂબ મહત્વની રહેશે. તેમાં લખાયેલા દરેક શબ્દને ધ્યાનપૂર્વક પસંદ કરવો પડશે. એવી ભાષા રાખવી પડશે કે કોઈ પણ સભ્ય દેશને એવું ન લાગે કે નિવેદન તેની વિરુદ્ધ છે. બધા દેશોને સાથે રાખીને આગળ વધવું એ જ ભારતની કૂટનીતિની મોટી કસોટી છે.આ બેઠકમાં ઈરાનનો મુદ્દો મહત્વનો બની શકે છે. ઈરાન અમેરિકા અને ઇઝરાયલ સાથેના પોતાના વિવાદને બેઠકમાં ઉઠાવી શકે છે. ઈરાન આ હુમલાઓની નિંદા કરવાની માંગ કરી શકે છે.ઈરાન અન્ય સભ્ય દેશો પાસેથી પોતાના પક્ષમાં સમર્થન મેળવવાનો પ્રયાસ કરશે. તે સંયુક્ત આરબ અમીરાત સામે પણ આક્ષેપ કરી શકે છે. ઈરાનનું કહેવું છે કે તેની વિરુદ્ધની કાર્યવાહી માટે ત્યાંની જમીનનો ઉપયોગ થવા દેવામાં આવ્યો છે.આ સ્થિતિમાં ભારત માટે સંતુલન જાળવવું સરળ નહીં હોય. ચીન અને રશિયાને ઈરાનના નજીકના દેશો માનવામાં આવે છે. તેઓ ઈરાનની વાતને ટેકો આપી શકે છે. બીજી તરફ ભારતના અમેરિકા અને સંયુક્ત આરબ અમીરાત સાથે પણ સારા સંબંધો છે.ભારતની નીતિ તમામ દેશો સાથે સારા સંબંધો જાળવવાની છે. તે કોઈ એક પક્ષ તરફ ઝૂકવા માંગતું નથી. તેથી ભારતે એવો માર્ગ શોધવો પડશે જેમાં કોઈ એક દેશની તરફેણ કર્યા વગર શાંતિ અને વાતચીતનો સંદેશ આપી શકાય.ભારત તમામ સભ્ય દેશો સાથે વાતચીત કરી રહ્યું છે. દરેક દેશની ચિંતા અને વિચારો સમજવાનો પ્રયાસ થઈ રહ્યો છે. ભારત ઇચ્છે છે કે સંયુક્ત નિવેદનમાં શાંતિનો સંદેશ હોય. યુદ્ધને બદલે વાતચીત દ્વારા વિવાદોનો ઉકેલ લાવવાની વાત કરવામાં આવે.ભારત એવી ભાષા ઇચ્છે છે જેમાં દરેક દેશના સ્વતંત્ર અસ્તિત્વ અને અધિકારનું સન્માન કરવાની વાત હોય. કોઈ પણ દેશે બીજા દેશની સ્વતંત્રતા અને સીમાનું ઉલ્લંઘન ન કરવું જોઈએ. આવી વાત કોઈ એક દેશની વિરુદ્ધ નથી. તે શાંતિ અને ન્યાયના સામાન્ય સિદ્ધાંતની વાત છે.આ રીતે ભારત ઈરાનની ચિંતાને પણ સ્થાન આપી શકે છે અને કોઈ એક દેશને સીધો નિશાન બનાવ્યા વગર પોતાનો સંદેશ પણ આપી શકે છે. આવી પરિસ્થિતિમાં સંતુલિત ભાષા જ ભારત માટે સૌથી મોટું સાધન બની શકે છે.બ્રિક્સના વિસ્તરણથી પણ પડકાર વધ્યો છે.

આકાશના રંગમંચ પર સંધ્યાનો ગ્લેમર શો...



ક્લિક કોર્નર

- જયદીપ એ. દવે.

છેલ્લા થોડા દિવસથી આકાશને જુના બ્લેક એન્ડ વ્હાઈટ ટીવીની સ્ક્રીન જેવો ટચ આપતા ચોમાસુ વાદળો ધીરે ધીરે વિખાતા જ આકાશ જાણે ૭૦ દ્વદ્વ નું ઈસ્ટમેન કલર વિખેરતું સ્ક્રીન હોય એમ ઝળહળતું થયું છે. ત્યારે તેના પચરંગી રંગો સંધ્યા સમયે ભાવનગરના બોરતળાવના પાણી સાથે ઘોળાતા ઉદભવતા રંગો આગંતુકોને આત્મ મંથન કરવા આમંત્રે છે. અને લોકો પણ મિત્ર વર્તુળ સાથે પધારી સેલ્ફીનો અને ફોટો શૂટનો આનંદ માણે છે.

કડવા વચનો ગળવાના હોય, વાગોળવાના નહિ

વિશેષ

મનુષ્યના જીવનમાં સ્મરણનું ખૂબ મોટું મહત્વ છે. આપણે જે વાતોને વારંવાર યાદ કરીએ છીએ, તે ધીમે ધીમે આપણા વિચારોનો અને સ્વભાવનો ભાગ બની જાય છે. પ્રભુનું સ્મરણ કરીએ તો મન ભક્તિથી તરબતર બની જાય છે. સ્નેહી-સ્વજનોની યાદ આવે તો હૃદય પ્રેમ અને લાગણીથી છલોછલ થઈ જાય છે. પરંતુ કોઈ વ્યક્તિએ કહેલા કડવા શબ્દોનું વારંવાર સ્મરણ કરીએ તો એ જ સ્મરણ આપણા મનમાં ક્રોધ, દ્વેષ, દુઃખ અને અશાંતિ પેદા કરી શકે છે.

જીવનમાં દરેક વ્યક્તિને ક્યારેક ને ક્યારેક કડવા શબ્દો સાંભળવા પડે છે. કોઈ આપણને ગુસ્સામાં કંઈક કહી જાય છે, કોઈ અજાણતાં દુઃખ પહોંચાડે છે તો કોઈ જાણીજોઈને કઠોર શબ્દોનો પ્રહાર કરે છે. શબ્દો બોલાઈ ગયા પછી કદાચ બોલનાર વ્યક્તિ એ વાત ભૂલી પણ જાય, પરંતુ સાંભળનાર વ્યક્તિ જો એ શબ્દોને હૃદયમાં સાચવી રાખે તો તે જ વાત લાંબા સમય સુધી તેને અંદરથી પરેશાન કરતી રહે છે.

કોઈ વ્યક્તિએ આપણને પાંચ મિનિટ માટે કડવા શબ્દો કહ્યા હોય, પરંતુ જો આપણે એ શબ્દોને પાંચ વર્ષ સુધી યાદ રાખીએ તો નુકસાન કોનું થયું? બોલનારનું કે આપણું? હકીકતમાં, જે વ્યક્તિએ કડવા શબ્દો કહ્યા હતા તે કદાચ પોતાની જિંદગીમાં આગળ વધી ગઈ હશે, પરંતુ આપણે એ શબ્દોને વાગોળતા રહીને પોતાના મનની શાંતિ ગુમાવતા હોઈએ છીએ.

અન્ય વ્યક્તિ દ્વારા કહેવાયેલા કડવા વચનોનું વારંવાર સ્મરણ આપણા જીવનમાં મુખ્યત્વે ત્રણ પ્રકારનું નુકસાન કરે છે.જીવનમાં સુખી રહેવા માટે બહારની પરિસ્થિતિ કરતાં મનની સ્થિતિ વધુ મહત્વની છે. પરંતુ જ્યારે જૂની કડવી વાતો વારંવાર યાદ આવે છે ત્યારે મનની શાંતિ ભંગ થાય છે. કોઈ નાની ઘટના પણ આપણને ફરી એ જ દુઃખદ પ્રસંગ યાદ અપાવી શકે છે. પરિણામે વર્તમાન ક્ષણમાં મળતો આનંદ પણ આપણે માણી શકતા નથી.

જે વ્યક્તિએ આપણને દુઃખ આપ્યું હોય તેના પ્રત્યેનો ગુસ્સો જો આપણે વારંવાર યાદ કરતા રહીએ તો તે ધીમે ધીમે દ્વેષમાં પરિવર્તિત થઈ શકે છે. આપણે બહારથી સામાન્ય દેખાતા હોઈએ, પરંતુ અંદરથી એ વ્યક્તિ પ્રત્યે નકારાત્મકતા વધતી જાય છે. આ દ્વેષ સૌથી પહેલાં આપણું જ મન બાળે છે.મનુષ્ય પાસે મર્યાદિત માનસિક શક્તિ અને સમય છે. જો એ શક્તિ ભૂતકાળની કડવી વાતો વિચારવામાં જ વપરાતી રહે તો વર્તમાન જીવનનાં જરૂરી કાર્યો માટે ઊર્જા ક્યાંથી મળશે? વ્યક્તિ પોતાના કામ, પરિવાર, સંબંધો અને લક્ષ્યો પર પૂરતું ધ્યાન આપી શકતી નથી. પરિણામે ઉતાવળમાં કે ગુસ્સામાં ખોટા નિર્ણયો પણ લેવાઈ શકે છે.એટલે જીવનમાં કોઈએ આપણને કડવું કહ્યું હોય તો એ વાતમાંથી બોધ લેવો, પરંતુ એને જીવનભરનું ભારણ બનાવીને ફરવું નહીં.

આ વાતને સમજાવવા માટે ભગવાન બુદ્ધના જીવનની એક સુંદર ઘટના ખૂબ જ પ્રેરણાદાયક છે.

એક નગરમાં બુદ્ધ પરિવારસહિત પધાર્યા હતા. તેમના ઉપદેશોથી લોકો ખૂબ પ્રભાવિત થઈ રહ્યા હતા. એક દિવસ બુદ્ધના વિચારો અને ઉપદેશોથી પ્રેરાઈને એક યુવાને વૈરાગ્ય ધારણ કરવાનો નિર્ણય કર્યો અને બુદ્ધ પાસે દીક્ષા લીધી.યુવાને અચાનક દીક્ષા લીધી હોવાથી તેના કાકાને આ વાત ખૂબ જ ન ગમી. તેઓ બુદ્ધ પર અત્યંત ગુસ્સે થયા. ક્રોધમાં તેઓ બુદ્ધ જ્યાં બિરાજમાન હતા ત્યાં પહોંચી ગયા. ગુસ્સાની આગમાં તેમણે બુદ્ધને અનેક કડવા શબ્દો કહ્યા. તેમનો ક્રોધ એટલો વધી ગયો કે તેમણે બુદ્ધનું અપમાન કર્યું અને ત્યાંથી ચાલ્યા ગયા.

આ ઘટના વિશે જાણ થતાં આસપાસના લોકોમાં પણ તેમની ટીકા થવા લાગી. પરંતુ ઘરે પહોંચ્યા પછી જ્યારે તેમનો ગુસ્સો શાંત થયો ત્યારે તેમને પોતાના વર્તનનો અહેસાસ થયો. તેમણે વિચાર્યું કે મેં ક્રોધમાં આવીને કેટલું મોટું અયોગ્ય કાર્ય કર્યું! તેમને ખૂબ જ પશ્ચાત્તાપ થયો.

બીજા દિવસે તેઓ બુદ્ધ પાસે પાછા આવ્યા. બુદ્ધના શિષ્યો તેમને જોઈને સાવધાન થઈ ગયા. પરંતુ તે વ્યક્તિ બુદ્ધના ચરણોમાં પડ્યા અને પોતાના ગઈકાલના વર્તન માટે માફી માગવા લાગ્યા. તેમની આંખોમાં પશ્ચાત્તાપનાં આંસુ હતાં.ત્યારે બુદ્ધે ખૂબ જ શાંતિથી કહ્યું કે, ગઈકાલનો માણસ અને આજનો માણસ એકસરખો નથી. ગઈકાલે તમે ક્રોધથી ભરેલા હતા અને આજે પશ્ચાત્તાપથી ભરેલા છો. ગઈકાલે તમારા શબ્દોમાં કડવાશ હતી અને આજે તમારા શબ્દોમાં ક્ષમાની ભાવના છે.

રાંધણ છઠ : પરંપરાના સ્વાદમાં સંસ્કૃતિની સુગંધ

આસપાસ પોપાસ

સુરેશ ભટ્ટ

ભારતીય સંસ્કૃતિની સૌથી સુંદર વિશેષતા એ છે કે અહીં તહેવારો માત્ર ઉજવાતા નથી, પરંતુ જીવન સાથે જીવાતા હોય છે. દરેક તહેવારની પાછળ કોઈને કોઈ લોકપરંપરા, માન્યતા, ઋતુનો સંદેશ અને સામાજિક ભાવના જોડાયેલી હોય છે. ગુજરાતમાં આવો જ એક આગવો લોકતહેવાર છે રાંધણ છઠ. નામ સાંભળતાં જ ઘરના રસોડામાંથી આવતી વિવિધ વાનગીઓની સુગંધ, પરિવારના સભ્યોની ધમાલ અને જૂની પરંપરાઓની યાદ તાજી થઈ જાય છે

રાંધણ છઠ સામાન્ય રીતે જન્માષ્ટમી પહેલાં ઉજવાતો દિવસ છે. આ દિવસે બીજા દિવસે એટલે કે શીતળા સાતમના દિવસે ચૂલો ન સળગાવવાની પરંપરા હોવાથી એક દિવસ અગાઉ જ ઘરમાં વિવિધ વાનગીઓ બનાવી લેવામાં આવે છે. રસોઈનું આ આયોજન માત્ર પેટ ભરવા માટેનું નથી. તેની પાછળ આરામ, ઋતુચક્ર, સ્વચ્છતા, પરિવાર અને લોકજીવનને જોડતી એક સુંદર સમજણ છુપાયેલી છે.

રાંધણ છઠ આવે એટલે ઘરની સ્ત્રીઓ વહેલી સવારથી જ રસોડામાં વ્યસ્ત થઈ જાય છે. ક્યાંક પૂરી-શાક બને છે, ક્યાંક ઢેબરા અને થેપલા તૈયાર થાય છે, તો ક્યાંક મીઠાઈ અને વિવિધ નાસ્તા બને છે. ઘરમાં જે શક્ય હોય તે પ્રમાણે રસોઈ થાય છે. આ દિવસે બનાવેલી વાનગીઓ બીજા દિવસે શીતળા સાતમના દિવસે ખાવાની પરંપરા છે.

જૂના સમયમાં આ પરંપરાનું વિશેષ મહત્વ હતું. ઘરમાં ગેસ કે વીજળીના સાધનો નહોતા. માટીના ચૂલા પર લાકડાં કે છાણાં સળગાવીને રસોઈ થતી. તેથી એક દિવસ અગાઉ જ આખા પરિવાર માટે ભોજન તૈયાર કરી રાખવું વ્યવહારુ પણ હતું અને આરામદાયક પણ છે.

રાંધણ છઠને ઘણી વખત શીતળા સાતમની પૂર્વતૈયારી તરીકે જોવામાં આવે છે. પરંતુ તેની પોતાની આગવી ઓળખ છે. આ દિવસે રસોડું જાણે તહેવારનું કેન્દ્ર બની જાય છે. ઘરમાં વાસણોની ખણખણાટ હોય છે અને રસોઈની સુગંધ આખા ઘરમાં પ્રસરી જાય છે.

આ પરંપરામાં ઘરની મહિલાઓની મહેનત વિશેષ રીતે દેખાય છે. પરિવારના દરેક સભ્ય માટે પ્રેમથી ભોજન બનાવવાની ભાવના આ દિવસને માત્ર ધાર્મિક પરંપરા નહીં, પરંતુ લાગણીનો તહેવાર બનાવી દે છે.

ભારતીય તહેવારોમાં રસોડાનું સ્થાન ખૂબ મહત્વનું રહ્યું છે. ભોજન અહીં માત્ર ખોરાક નથી. તે પ્રેમ, આતિથ્ય અને સંબંધોનું પ્રતીક છે. રાંધણ છઠ આ જ ભાવનાને ઉજાગર કરે છે.

એક જ રસોડામાં પરિવારના સભ્યો ભેગા થાય છે. કોઈ શાક સમારે છે, કોઈ લોટ બાંધે છે, કોઈ વાનગી બનાવવામાં મદદ કરે છે. કામની વચ્ચે વાતો થાય છે, હાસ્ય સંભળાય છે અને ઘરની પેઢીઓ એકબીજા પાસેથી પરંપરા શીખે છે.

શીતળા સાતમના દિવસે ચૂલો ન સળગાવવાની પરંપરા આપણા પૂર્વજોની જીવનશૈલીની સમજ દર્શાવે છે. સતત કામ કરતી ગૃહિણીને પણ એક દિવસ રસોડાના કામમાંથી વિરામ મળે તેવો આ દિવસ હતો.

આ પરંપરાને આજના સમયમાં નવા અર્થથી પણ જોઈ શકાય. ઘરકામનું મહત્વ સમજવું અને રસોડાની જવાબદારી વહેંચવી એ પણ પરિવારની સંસ્કૃતિનો ભાગ છે. આજે પરિવારના પુરુષો અને બાળકો પણ રસોડાના કામમાં સહભાગી બને તો પરંપરાનો ભાવ વધુ સુંદર બની શકે.

આજના સમયમાં 'વાસી' શબ્દ ઘણીવાર નકારાત્મક રીતે સમજાય છે. પરંતુ રાંધણ છઠ અને શીતળા સાતમની પરંપરામાં તેનો અર્થ માત્ર જૂનું ભોજન એવો નથી. તે એક ખાસ દિવસે પ્રેમથી તૈયાર કરેલું ભોજન બીજા દિવસે પરિવાર સાથે વહેંચીને ખાવાની પરંપરા છે.

હા, આજના સમયમાં ખાદ્ય સુરક્ષા અને સ્વચ્છતાનું ધ્યાન રાખવું જરૂરી છે. ગરમીના દિવસોમાં ખોરાક યોગ્ય રીતે સાચવવો જોઈએ. પરંપરા જાળવવી હોય તો સમજદારી સાથે જાળવવી જોઈએ.

ભારતીય સંસ્કૃતિમાં 'છઠ' શબ્દ માત્ર રાંધણ છઠ પૂરતો મર્યાદિત નથી. ભારતના વિવિધ પ્રદેશોમાં છઠ સાથે જોડાયેલી અલગ અલગ પરંપરાઓ જોવા મળે છે. ઉત્તર ભારતમાં છઠ પૂજા સૂર્ય ઉપાસનાનો વિશાળ લોકતહેવાર છે, જ્યારે ગુજરાતમાં રાંધણ છઠ અને શીતળા સાતમ જેવી લોકપરંપરાઓ ઘરજીવન સાથે જોડાયેલી છે.

આ વિવિધતા ભારતીય સંસ્કૃતિની વિશાળતાનું દર્શન કરાવે છે. એક જ દેશમાં અલગ પ્રદેશો પોતાના ઋતુચક્ર, જીવનશૈલી અને લોકમાન્યતાઓ પ્રમાણે તહેવારોને અલગ રંગ આપે છે. છતાં દરેક જગ્યાએ એક બાબત સામાન્ય છે—પરિવાર, પ્રકૃતિ અને પરંપરા પ્રત્યેનો આદર.

રાંધણ છઠ અને શીતળા સાતમનો સમય વરસાદી ઋતુ સાથે જોડાયેલો હોય છે. વરસાદમાં વાતાવરણમાં ભેજ વધે છે અને ખોરાક ઝડપથી બગડી શકે છે. તેથી આ સમયગાળામાં ખોરાકની સ્વચ્છતા અને સાચવણીનું વિશેષ ધ્યાન રાખવું જરૂરી છે.

આપણા પૂર્વજોએ વૈજ્ઞાનિક ભાષામાં નિયમો લખ્યા ન હોય, છતાં તેમના જીવનમાં અનુભવથી ઊભી થયેલી ઘણી પરંપરાઓ હતી. ચૂલાને એક દિવસ આરામ આપવો, રસોડું સાફ કરવું અને ખોરાકનું આયોજન કરવું—આ બધું જીવનને વ્યવસ્થિત રાખવાની રીત પણ બની શકે છે.

તહેવારની સાચી ખુશી ત્યારે છે જ્યારે આખો પરિવાર સાથે હોય. રાંધણ છઠનો સૌથી મોટો આનંદ પણ એ જ છે. ઘરમાં બનાવેલી વાનગીઓ એકબીજાને પીરસવી, વડીલો પાસેથી જૂની વાતો સાંભળવી અને બાળકોને પરંપરાનો પરિચય કરાવવો—આ બધું પરિવારને નજીક લાવે છે.

આજના ઝડપી જીવનમાં આવી પરંપરાઓનું મહત્વ વધારે છે. મોબાઈલ અને વ્યસ્તતાની વચ્ચે પરિવાર સાથે બેસીને ભોજન કરવાની તક પણ હવે એક ઉત્સવ જેવી બની ગઈ છે.સમય બદલાય છે અને તેની સાથે તહેવારો ઉજવવાની રીત પણ બદલાય છે. આજે રસોડામાં ગેસ, ફ્રિજ, મિક્સર અને અનેક આધુનિક સાધનો છે. તેથી રાંધણ છઠની મહેનત અગાઉની સરખામણીમાં સરળ બની છે.

પરંતુ સુવિધા વધે એટલે પરંપરાનો ભાવ ખોવાઈ જવો જરૂરી નથી. વાનગીઓની સંખ્યા ઓછી હોય તો ચાલે, દેખાવ ઓછો હોય તો ચાલે, પરંતુ પરિવાર સાથેનો પ્રેમ અને પરંપરા પ્રત્યેનો આદર જળવાઈ રહે તે વધુ મહત્વનું છે.

રાંધણ છઠ આપણને એક સરળ સંદેશ આપે છે—પરંપરા એ માત્ર ભૂતકાળની વસ્તુ નથી. તે વર્તમાનને માનવીય બનાવતી એક કડી છે. જૂની રીતોને આંખ બંધ કરીને અનુસરવી જરૂરી નથી, પરંતુ તેમાં રહેલી જીવનદૃષ્ટિને સમજવી જરૂરી છે.

રાંધણ છઠના દિવસે રસોડામાં બનતી વાનગીઓ કદાચ બીજા દિવસે સમાપ્ત થઈ જાય, પરંતુ તે વાનગીઓ સાથે જોડાયેલી યાદો લાંબા સમય સુધી રહે છે. દાદી પાસેથી શીખેલી વાનગી, માતાના હાથનો સ્વાદ, પરિવાર સાથેનું ભોજન અને તહેવારની ખુશી—આ બધું જીવનની અમૂલ્ય મૂડી બની જાય છે.રાંધણ છઠ એટલે માત્ર એક દિવસની રસોઈ નહીં. તે ઘર, પરિવાર, આરોગ્ય, આરામ અને સંસ્કૃતિને જોડતી એક સુંદર પરંપરા છે. ભારતીય સંસ્કૃતિની વિશાળ નદીમાં આવા નાના-નાના લોકતહેવારો જ તેની ઓળખને જીવંત રાખે છે. સમય બદલાય, રસોડાં બદલાય અને વાનગીઓ બદલાય, પરંતુ સંબંધોમાં રહેલી ઉષ્મા અને પરંપરામાં રહેલી લાગણી ક્યારેય ન બદલાય—એ જ રાંધણ છઠનો સાચો સ્વાદ છે.

પાકિસ્તાન ટીમમાં ઉથલપાથલ, ૭ ખેલાડીઓ આઉટ, કોચ સરફરાઝ અહેમદ અને ઉમર ગુલને પણ હટાવાયા

કરાંચી,

ઈંગ્લેન્ડ સામે ટેસ્ટ શ્રેણીમાં પાકિસ્તાનના ખરાબ પ્રદર્શન બાદ, ટીમ મેનેજમેન્ટે એક મોટો નિર્ણય લીધો છે. બીજી ટેસ્ટમાં ૧૯૪ રનની હાર સાથે શ્રેણી ૦-૨થી ગુમાવ્યા બાદ, પાકિસ્તાને ત્રીજી અને અંતિમ ટેસ્ટ પહેલા ટીમમાંથી સાત ખેલાડીઓને મુક્ત કર્યા છે. વધુમાં, ટેસ્ટ ટીમના મુખ્ય કોચ સરફરાઝ અહેમદ અને બોલિંગ કોચ ઉમર ગુલને પણ તેમના પદ પરથી દૂર કરવામાં આવ્યા છે.

પાકિસ્તાને ત્રીજી ટેસ્ટ માટે ટીમમાં પાંચ નવા ખેલાડીઓનો સમાવેશ કર્યો છે, જેમાં પાંચ અનકેપ્ડ ખેલાડીઓનો સમાવેશ થાય છે. આમાં સૈમ અયુબ અને અબ્દુલ્લા ફઝલનો સમાવેશ થાય

છે. બંનેને ટેસ્ટ ક્રિકેટનો ખૂબ જ ઓછો અનુભવ છે. પાંચ ખેલાડીઓને પહેલી વાર ટેસ્ટ ટીમમાં સામેલ કરવામાં આવી રહ્યા છે. રિલીઝ કરાયેલા સાત ખેલાડીઓમાં મોહમ્મદ રિઝવાન, ઇમામ-ઉલ-હક, સલમાન આગા, અલી ઉસ્માન, આમિર જમાલ, મોહમ્મદ ઇમરાન જુનિયર, સાદ બેગ, મોહમ્મદ ઇમરાન રંધાવા અને રજાઉલ્લાહનો સમાવેશ થાય છે. તેમાંથી કોઈએ હજુ સુધી પાકિસ્તાન માટે ટેસ્ટ ક્રિકેટ રમ્યું નથી.પાકિસ્તાને કોચિંગ સ્ટાફમાં પણ મોટો ફેરફાર કર્યો છે. મર્યાદિત ઓવરના મુખ્ય કોચ માઇક હેસન હવે ટેસ્ટ ટીમ સાથે કામ કરશે. તેમની સાથે, સફેદ બોલ બોલિંગ કોચ એશ્લે નોફકેને પણ ટેસ્ટ કોચિંગ સ્ટાફમાં ઉમેરવામાં આવ્યા છે.

પાકિસ્તાને ઈંગ્લેન્ડ સામેની પહેલી ટેસ્ટ એક ઈનિંગ્સ અને ૧૦૩ રનથી હારી ગઈ હતી. ત્યારબાદ ટીમ લોર્ડ્સમાં બીજી ટેસ્ટ ૧૯૪ રનથી હારી ગઈ હતી. સતત બે હાર બાદ, પાકિસ્તાન શ્રેણી ગુમાવી ચૂક્યું છે અને હવે અંતિમ મેચમાં સન્માન બચાવવાનો પ્રયાસ કરશે. ત્રીજી અને અંતિમ ટેસ્ટ ૯ સપ્ટેમ્બરથી એજબેસ્ટન ખાતે રમાશે. શ્રેણી પહેલાથી જ પહોંચની બહાર હોવાથી, આ મેચ પાકિસ્તાન માટે નવી ટીમ અને નવા કોચિંગ કોમ્બિનેશન સાથે પોતાને સાબિત કરવાની તક હશે.

ત્રીજી ટેસ્ટ માટે પાકિસ્તાનની નવી ટીમ: બાબર આઝમ (કેપ્ટન), અબ્દુલ્લા ફઝલ, અરાફત મિન્હાસ, અઝાન અવૈસ, મોહમ્મદ અલી, મોહમ્મદ ઇમરાન, મોહમ્મદ ઇમરાન જુનિયર, મોહમ્મદ ગાઝી ગૌરી (વિકેટકીપર), રઝાઉલ્લાહ, સાદ બેગ (વિકેટકીપર), સેમ અયુબ, સાજિદ ખાન, સઉદ શકીલ, શાન મસૂદ અને ઉબેદ શાહ.

ભારત શ્રેણી માટે ઓસ્ટ્રેલિયા-એ ટીમની જાહેરાત ભારતીય મૂળના બે ખેલાડીઓનો ટીમમાં સમાવેશ

નવીદિલ્હી,

૨૦૨૭માં રમાનારી બોર્ડર-ગાવસ્કર ટ્રોફીની તૈયારીમાં, ઓસ્ટ્રેલિયાએ ભારતના પ્રવાસ માટે તેની 'છ' ટીમની જાહેરાત કરી છે. ૨૨ સપ્ટેમ્બરથી શરૂ થતા આ પ્રવાસમાં બે ચાર દિવસીય મેચ અને ત્રણ વનડે રમાશે. અનુભવી બેટ્સમેન પીટર હેન્ડ્સકોમ્બને પણ ટીમમાં સામેલ કરવામાં આવ્યા છે. તે ટીમના સૌથી અનુભવી ખેલાડીઓમાંનો એક છે અને આ શ્રેણીમાં મજબૂત પ્રદર્શન સાથે ટેસ્ટ ટીમમાં વાપસી કરવાનો પ્રયાસ કરશે.

છેલ્લી એશિઝ શ્રેણીનો ભાગ રહેલા ઝડપી બોલર બ્રેન્ડન ડોગેટ અને ઝાય રિચાર્ડસનનો પણ ભારત પ્રવાસ માટે ઓસ્ટ્રેલિયન ટીમમાં સમાવેશ કરવામાં આવ્યો છે. વધુમાં, ત્રણ મેચની વનડે શ્રેણી

માટે બોલિંગ આક્રમણનું નેતૃત્વ માહલી બીયર્ડમેન અને સ્પેન્સર જોહ્નસન કરશે. ખભાની મોટી સર્જરીમાંથી વાપસી કરી રહેલા રિચાર્ડસન તાજેતરમાં સાત ફર્સ્ટ-ક્લાસ મેચ રમ્યા છે, જેમાં ફક્ત છ વિકેટ લીધી છે. તે ભારત છ સામે મજબૂત પ્રદર્શન કરીને પસંદગીકારોને પ્રભાવિત કરવાનો પ્રયાસ કરશે.બે ભારતીય મૂળના ખેલાડીઓ, નિખિલ ચૌધરી અને તનવીર સંઘાને ઓસ્ટ્રેલિયા એ ની વનડે ટીમમાં સામેલ કરવામાં આવ્યા છે. યુવા ઓલી પીક અને કૂપર કોનોલીને પણ ટીમમાં સામેલ કરવામાં આવ્યા છે. તનવીર સંઘાએ અત્યાર સુધીમાં છ વનડે અને સાત ટી૨૦ મેચ રમી છે, જેમાં તેણે ચાર વનડે અને દસ ટી૨૦ મેચ રમી છે.

મને પ્રેમ થયો, પછી મારું દિલ તૂટી ગયું, અને અંતે મેં લગ્ન કરી લીધા : વિજય દેવેરાકોન્ડા

મુંબઈ,

દક્ષિણ સિનેમાના પ્રખ્યાત અભિનેતા વિજય દેવેરાકોન્ડાએ તેમના અંગત જીવન વિશે એક મોટું નિવેદન આપ્યું છે. પ્રણય રેડ્ડી વાંગાના નવા પ્રોડક્શન, "રોમનચકમ" ના પ્રમોશનલ કાર્યક્રમમાં હાજરી આપનાર વિજય અને "અર્જુન રેડ્ડી" ના દિગ્દર્શક, તેમના ભાઈ સંદીપ રેડ્ડી વાંગાએ તેમના જીવનના ઘણા અદ્રશ્ય પાસાઓ વિશે ખુલ્લેઆમ વાત કરી. તેમણે રશ્મિકા મંદન્ના સાથેના તેમના લગ્ન, તેમના હૃદયભંગ અને દારૂ છોડવાના નિર્ણય વિશે ખુલ્લેઆમ વાત કરી.

કાર્યક્રમ દરમિયાન, જ્યારે શોના હોસ્ટે વિજયને ૨૦૨૬ ના

તેમના સૌથી રોમાંચક અનુભવ વિશે પૂછ્યું, ત્યારે તેમણે તેમની ચર્ચા ફક્ત આ વર્ષ કે તેમના લગ્ન સુધી મર્યાદિત રાખી નહીં, પરંતુ તેમના સમગ્ર જીવન પ્રવાસ વિશે વાત કરી. ચાહકોના જોરદાર ઉત્સાહ વચ્ચે, વિજયે કહ્યું, "મારો જન્મ ૧૯૮૯ માં થયો હતો, અને ત્યારથી દર વર્ષે એક રોમાંચક વર્ષ રહ્યું છે. મારા ખિસ્સામાં પૈસા હોય કે ન હોય, મેં વિવિધ પ્રકારના દારૂ પીધા હતા, પરંતુ હવે મેં સંપૂર્ણપણે દારૂ છોડી દીધો છે."

વિજયે પ્રથમ વખત તેમના ભૂતકાળના જીવનના કડવા અનુભવો પર પ્રકાશ પાડ્યો. તેમણે કહ્યું, "મને પ્રેમ થયો, પછી મારું દિલ તૂટી ગયું, અને અંતે મેં લગ્ન કરી લીધા. સંજોગો ગમે તે હોય, જીવન હંમેશા સાહસથી ભરેલું રહ્યું છે." આ શબ્દો સાંભળીને, સ્ટેજ પર હાજર સંદીપ રેડ્ડી વાંગા હસ્યા વગર રહી શક્યા નહીં અને અભિનેતાને બિરદાવ્યા. કાર્યક્રમ દરમિયાન, જ્યારે ચાહકોએ તેમની "વાદિનમ્મા" (ભાભી) રશ્મિકા મંડન્ના વિશે પૂછ્યું, ત્યારે વિજયે હસીને તેમને જણાવ્યું કે રશ્મિકા, જે હિપની ઈજામાંથી સ્વસ્થ થઈ રહી છે, તેની તબિયત સારી છે. તેમણે કહ્યું, "તમારી ભાભી હવે સારી છે. તે ઘાયલ થઈ હતી, પરંતુ તે ઘરે આરામ કરી રહી છે અને સ્વસ્થ થઈ રહી છે."

૧૦ વર્ષ બાદ બિગ બોસ બાંગ્લાની ૧૫ સ્પર્ધકો સાથે ત્રીજી સીઝન : સૌરવ ગાંગુલી કમાન સંભાળશે

મુંબઈ,

૧૦ વર્ષ પછી, 'બિગ બોસ બાંગ્લા' ટીવી પર પાછું આવ્યું છે. લોકપ્રિય રિયાલિટી શોનું બંગાળી વર્ઝન રવિવારે તેની ત્રીજી સીઝન સાથે પરત ફર્યું છે અને તેને સ્ટાર જલ્શા પર જોઈ શકાય છે.ઓટીટી પર, તે જીયો સ્ટાર પર જોઈ શકાય છે. આ વખતે, ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટ કેપ્ટન સૌરવ ગાંગુલી હોસ્ટ તરીકે કાર્યભાર સંભાળી રહ્યા છે. નવી સીઝનમાં વિવિધ ક્ષેત્રોના ૧૫ સ્પર્ધકો છે, જેમાં અભિનેતાઓ, ગાયકો, ભૂતપૂર્વ ફૂટબોલર, ઉદ્યોગસાહસિકો અને સોશિયલ મીડિયા પર્સનાલિટીનો સમાવેશ થાય છે. પ્રીમિયર એપિસોડમાં બિગ બોસના ઘરમાં એક પછી એક પ્રવેશ કરતા બધા ૧૫ સ્પર્ધકોનો પરિચય થયો.



અભિનેત્રી મોનામી ઘોષ શોમાં પ્રવેશ કરનારી પ્રથમ સ્પર્ધક બની. દુર્ગા પૂજા પહેલાં, તે પરંપરાગત સફેદ અને લાલ સાડીમાં 'ઉમા' તરીકે સ્ટેજ પર દેખાઈ હતી અને પોતાના ગીત પર નૃત્ય કરતી હતી.

બીજા સ્પર્ધક અભિનેતા ભરત કૌલ હતા, જે ફિલ્મો અને ટેલિવિઝનમાં નકારાત્મક ભૂમિકાઓ ભજવવા માટે જાણીતા હતા. તેમના પછી ગાયક દુર્નિલબર સાહા આવ્યા, જેમણે ગાયન રિયાલિટી શો જીત્યા છે અને બાદમાં પોતાને પ્લેબેક સિંગર તરીકે સ્થાપિત કર્યા છે.

સ્વર્ગસ્થ બંગાળી અભિનેતા તાપસ પાલની પુત્રી સોહિની પાલ ચોથા સ્પર્ધક તરીકે ઘરમાં પ્રવેશી. તેમના પછી "લાફ્ટરસેન" તરીકે ઓળખાતા યુટ્યુબર નિરંજન મંડલ આવ્યા. ધોતી જેવા પંજાબી પોશાક પહેરેલા, તેમણે પોતાને બાળકો જેવા ગણાવ્યા અને કહ્યું કે તેઓ ઘરના કામકાજ કરતા નથી.અભિનેત્રી નંદિની રોય છઠ્ઠી સ્પર્ધક હતી. તેણીએ તાજેતરમાં ટેલિવિઝન સિરિયલ "કોને દેખા આલો" છોડી દીધી હતી. તેણીના પરિચય દરમિયાન, નંદિનીએ સ્પષ્ટ કર્યું કે તેણી આ શો જીતવા માંગે છે. ભૂતપૂર્વ ફૂટબોલર દિપેન્દુ બિસ્વાસ સાતમા સ્પર્ધક બન્યા. તે પૂર્વ બંગાળ, મોહન બાગાન, મોહમ્મદન સ્પોર્ટિંગ અને ભારતીય રાષ્ટ્રીય ટીમ માટે રમી ચૂક્યા છે. તેણીના પરિચય દરમિયાન, તેમણે કહ્યું કે તેમની પુત્રી "બિગ બોસ" બાંગ્લામાં તેમની ભાગીદારી માટે ખૂબ જ ઉત્સાહિત છે.

ભારતીય ટેસ્ટ ટીમમાંથી બહાર રહેલા મયંક અગ્રવાલને ઈંગ્લેન્ડ કાઉન્ટીમાં રમવાની તક

નવીદિલ્હી,

ભારતીય ટેસ્ટ ટીમમાંથી બહાર રહેલા અનુભવી બેટ્સમેન મયંક અગ્રવાલને ઈંગ્લેન્ડ કાઉન્ટી ક્રિકેટમાં રમવાની તક આપવામાં આવી છે. ૩૫ વર્ષીય ખેલાડીએ વર્તમાન કાઉન્ટી ચેમ્પિયનશિપ સીઝનના અંતિમ તબક્કા માટે ડરહમ ક્રિકેટ ક્લબ સાથે કરાર કર્યો છે. તે ટીમની બાકીની મેચો માટે પોતાની સેવાઓ આપશે. ડરહમ હાલમાં કાઉન્ટી ચેમ્પિયનશિપના ડિવિઝન ટુમાં સારું પ્રદર્શન કરી રહ્યું છે. ટીમે અત્યાર સુધી રમાયેલી ૧૦ મેચોમાંથી સાત જીતી છે, જ્યારે ત્રણ ડ્રો થઈ છે. ડરહામ બીજા ક્રમની ટીમ પર નોંધપાત્ર લીડ ધરાવે છે અને ડિવિઝન વનમાં પાછા ફરવાની તેની પાસે સારી તક છે.

મયંક અગ્રવાલને દક્ષિણ આફ્રિકાના બેટ્સમેન ડેવિડ બેડિંગહામના સ્થાને ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે. બેડિંગહામ આ અઠવાડિયે દક્ષિણ આફ્રિકાની રેડ-બોલ સીઝનને કારણે સ્વદેશ પરત ફરી રહ્યો છે. તેણે તાજેતરમાં ગ્લુસ્ટરશાયર સામે સદી ફટકારી હતી અને ડરહામની ૧૦ વિકેટની વ્યાપક જીતમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી.મયંકે અગાઉ ઇંગ્લેન્ડ કાઉન્ટી ક્રિકેટનો અનુભવ કર્યો છે. તેણે ૨૦૨૫ સીઝનની છેલ્લી ત્રણ મેચમાં યોર્કશાયરનું પ્રતિનિધિત્વ કર્યું હતું. તેથી, અંગ્રેજી પરિસ્થિતિઓ તેના માટે સંપૂર્ણપણે નવી નથી. મયંક અગ્રવાલે ૨૦૧૮ અને ૨૦૨૧ વચ્ચે ભારતીય ટીમ માટે ૨૧ ટેસ્ટ મેચ રમી હતી. આ સમયગાળા દરમિયાન, તેણે ૪૧.૩૩ ની સરેરાશથી ૧,૪૮૮ રન બનાવ્યા હતા, જેમાં ચાર સદીનો સમાવેશ થાય છે. તેનો સર્વોચ્ચ સ્કોર ૨૪૩ હતો, જે તેણે ૨૦૧૯ માં ઇન્દોર ટેસ્ટમાં બાંગ્લાદેશ સામે બનાવ્યો હતો.

અભિનેત્રી શાલિની પાંડે ઈન્ટરનેટ પર કૃત્રિમ બુદ્ધિમત્તાના વધતા જતા દુરુપયોગનો ભોગ બની

મુંબઈ,

બોલીવુડમાં પોતાનું નામ બનાવનાર અભિનેત્રી શાલિની પાંડે ઈન્ટરનેટ પર કૃત્રિમ બુદ્ધિમત્તાના વધતા જતા દુરુપયોગનો ભોગ બની છે. તાજેતરમાં, તેનો એક નકલી એઆઈ-જનરેટેડ ડીપફેક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થવા લાગ્યો, જેના કારણે અભિનેત્રી બોલવા મજબૂર થઈ. શાલિનીએ સ્પષ્ટતા કરી કે વાયરલ વીડિયો સંપૂર્ણપણે નકલી છે અને તેનો તેની સાથે કોઈ સંબંધ નથી. તેણીએ લોકોને આવી ભ્રામક અને વાંધાજનક સામગ્રી ફોરવર્ડ ન કરવા પણ ભારપૂર્વક અપીલ કરી.

શાલિની પાંડેએ સોમવારે તેના સત્તાવાર ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર એક નિવેદન બહાર પાડ્યું, જેમાં આ નકલી વિડિઓ પાછળનું સત્ય ઉજાગર કરવામાં આવ્યું.એઆઈના દુરુપયોગ પર ભારે નારાજગી વ્યક્ત કરતાં, તેણીએ લખ્યું કે તેણી તેના નામે ફરતા થઈ રહેલા નકલી એઆઈ વિડિઓ તરફ ધ્યાન દોરવા માંગે છે. તેણીએ કહ્યું કે આ વિડિઓ સંપૂર્ણપણે બનાવટી છે અને તેમાં તેણી બિલકુલ દેખાતી નથી. તેણીએ કહ્યું કે વ્યક્તિઓ, ખાસ કરીને મહિલાઓને લક્ષ્ય બનાવવા અને નુકસાન પહોંચાડવા માટે ટેકનોલોજીનો



આવો દુરુપયોગ જોવો અત્યંત દુઃખદ અને ખલેલ પહોંચાડે છે. તેણીના નિવેદનમાં, અભિનેત્રીએ આવા કૃત્યોની સખત નિંદા કરી અને કહ્યું કે ટેકનોલોજીનો આવો દુરુપયોગ ક્યારેય સામાન્ય ન ગણવો જોઈએ. શાલિનીએ તેના ચાહકો અને ઈન્ટરનેટ વપરાશકર્તાઓને વિનંતી કરી કે જો તેઓ આ વિડિઓ જુએ, તો તેઓએ તેને શેર, ફોરવર્ડ, ડાઉનલોડ અથવા ટિપ્પણી ન કરવી જોઈએ. તેના બદલે, તેઓએ તેને વધુ ફેલાતો અટકાવવા માટે તાત્કાલિક સામગ્રીની જાણ કરવી જોઈએ. તેણીએ દરેકને જવાબદાર નાગરિકો તરીકે વર્તવા વિનંતી કરી.શાલિનીના નિવેદન બાદ, તેના ચાહકો અને સોશિયલ મીડિયા વપરાશકર્તાઓ ખુલ્લેઆમ તેના સમર્થનમાં બહાર આવ્યા છે.

શબ્દ શોધો

લ	ચ	ગ	એ	જ	અ	ગ	ર	ગ	ગુ	ડ	ર
ક	ક	તી	એ	સા	આ	બા	ઝ	મા	મ	સ	ગ
બિ	ચા	વા	ભા	ફ	શ	લ	ન	રી	ગ	બ	ર
શ	ર	તી	કા	એ	સા	ચ	મ	ચી	કા	ર	ર
જી	આ	કા	ધ	જ્ઞા	ધ	ઇ	સ	બ	ણા	વા	ર
મા	વા	પ્ર	સ	ક	ન	સા	ઇ	ક્રો	બૂ	વ	ળ
ગુ	લા	મ	મા	બા	તા	ગુ	મ	ના	મ	ખ	લી
ર	પ્રા	ધ	ધ	મા	પ	ભો	ડ	કા	ગ	વા	રી
ર	કી	બા	બં	ત	સ	હિ	મ	પ્રા	ક	રા	બં
ક	ક	કા	શ	મા	બા	ભો	રો	હિ	બિ	ણે	દા
ઇ	કી	દા	ણા	લ	વા	ચા	લા	બં	ર	ત	વા
બા	લ	સા	લ	સ	ત	ભ	ડી	ક	ગ	ક	દ

શબ્દ શોધો

ગઝલ, ગુમનામ, ગુમાન, ગુલામ, ચકચાર, ચમચી, જ્ઞાન, ડમરી, ડમરો, તાપસ

લગ્નના પાંચ મહિનામાં જ બાદશાહ અને ઈશા રિખીના છૂટાછેડા થઈ ગયા

મુંબઈ,

માર્ચ ૨૦૨૬ માં, રેપર બાદશાહના કેટલાક ફોટા સોશિયલ મીડિયા પર સામે આવ્યા, જેના કારણે ખુલાસો થયો કે ગાયકે ગુપ્ત રીતે બીજી વાર લગ્ન કર્યા છે. આ ફોટા હોવા છતાં, બાદશાહ લગ્ન પર મૌન રહ્યા. પંજાબી અભિનેત્રી ઈશા રિખી સાથે બાદશાહના લગ્નના ફોટાઓની વ્યાપક ચર્ચા થઈ. જોકે, તેમના લગ્નના માત્ર ત્રણ મહિના પછી, તેમના સંબંધોમાં તણાવના અહેવાલો સપાટી પર આવવા લાગ્યા. ઈશા રિખીએ જુલાઈમાં એક પોસ્ટ શેર કરી હતી, જેનાથી છૂટાછેડાની અફવાઓ ફેલાઈ હતી. હવે, એક પોસ્ટમાં, બાદશાહ અને ઈશા રિખીએ તેમના છૂટાછેડાની જાહેરાત કરી છે. આ સાથે,

લગ્નના માત્ર પાંચ મહિના પછી તેમનો સંબંધ સમાપ્ત થઈ ગયો છે.

૩૧ ઓગસ્ટના રોજ, તેમના સંબંધો વિશે ચાલી રહેલી અટકળો વચ્ચે, બાદશાહ અને ઈશા રિખીએ તેમની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર એક પોસ્ટ શેર કરી, જેમાં સ્પષ્ટતા કરી કે તેઓએ અલગ થવાનો નિર્ણય લીધો છે. અત્યાર સુધી, બાદશાહે સોશિયલ મીડિયા પર તેમના લગ્નના કોઈ ફોટા પોસ્ટ કર્યા ન હતા, ન તો તેમણે ક્યારેય તેમના સંબંધો વિશે ખુલ્લેઆમ વાત કરી હતી. હવે, તેમણે આ પોસ્ટ શેર કરીને તેમના છૂટાછેડાની જાહેરાત કરી છે, જેનાથી તેમના ચાહકો ચોંકી ગયા છે.

બાદશાહે પોતાની સંયુક્ત પોસ્ટમાં લખ્યું, "મેં અને ઈશા રિખીએ પરસ્પર અલગ થવાનો અને અમારા અલગ માર્ગો પર આગળ વધવાનો નિર્ણય લીધો છે.

બેન સ્ટોક્સ ૧૨ વર્ષ પછી બીબીએલમાં પાછો ફરશે, એડિલેડ સ્ટ્રાઈકર્સ સાથે જોડાશે

એડિલેડ,

ઈંગ્લેન્ડના સ્ટાર ઓલરાઉન્ડર બેન સ્ટોક્સે તાજેતરમાં આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ લીધી છે. તે હવે વિશ્વભરની ટી ૨૦ લીગમાં રમતા જોવા મળશે. સ્ટોક્સ હવે બિગ બેશ લીગની આગામી સીઝનમાં રમતા જોવા મળશે. તેણે આ લીગમાં રમવા માટે એડિલેડ સ્ટ્રાઈકર્સ સાથે કરાર કર્યો છે. સ્ટોક્સ લગભગ ૧૨ વર્ષ પછી બિગ બેશ લીગમાં પાછા ફરશે. સ્ટોક્સ અગાઉ બીબીએલમાં રમી ચૂક્યા છે. તેમણે ૨૦૧૪-૧૫માં મેલબોર્ન રેનેગેડ્સનું પ્રતિનિધિત્વ કર્યું.

બેન સ્ટોક્સ પહેલા ફક્ત ઈંગ્લેન્ડની રાષ્ટ્રીય ટીમ પર ધ્યાન કેન્દ્રિત કરતા હતા, પરંતુ હવે તેઓ આમ કરવા માટે સંપૂર્ણપણે સ્વતંત્ર



છે. વધુમાં, ચાહકો ટૂંક સમયમાં તેમને સમગ્ર સીઝન દરમિયાન ઇન્ડિયન પ્રીમિયર લીગમાં રમતા જોઈ શકે છે. ક્રિકેટ ઓસ્ટ્રેલિયા અનુસાર, ઈંગ્લેન્ડના ભૂતપૂર્વ કેપ્ટન બેન સ્ટોક્સ આગામી બીબીએલ સીઝન માટે સત્તાવાર રીતે એડિલેડ સ્ટ્રાઈકર્સમાં જોડાયા છે. તેમને સિડની સિક્સર્સ અને મેલબોર્ન રેનેગેડ્સ તરફથી નોંધપાત્ર ઓફરો મળી હતી, પરંતુ તેમણે એડિલેડ સ્ટ્રાઈકર્સને પસંદ કર્યા. સ્ટોક્સ સમગ્ર ટુર્નામેન્ટ દરમિયાન રમવા માટે ઉપલબ્ધ રહેશે અને તેમને આશરે એયુડી ૫૦૦,૦૦૦ (આશરે ૫૦૦,૦૦૦ ઓસ્ટ્રેલિયન ડોલર) અથવા ૩૪.૧ કરોનો પગાર મળશે.

ભાવનગર રેલ મંડળમાં 'રાજભાષા માસ-૨૦૨૬'નો ઉત્સાહભેર પ્રારંભ

પશ્ચિમ રેલવેના ભાવનગર મંડળ ખાતે ૧ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ 'રાજભાષા માસ'નો શુભારંભ થયો છે. મંડળ કચેરી ખાતે આયોજિત સમારોહમાં મંડળ રેલ પ્રબંધક દિનેશ વર્માએ અધિકારીઓ અને કર્મચારીઓને સરકારી કામકાજમાં હિન્દીના વધુમાં વધુ ઉપયોગ અને પ્રચાર-પ્રસાર માટે શપથ લેવડાવ્યા હતા.આ પ્રસંગે અપર મંડળ રેલ પ્રબંધક ઋત્વિક શર્મા સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ૧ થી ૩૦ સપ્ટેમ્બર દરમિયાન રાજભાષા વિભાગ દ્વારા કર્મચારીઓ અને અધિકારીઓ માટે નિબંધ, ટિપ્પણ લેખન, પ્રશ્નોત્તરી, વક્તૃત્વ અને ફોટો કેપ્શન જેવી વિવિધ રચનાત્મક સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું છે. ૩૦ સપ્ટેમ્બરના રોજ સમાપન સમારોહમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર રેલકર્મીઓને રોકડ પુરસ્કાર અને પ્રશસ્તિપત્ર આપી સન્માનિત કરવામાં આવશે.

૧૩ જિલ્લા અને ૧ કેન્દ્રશાસિત પ્રદેશના યુવાનો ભાગ લેશે

ભાવનગરમાં કાલથી ૧૧ મી સુધી અગ્નિવીર ભરતી રેલી

સરદાર પટેલ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે જામનગર ARO દ્વારા કવાયત; પારદર્શક પ્રક્રિયા અને એડમિટ કાર્ડ સાથે જરૂરી દસ્તાવેજો લાવવા આર્મી તંત્રની સૂચના

ભાવનગર,તા.૨

આર્મી ભરતી કાર્યાલય (ARO), જામનગર દ્વારા આગામી તા. ૩ સપ્ટેમ્બર ૨૦૨૬ થી ૧૧ સપ્ટેમ્બર ૨૦૨૬ દરમિયાન ભાવનગરના સરદાર પટેલ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે અગ્નિપથ યોજના હેઠળ ભવ્ય આર્મી ભરતી રેલીનું આયોજન કરવામાં આવ્યું છે. આ ભરતી રેલીમાં અગ્નિવીર જનરલ ડ્યુટી, અગ્નિવીર ટેકનિકલ, તથા ૮મી અને ૧૦મી પાસ અગ્નિવીર ટ્રેડ્સમેન કેટેગરી માટે ઉમેદવારોની પસંદગી કરવામાં આવશે, જેમાં છઈ જામનગર હેઠળ આવતા ૧૩ જિલ્લાઓ જેવા કે જામનગર, પોરબંદર, રાજકોટ, અમરેલી, ભાવનગર, જૂનાગઢ, સુરેન્દ્રનગર, કચ્છ, ગીર સોમનાથ, બોટાદ, મોરબી, દેવભૂમિ દ્વારકા, પાટણ અને કેન્દ્રશાસિત પ્રદેશ દીવના ઉમેદવારો ભાગ લઈ શકશે.

નિયત કરાયેલા શેડ્યૂલ મુજબ, ૩ સપ્ટેમ્બરે સુરેન્દ્રનગર, ૪ સપ્ટેમ્બરે પાટણ, રાજકોટ અને અમરેલી, ૫ સપ્ટેમ્બરે બોટાદ, જામનગર અને જૂનાગઢ, તેમજ ૬ સપ્ટેમ્બરે કચ્છ અને ગીર સોમનાથ જિલ્લાના ઉમેદવારો માટે અગ્નિવીર જનરલ ડ્યુટીની રેલી યોજાશે. ૭ સપ્ટેમ્બરે દેવભૂમિ દ્વારકા તેમજ ભાવનગર જિલ્લાના ભાવનગર, ગારિયાધાર અને ઘોઘા તાલુકાના ઉમેદવારો, ૮ સપ્ટેમ્બરે પોરબંદર તેમજ ભાવનગરના જેસર, પાલિયાણા અને શિહોર તાલુકાના ઉમેદવારો, અને ૯ સપ્ટેમ્બરે મોરબી તથા ભાવનગરના મહુવા, તળાજા, ઉમરાળા અને વલ્લભીપુર તાલુકાના ઉમેદવારો માટે અગ્નિવીર જનરલ ડ્યુટીની રેલી રહેશે. આ ઉપરાંત ૯ સપ્ટેમ્બરે જ તમામ ૧૩ જિલ્લાઓ અને દીવના ઉમેદવારો માટે અગ્નિવીર ટેકનિકલ, ૧૦ સપ્ટેમ્બરે અગ્નિવીર ટ્રેડ્સમેન (૮મી અને ૧૦મી પાસ) તથા ૧૧ સપ્ટેમ્બરે મેડિકલ ઓફ બેલેન્સ ઉમેદવારોની પ્રક્રિયા હાથ ધરાશે.

બીજી તરફ, અગ્નિવીર ક્લાર્ક/સ્ટોર કીપર ટેકનિકલ કેટેગરીના ઉમેદવારો ૧૨ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ વિસાપુર (ચંદ્રપુર, મહારાષ્ટ્ર) ખાતે યોજાનાર રેલીમાં હાજરી આપશે. ઉમેદવારોને વેબસાઈટ www.joinindianarmy.nic.in પરથી વિગતવાર સૂચનાઓ વાંચી એડમિટ કાર્ડ સાથે જરૂરી મૂળ દસ્તાવેજો અને ઝેરોક્સ સાથે લાવવા જણાવવામાં આવ્યું છે. આર્મી તંત્રે સ્પષ્ટ કર્યું છે કે ભરતી પ્રક્રિયા સંપૂર્ણપણે નિષ્પક્ષ અને પારદર્શક હોવાથી ઉમેદવારોએ કોઈ પણ બોગસ એજન્ટ કે દલાલોના બહેકાવામાં આવવું નહીં. વધુ માહિતી માટે હેલ્પલાઈન નંબર ૦૨૮૮-૨૫૫૦૩૪૬ પર સંપર્ક કરી શકાશે.

આર્મી ભરતી રેલીને પગલે રાત્રિના સમયે વાહન વ્યવહાર માટે ડાયવર્ઝન જાહેર

સીદસર સ્થિત સરદાર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે ૩ થી ૧૨ સપ્ટેમ્બર દરમિયાન યોજાનાર લશ્કરી ભરતી મેળાને ધ્યાને રાખી ટ્રાફિક નિયમન જળવાઈ રહે તે માટે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ એન.ડી. ગોવાણી દ્વારા ડાયવર્ઝનનું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે.૨ થી ૧૨ સપ્ટેમ્બર સુધી દરરોજ રાત્રે ૮:૦૦ થી સવારે ૬:૦૦ કલાક સુધી રાજપથ ચોકડીના ડિવાઈડર કટથી ગ્રીલ બાર રેસ્ટોરન્ટ સુધીના સિંગલ લેન રસ્તાનો ઉપયોગ અવરજવર માટે કરવાનો રહેશે, જ્યારે ત્યાંથી લીલા સર્કલ તરફ જવા રેગ્યુલર ફોર લેન રસ્તો ખુલ્લો રહેશે. સરકારી, ઈમરજન્સી અને એસ.ટી. બસોને આમાંથી મુક્તિ અપાઈ છે. જાહેરનામાના ભંગ બદલ કલમ-૧૩૧ હેઠળ કાર્યવાહી થશે.

તળાજા તાલુકામાં ખેતીવાડીમાં આજથી ૧૦ કલાક વીજ પુરવઠો મળશે

ભાવનગર,તા.૨

તળાજા પંથકમાં વરસાદ ખેંચાતાં સુકાઈ રહેલી મોલાતને બચાવવા માટે તળાજા તાલુકાના ખેડૂતોને આજથી ખેતીવાડી કનેક્શનોમાં ૧૦ કલાક વીજ પુરવઠો આપવાનો મહત્વનો નિર્ણય લેવાયો છે.પ્રથમ રાઉન્ડમાં સારા વરસાદને કારણે કુવામાં પાણીના તળ ઊંચા આવ્યા હતા, પરંતુ બાદમાં સતત વરસાદ ખેંચાતાં પાક બળી જવાની ભીતિ સેવાઈ રહી હતી. વીજળીના અભાવે ખેડૂતો પાકને પૂરતું પાણી આપી શકતા ન હતા.આ ગંભીર સ્થિતિ અંગે તળાજાના ધારાસભ્યએ ગાંધીનગર પહોંચી રાજ્યના ઊર્જા મંત્રીને સઘન રજૂઆત કરી હતી. ખેડૂતોની વ્યથા સમજીને ઊર્જા મંત્રીએ આજથી દસ કલાક વીજ પુરવઠો આપવાની હૈયાધારણા આપતાં ધરતીપુત્રોમાં આનંદની લહેર વ્યાપી ગઈ છે.

વીર જવાન મુન્નાભાઈ વરૂ દેશસેવા પૂર્ણ કરી વતન પરત ફરતાં ભવ્ય સત્કાર

ભારતીય સેનાની 'મહાર રેજિમેન્ટ'માંથી નિવૃત્ત થયેલા રણબંકાનું ઢોલ-નગારા અને ફૂલેકા સાથે આખા ગામે હરખભેર સ્વાગત કર્યું

રાજુલા,તા.૨

દુધાળા ગામના ગૌરવ, કાઠી સમાજના રત્ન અને ભારતીય સેનાના વીર જવાન મુન્નાભાઈ જોરુભાઈ વરૂ ૧૫ વર્ષ સુધી સફળતાપૂર્વક દેશસેવા બજાવી વતન પરત ફરતાં સમસ્ત દુધાળા ગામ હરખઘેલું બન્યું હતું.

મુન્નાભાઈ વરૂ ભારતીય સેનાની ગૌરવવંતી 'ધ મહાર રેજિમેન્ટ'માં મધ્યપ્રદેશના સાગર ખાતે ફરજ બજાવી રહ્યા હતા. તારીખ ૩૧ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ ૧૫ વર્ષની યશસ્વી અને નિષ્કલંક સેવા પૂર્ણ કરી સેનાના વડા દ્વારા તેમની કામગીરીની સરાહના કરી ભાવભરી વિદાય આપવામાં આવી હતી. માતૃભૂમિની રખેવાળી કરનાર આ રણબંકા યોદ્ધાનું તા. ૧ સપ્ટેમ્બરના રોજ દુધાળા ગામમાં આગમન થયું હતું. તેમના આગમનને વધાવવા ગામ દ્વારા ભવ્ય સત્કાર સમારોહ યોજાયો હતો. ઢોલ-નગારાના નાદ, ફૂલોની વર્ષા અને જય હિન્દના ગગનભેદી નારાઓ વચ્ચે કાઠિયાવાડી ઘોડા પર બેસાડીને તેમનું આખા ગામમાં ફૂલેકું ફેરવવામાં આવ્યું હતું.

સૈન્યમાંથી નિવૃત્ત થઈ વતન આવેલા મહેબૂબ અલી વસાયાનું કરાયું સ્વાગત

ભારતીય સૈન્યમાં એન્જીનીયર પદે રહી દેશસેવા પૂર્ણ કરી પરત ફરતા મુસ્લિમ ખોજા શિયા સમાજ અને પરિવારજનો દ્વારા ઉષ્માભર્યું સન્માન

ભાવનગર,તા.૨

ભારતીય સેનામાં ૧૭ વર્ષ અને ૬ મહિનાની સેવાઓ આપ્યા બાદ એન્જિનિયર તરીકે નિવૃત્ત થયેલા ભાવનગરના વતની મહેબૂબ અલી અમીર અલી વસાયા વતન પરત ફરતાં સમગ્ર ખોજા શિયા સમાજમાં ગૌરવની લાગણી વ્યાપી ગઈ છે.

આજે બુધવારે સવારે મહેબૂબ અલી વસાયા ભાવનગર રેલ્વે સ્ટેશન ખાતે આવી પહોંચતાં જ ખોજા શિયા સમાજના આગેવાનો, પરિવારજનો, સગા-સંબંધીઓ અને શુભેચ્છકો દ્વારા તેમનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. દેશસેવામાં જીવનના અમૂલ્ય વર્ષો આપનાર આ વીર જવાનના સન્માનમાં રેલ્વે સ્ટેશનથી તેમના નિવાસસ્થાન સુધી એક ભવ્ય સ્વાગત યાત્રા યોજવામાં આવી હતી. મુસ્લિમ ખોજા સમાજે તેમના આ યોગદાનને બિરદાવી સમાજ માટે ગૌરવરૂપ ગણાવ્યું હતું.

૧૮ સપ્ટેમ્બરના રોજ સમગ્ર ગુજરાતમાં રિલીઝ

અનુ.પાના ૮નું શરૂ...

ભાવનગરમાં 'સોફ્ટવેર ટેકનોલોજી પાર્ક્સ'

નિર્માણ પામનારું આ STPI સેન્ટર સમગ્ર પ્રદેશને ગુજરાતના એક ઉભરતા આઈટી અને ટેકનોલોજી હબ તરીકે પ્રસ્થાપિત કરવામાં પાયાનો પથ્થર સાબિત થશે. આ પ્રોજેક્ટ કાર્યરત થવાથી સ્થાનિક આઈટી ઈકોસિસ્ટમ મજબૂત બનશે, નવા સંશોધનો અને સ્ટાર્ટઅપ્સને મોટું પ્રોત્સાહન મળશે તેમજ ભાવનગરના સ્થાનિક યુવાનો માટે રોજગારીની વિશાળ અને નવી તકો ઊભી થશે."આ અગત્યની સમીક્ષા બેઠકમાં STPI-ગાંધીનગરના ડાયરેક્ટર સોનલ ભટાવાડેકર, ICT અને ઈ-ગવર્નન્સ નિયામકની કચેરીના ડેપ્યુટી ડાયરેક્ટર કમલેશકુમાર પટેલ સહિત રાજ્ય આઈટી વિભાગના અન્ય વરિષ્ઠ અધિકારીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

રાજકોટમાં કૃષ્ણ જન્મોત્સવ નિમિત્તે આયોજિત લોકમેળામાં રંગત: દરરોજ સાંસ્કૃતિક કાર્યક્રમની રમઝટ

રાજકોટ,

રાજકોટના રેસકોર્સ મેદાન ખાતે રાજકોટ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આગામી તા. ૦૨થી ૦૬ સપ્ટેમ્બર દરમિયાન 'વિરાસતથી વિકાસ લોકમેળા'નું આયોજન કરવામાં આવ્યું છે. શ્રી કૃષ્ણ જન્મોત્સવના પાવન અવસર નિમિત્તે આયોજિત આ લોકમેળામાં મનોરંજનની સાથેસાથે ગુજરાતની સાંસ્કૃતિક ચેતના, લોકપરંપરા અને સમૃદ્ધ વારસાને ઉજાગર કરવાના આશયથી દરરોજ સાંસ્કૃતિક કાર્યક્રમનું વિશેષ આયોજન કરવામાં આવ્યું છે.

સૌરાષ્ટ્રની સંસ્કૃતિ અને લોકજીવનની ઓળખ તેમજ 'વિરાસતથી વિકાસ'ના પ્રતીક સમાન આ લોકમેળામાં દેશભક્તિ, લોકસંગીત, રાસ-ગરબા, ડાયરો, શાસ્ત્રીય વાદન અને લુપ્ત થતી પ્રાચીન કલાઓની અદ્ભુત કૃતિઓ પ્રસ્તુત કરવામાં આવશે. રાજકોટ જિલ્લા વહીવટી તંત્ર તેમજ યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના સંયુક્ત ઉપક્રમે મેળાના મુલાકાતીઓ આપણા અણમોલ સાંસ્કૃતિક વારસાથી પરિચિત થાય અને તેના સંવર્ધન સાથે પ્રગતિની દિશા આગળ વધે, તેવા ઉમદા હેતુસર પ્રખ્યાત અને સ્થાનિક કલાકારો પાંચ દિવસ દરમિયાન બપોરે ૦૩ કલાકથી રાત્રે ૧૦ કલાક સુધી સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરશે.જિલ્લા યુવા વિકાસ અધિકારી શ્રી હિતેશભાઈ દિહોરાના માર્ગદર્શન હેઠળ આયોજિત આ સંસ્કૃતિક કાર્યક્રમનું સંચાલન શ્રી દિનેશભાઈ બાલાસરા કરશે.

પ્રથમ દિવસ (તા. ૦૨) સાંજે ૦૫ વાગ્યાથી ૬:૩૦ વાગ્યા દરમિયાન લોકમેળાનો ઉદ્ઘાટન કાર્યક્રમ યોજાશે, જેમાં નેવી બેન્ડ દેશભક્તિના સૂરો રેલાવશે. ત્યારબાદ શ્રી કિંજલબેન પરમાર ગ્રુપ દેશભક્તિના ગીતો પ્રસ્તુત કરશે. સાંજે ૦૭ વાગ્યાથી રાત્રે ૦૮ વાગ્યા સુધી નેવી બેન્ડ ગ્રુપ સ્વર-તરંગો અને રાત્રે ૦૮ વાગ્યાથી રાત્રે ૧૦ વાગ્યા દરમિયાન જાણીતા કલાકાર શ્રી ગોપાલભાઈ ભરવાડ અને તેમની ટીમ લોકડાયરાની રમઝટ બોલાવશે.

પશ્ચિમ રેલવે ભાવનગર વર્કશોપ

બોગીઓનું ડિસ્મેન્ટલિંગ, સમારકામ, મેન્યુઅલ સફાઈ તથા પેઇન્ટિંગનું કામ

ઇ-ટેન્ડર નંબર: BVPW-2026-27-Bogie-14; કાર્યનું નામ: કામના વ્યાપ મુજબ ભાવનગર પરા (BVP) વર્કશોપ ખાતે 02 વર્ષ માટે બોગીઓનું ડિસ્મેન્ટલિંગ, સમારકામ, મેન્યુઅલ સફાઈ તથા પેઇન્ટિંગનું કામ. **કામની અંદાજિત કિંમત:** ₹ 82,57,947.60/-; **બિડ સિક્યોરિટી:** ₹ 1,65,200/-; **કાર્ય પૂર્ણ કરવાની અવધિ:** LOA જારી કર્યાની તારીખથી 24 મહિના; **ટેન્ડર જમા કરવાની છેલ્લી તારીખ અને સમય:** 23/09/2026, 10:30 કલાકે. **ટેન્ડર ખોલવાની તારીખ અને સમય:** 23/09/2026, 11:00 કલાકે. **વેબસાઇટની વિગતો:** ટેન્ડર ફક્ત ઇલેક્ટ્રોનિક રીતે વેબસાઇટ https://www.ireps.gov.in પર સબમિટ કરવામાં આવશે. **જારીકર્તા:** ડેપ્યુટી ચીફ મિકેનિકલ એન્જિનિયર, ચીફ વર્કશોપ મેનેજરની ઓફિસ, કેરેજ રિપેર વર્કશોપ, ભાવનગર પરા, ભાવનગર-364003, પશ્ચિમ રેલવે; **ઇમેલ:** dycmews@bvp.railnet.gov.in BVP – 117

અમને લાઈક કરો: facebook.com/WesternRly

પશ્ચિમ રેલવે ભાવનગર મંડળ

વિવિધ એન્જિનિયરિંગ કાર્યો

ટેન્ડર નંબર: 137-2026-27 થી 138-2026-27 ક્રમાંક 1 ઈ-ટેન્ડર નંબર: 137-2026-27 કામનું નામ: ADEN-અમરેલી સબ ડિવિઝન: SSE-P-Way અમરેલી અને SSE-P-Way મહુવા (RLA MHV સેક્શન) હેઠળ 02 (બે) વર્ષના સમયગાળા માટે આઉટસોર્સિંગ દ્વારા વિવિધ P. Way જાળવણી પ્રવૃત્તિઓનું અમલીકરણ. વર્ષ 2026-28. **ટેન્ડર કિંમત:** ₹3,49,25,961.74 **ઈએમડી:** ₹6,98,500.00 **ક્રમાંક 2 ઈ-ટેન્ડર નંબર: 138-2026-27 કામનું નામ:** ADEN-અમરેલી સબ ડિવિઝન: SSE-P-Way મહુવા હેઠળ 02 (બે) વર્ષના સમયગાળા માટે આઉટસોર્સિંગ દ્વારા વિવિધ P. Way જાળવણી પ્રવૃત્તિઓનું અમલીકરણ. વર્ષ 2026-28 (PRCL લાઈન). **ટેન્ડર કિંમત:** ₹ 1,87,21,617.80 **ઈએમડી:** ₹ 3,74,400.00 **ઉપરોક્ત તમામ ટેન્ડરો માટે: બિડિંગ શરૂ થવાની તારીખ:** 08/09/2026 **બિડિંગ બંધ થવાની તારીખ:** 22/09/2026 **વધુ માહિતી માટે વેબસાઇટ પર લોગિન કરો:** www.ireps.gov.in BVP 118

અમને લાઈક કરો: facebook.com/WesternRly

પશ્ચિમ રેલવે ભાવનગર મંડળ

લીઝિંગ, પાર્કિંગ, વિવિધ સ્ટૈટિક સેવાઓ, કેટરિંગ અને પે એન્ડ યુઝ કોન્ટ્રાક્ટ માટે ટેન્ડર આમંત્રિત કરવાની સૂચનાઓ

કેટલોગ નંબર	કરારનો પ્રકાર	શ્રેણી
પાર્કિંગ-2026-06	જૂનાગઢ (JND) સ્ટેશન પર 2-પહિયા વાહનો માટે 3 મહિનાની અવધિ માટે પાર્કિંગ કરાર.	પાર્કિંગ
હરાજી-મિશ્રિત-26-03	બીવીપી મંડળમાં વિવિધ જાહેરાત સાઇટ્સ (RDN અને LED ફ્લેન્જ) માટેનો કરાર.	જાહેરાત
સોનગઢ (SGD) અને પોરબંદર (PBR) ખાતે 4-પહિયા વાહનો, બાવળા (VLA) ખાતે બે-પહિયા વાહનો તથા ઘોળા (DLJ) ખાતે મિશ્ર વાહનો માટે પાર્કિંગ કરાર.		પાર્કિંગ
વેરાવળ સ્ટેશન ખાતે બિડ્સ, ઓપરેટ એન્ડ ટ્રાન્સફર (BOT) મોડલ હેઠળ 04 (ચાર) રિટાયરિંગ રૂમ, 02 (બે) ઉચ્ચ વર્ગના પ્રતીક્ષાલય (મહિલા અને પુરુષ), 01 (એક) એર કન્ડિશન્ડ વેઇટિંગ હોલ તથા પે એન્ડ યુઝ ટોયલેટ કોમ્પ્લેક્સના સંચાલન અને જાળવણી માટેનો કરાર.		પે એન્ડ યુઝ
રેલ કોચ રેસ્ટોરન્ટ – બોટાદ (BTD), જૂનાગઢ (JND), વેરાવળ (VRL) અને સુરેન્દ્રનગર ગેટ (SRGT); ઈ-વી ચાર્જિંગ સ્ટેશન – બોટાદ (BTD), ધંધૂકા (DCK), બાવળા (VLA), સરખેજ (SEJ), ગાંધીગ્રામ (GG); ટ્રાવેલ હેલ્પ ડેસ્ક / માહિતી કિયોસ્ક – ભાવનગર ટર્મિનસ (BVC), ભાવનગર પરા (BVP), બોટાદ (BTD), ગાંધીગ્રામ (GG), સરખેજ (SEJ), વસ્ત્રાપુર (VTP), પોરબંદર (PBR), જૂનાગઢ (JND), વેરાવળ (VRL); ભાવનગર પરા ખાતે મંડળ રેલવે હોસ્પિટલની કેન્ટીન તથા વેરાવળ રેલવે સ્ટેશન પર પૂજા સામગ્રી કિયોસ્ક.		વિવિધ સ્ટૈટિક સેવાઓ
ઓક્શન કેટલોગ મુજબ ભાવનગર પરા (BVP) મંડળના વિવિધ સ્થળોએ કેટરિંગ સેવાઓ પૂરી પાડવી – ચા અને નાસ્તા સ્ટોલ, સામાન્ય લઘુ એકમ (GMU).		કેટરિંગ
લીઝ-2026-07	ભાવનગર પરા (BVP) મંડળની વિવિધ ટ્રેનોમાં SLR કોચ/ડબ્બા માટે લીઝ કરાર.	પાર્સલ

ઉપરોક્ત તમામ કેટલોગ નંબરો માટે: હરાજી શરૂ થવાની તારીખ અને સમય: 12.09.2026ના રોજ 11:00 કલાકે. બિડર/ટેન્ડરરને www.ireps.gov.in વેબસાઈટની મુલાકાત લેવી જરૂરી છે. વધુ માહિતી માટે ભાવનગર મંડળ કચેરીનો સંપર્ક કરી શકાય છે અથવા ટેલિફોન દ્વારા કોમર્શિયલ ઈન્સ્પેક્ટર (NFR), ભાવનગર મંડળ: +91-72279 89486નો સંપર્ક કરી શકાય છે. BVP 116

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly

-: જાહેર નિવિદા :-

ભાવનગર મહાનગરપાલિકા દ્વારા નીચે મુજબના કામો માટે રસ ધરાવતા કોન્ટ્રાક્ટરો/એજન્સી/પેઢી પાસેથી N-PROCURE પોર્ટલ પર ઓનલાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે. આ દરેક કામની વિગતવાર માહિતી તથા ટેન્ડર શરતો અમારી વેબસાઈટ www.bmcgujarat.com પર જોઈ શકાશે.

ક્રમ	કામનું નામ, કિંમત અને ટેન્ડર ભરવાની તારીખ
1	ભાવનગર શહેરમાં કાળીયાબીડ-સીદસર-અધેવાડા વોર્ડમાં ટી.પી.સ્કીમ નં.૦૫/એ સીદસર એફ.પી.નં.૫૮ માં નોલેજ સેન્ટર બનાવવાનું કામ. અંદાજિત રકમ:-21,88,32,932/- + (GST) ટેન્ડર ભરવાની તારીખ :- 03/09/2026 થી 05/10/2026
2	ભાવનગર શહેરમાંઘોઘા સર્કલ-અકવાડા વોર્ડમાં ટી.પી. સ્કીમ નં-૨૯ અકવાડા (ડ્રાફ્ટ) એફ.પી. નં-૫૯/૪/૩માં ચિલ્ડ્રન ટ્રાફિક બનાવવાનું કામ. અંદાજિત રકમ:-5,52,98,956/- + (GST) ટેન્ડર ભરવાની તારીખ :- 03/09/2026 થી 05/10/2026
3	કરચલીયા-પરા વોર્ડમાં રૂવાપરી રોડ, ગોરડ સ્મશાનમાં આર.સી.સી. રોડ તથા કમ્પાઉન્ડ વોલ બનાવવાનું કામ. અંદાજિત રકમ:-72,21,291/- + (GST) ટેન્ડર ભરવાની તારીખ :- 03/09/2026 થી 29/09/2026
4	ભાવનગર શહેરનારૂવાટી.પીસ્કીમ નં-૩, એફ.પી. નં-૧૦૭, એરપોર્ટરોડપરજોગર્સ પાર્ક બનાવવાનુંકામ. અંદાજિત રકમ:-42,52,500/- + (GST) ટેન્ડર ભરવાની તારીખ :- 03/09/2026 થી 17/09/2026
5	સિદસરમાં હિલપાર્કના સર્કલમાં ૪૦૦ એમ.એમ. ડાયા ડી.આઈ લાઈન સર્કલ ફરતે લેઈંગ કરવાનુ કામ અંદાજિત રકમ:-43,43,933 /- ટેન્ડર ભરવાની તારીખ :- 02/09/2026 થી 22/09/2026

માહિતી-ભાવ-૫૯૪-૨૬

જનસંપર્ક અધિકારી

ભાવનગર મહાનગરપાલિકા

ભાવનગર

વલ્લભીપુર નગરપાલિકા – વલ્લભીપુર જિ. ભાવનગર

ઓનલાઇન જાહેર નિવિદા

આથી વલ્લભીપુર નગરપાલિકા, વલ્લભીપુર, જિ ભાવનગરને સરકારશ્રી દ્વારા મંજુર થયેલ વિવિધ યોજના અંતર્ગત નીચે મુજબની વિગતે કામગીરી કરવવામાટે ઓનલાઇન ટેન્ડર મંગાવવામાં આવે છે.

કામનં.૧:- સને ૨૦૨૬-૨૭ વર્ષની ચોમાસા દરમ્યાન નુકશાન પામેલ રસ્તાને મજબુતી કરણ (રોડ રીસર્ફેસીંગ) યોજના અંતર્ગત વાર્ષીક રેઇટ કોન્ટ્રાકટથી જુદા-જુદા વિસ્તારમાં ટ્રી-મીકસ સાથે સી.સી. રોડ, આર.સી.સી. રોડ, પેવિંગ બ્લોક રોડ રીપેરીંગ અને પેચ વર્કનું કામ (બિજો પ્રયત્ન).

અંદાજીત રકમ રૂા. ----નીલ ----	કામની સમય મર્યાદા: ૧૨-માસ
ઇ.એમ.ડી. રૂા. ૧,૦૦,૦૦૦/-	ટેન્ડર ફી: રૂા. ૨,૪૦૦/-

કામનં.૨:- સને ૨૦૨૫-૨૬ વર્ષની સ્વચ્છ અને સુંદર શહેર યોજના અંતર્ગત નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ મુખ્ય રસ્તા તેમજ ઇન્ટરનલ રસ્તાનું સફાઇ કામ સાથે રોડ સફાઇનું કાર્ય કરી આ તમામ એકઠા થતાં ઘન કચરાના નિકાલની કામગીરી (ત્રીજો પ્રયત્ન).

અંદાજીત રકમ રૂા. ૨૩.૮૭ લાખ	કામની સમય મર્યાદા: ૧૨-માસ
ઇ.એમ.ડી. રૂા. ૨૪,૦૦૦/-	ટેન્ડર ફી: રૂા. ૧,૫૦૦/-
વેબસાઇટનું નામ:	www.tender.nprocure

ઓનલાઇન ટેન્ડર ડાઉનલોડ તથા જરૂરી ડોયુમેન્ટ અપલોડ માટેની છેલ્લી તારીખ તથા સમય ૧૫/૦૯/૨૦૨૬નારોજ ૧૮.૦૦ કલાક સુધી

ફકત ઓરીજનલ ટેન્ડર ફી અને ઇ.એમ.ડી. પહોંચતા કરવાની તારીખ, સમય તથા સરનામું ૨૨/૦૯/૨૦૨૬ના રોજ ૧૫.૦૦ કલાક સુધીમાં ચીફ ઓફિસર,વલ્લભીપુર નગરપાલિકા, મું.વલ્લભીપુર, જિ.ભાવનગર

ટેકનીકલ બિડખોલવાની તારીખ:૨૩/૦૯/૨૦૨૬,નારોજ ૧૨.૦૦કલાકે

પ્રાઇસ બિડખોલવાની તારીખ: ૨૩/૦૯/૨૦૨૬,ના રોજ ૧૨.૩૦ કલાકે

કામ અંગે વધારે માહિતી તેમજ ટેન્ડર ડાઉનલોડ તથા અપલોડ માટે ઉપરોકત જણાવેલ વેબસાઇટ ઉપર જોવા વિનંતી સદર કામ અંગેના તમામ હકક અધિકાર નગરપાલિકાને અબાધિત રહેશે.

ચીફ ઓફિસર, વલ્લભીપુર નગરપાલિકા — પ્રમુખ, વલ્લભીપુર નગરપાલિકા

માહિતી-ભાવ-૫૯૬-૨૬

ગુડ્સ ડીલિંગ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી કરનાર 5 રેલકર્મીઓને DRM એવોર્ડ એનાયત

ભાવનગર,તા.૨

પશ્ચિમ રેલવેના ભાવનગર મંડળના વાણિજ્ય વિભાગમાં ઉત્કૃષ્ટ અને પ્રશંસનીય કામગીરી કરનાર ૫ કર્મચારીઓને 'DRM એવોર્ડ'થી સન્માનિત કરવામાં આવ્યા છે.

૩૧ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ મંડળ કાર્યાલયના સભાખંડમાં યોજાયેલા સમારોહમાં મંડળ રેલ પ્રબંધક દિનેશ વર્માના હસ્તે કર્મચારીઓને પુરસ્કાર અર્પણ કરાયા હતા. વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક અતુલ કુમાર ત્રિપાઠીએ જણાવ્યું કે આ કર્મચારીઓએ ગુડ્સ ડીલિંગ ક્ષેત્રો 'વેગન ટર્ન અરાઉન્ડ'માં સુધારો કરવા અને ગ્રાહકોની સમસ્યાઓનું ઝડપી નિરાકરણ લાવવામાં નોંધપાત્ર યોગદાન આપ્યું છે. એવોર્ડ મેળવનાર

કર્મચારીઓમાં કલ્લૂ રામ સૈની (મુખ્ય વાણિજ્ય લિપિક, પીપાવાવ), પંકજ ખોરસિયા (કોચિંગ સુપરવાઇઝર, આદ્રિ), કૌશિક મકવાણા (મુખ્ય વાણિજ્ય લિપિક, જૂનાગઢ), યતિન રાઠોડ (કોચિંગ સુપરવાઇઝર, વરતેજ) અને રાહુલ યાદવ (મુખ્ય વાણિજ્ય લિપિક, પીપાવાવ) નો સમાવેશ થાય છે. ફ્લેગ એ તમામ વિજેતાઓને અભિનંદન પાઠવી વધુ સમર્પણ સાથે કામ કરવા પ્રેરણા આપી હતી.

આઈસલેન્ડના લોકોએ યુરોપિયન યુનિયનથી દૂર રહેવા માટે મતદાન કર્યું

આઈસલેન્ડના મતદારો યુરોપિયન યુનિયનમાં ફરી જોડાવા માટે વાટાઘાટો શરૂ કરવા માટે અસહમત

આઈસલેન્ડન,

રવિવારે લોકમતના પરિણામો દર્શાવે છે કે આઈસલેન્ડના લોકોએ યુરોપિયન યુનિયનથી દૂર રહેવા માટે મતદાન કર્યું હતું, કારણ કે તેઓએ સભ્યપદ વાટાઘાટો ફરીથી ખોલવાના સરકારના દબાણને નકારી કાઢ્યું હતું અને એવા લોકોનો પક્ષ લીધો હતો જેઓ કહેતા હતા કે આઈસલેન્ડના માછીમારીના પાણી જોખમ લેવા માટે ખૂબ મહત્વપૂર્ણ છે.

૪,૦૦,૦૦૦ લોકોના આર્કટિક ટાપુએ એક દાયકાથી વધુ સમયથી ઈં માં જોડાવું કે નહીં તે અંગે ચર્ચા કરી છે અને શરૂઆતમાં સભ્યપદ વાટાઘાટો યોજવામાં થોડી પાછળ રહેવાની અપેક્ષા રાખવામાં આવી હતી, પરંતુ આ મહિને ઓપિનિયન પોલ્સ દર્શાવે છે કે મંતવ્યો બદલાયા છે.

વડાપ્રધાન ક્રિસ્ટ્રન ફ્રોસ્ટાડોટિરે એક પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે આઈસલેન્ડ યુરોપિયન ઇકોનોમિક એરિયા કરાર દ્વારા યુરોપિયન યુનિયન સાથેના તેના હાલના સંબંધોને મજબૂત બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરશે, જે તે નોર્વે અને લિક્ટેનસ્ટીન સાથે શેર કરે છે.

"મારા માટે અને સરકાર માટે પણ એક મોટો પાઠ એ છે કે લોકો ઈઈછ કરારથી ખુશ છે," તેણીએ કહ્યું.

યુરોપિયન કમિશનના પ્રવક્તાએ કહ્યું કે તે આઈસલેન્ડિક લોકોની પસંદગીનો આદર કરે છે અને નોંધ્યું છે કે આઈસલેન્ડ યુરોપિયન યુનિયનનો નજીકનો ભાગીદાર રહ્યો છે.

જાહેર પ્રસારણકર્તા ઈંફ એ

અહેવાલ આપ્યો છે કે ફ્રોસ્ટાડોટિર હવે નોર્વેના વડા પ્રધાનને ફોન કરવાની યોજના ધરાવે છે.

શનિવારે થયેલા લોકમતમાં, બ્રસેલ્સ સાથે વાટાઘાટો કરવાના સરકારના પ્રસ્તાવના વિરોધમાં ૫૨.૮ ટકા મતદાન થયું, ૪૭.૨ ટકા મતદાન તરફેણમાં હતું અને ૮૨.૫ ટકા મતદાન લાયક મતદારોએ ભાગ લીધો.

છ મતવિસ્તારોમાંથી, મધ્ય રેકજાવિકમાં ફક્ત બે મતવિસ્તારો પાસે બહુમતી હતી જેણે તરફેણમાં મતદાન કર્યું હતું, જ્યારે ગ્રામીણ વિસ્તારો અને રેકજાવિક ઉપનગરોએ વિરોધમાં મતદાન કર્યું હતું.

સરકારે વેપાર યુદ્ધો અને આર્કટિક દુશ્મનાવટ સામે સભ્યપદને ઢાલ તરીકે રજૂ કર્યું હતું અને લોકમતને "હવે નહીં તો ક્યારેય નહીં" ક્ષણ તરીકે રજૂ કર્યો હતો. ફ્રોસ્ટાડોટીરે કહ્યું હતું કે જ્યાં સુધી તેમનું મધ્ય-ડાબેરી ગઠબંધન સત્તામાં રહેશે ત્યાં સુધી "ના" ચર્ચાનો અંત લાવશે.

સભ્યપદ ચર્ચાના દાયકાઓ

બ્રસેલ્સમાં, કેટલાક અધિકારીઓએ આશા વ્યક્ત કરી હતી કે આઈસલેન્ડથી જોડાવાનો મત ઈં વિસ્તરણ પ્રત્યે શંકા દૂર કરી શકે છે અને જ્યારે આર્કટિક સુરક્ષા ધ્યાન કેન્દ્રિત કરશે ત્યારે વ્યૂહાત્મક રીતે બ્લોકને મજબૂત બનાવી શકે છે.

બિહાર અને ઝારખંડે સોન જળ વહેંચણી કરાર પર હસ્તાક્ષર કર્યા

પાણી મામલે ચાલતા ૨૫ વર્ષ જૂના વિવાદનો આવ્યો ઉકેલ

નવી દિલ્હી,

બિહાર અને ઝારખંડે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની હાજરીમાં સોન નદીના પાણીની વહેંચણી અંગેના કરાર પર હસ્તાક્ષર કરીને લાંબા સમયથી ચાલતા પાણીના વિવાદના ઉકેલ તરફ એક મોટું પગલું ભર્યું છે. આ કરારને લગભગ ૨૫ વર્ષથી વણઉકેલાયેલા વિવાદનો કાયમી ઉકેલ ગણાવવામાં આવી રહ્યો છે. સોમવારે ઝારખંડના મુખ્યમંત્રી હેમંત સોરેન, બિહારના મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરી, કેન્દ્રીય જળ શક્તિ મંત્રી સીઆર પાટીલ, બિહારના નાયબ મુખ્યમંત્રી, કેન્દ્રીય ગૃહ સચિવ અને કેન્દ્ર અને બંને રાજ્યોના વરિષ્ઠ અધિકારીઓની હાજરીમાં આ કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. આ કરાર બંને રાજ્યો માટે મહત્વપૂર્ણ છે કારણ કે સોન નદી અને બાણસાગર પ્રોજેક્ટ લાંબા સમયથી સિંચાઈ અને પીવાના હેતુઓ માટે પાણીની ઉપલબ્ધતા અંગેના પ્રશ્નો સાથે જોડાયેલા છે.

અમિત શાહે કરારની પ્રશંસા કરી

સભાને સંબોધતા અમિત શાહે કહ્યું કે લગભગ ૨૫ વર્ષ જૂના વિવાદના ઉકેલથી એ સાબિત થયું છે કે જ્યારે વાટાઘાટો સહકારી સંઘવાદની ભાવના દ્વારા સંચાલિત થાય છે ત્યારે જટિલ આંતરરાજ્ય મુદ્દાઓ પણ સંવાદ દ્વારા ઉકેલી શકાય છે. શાહે કહ્યું કે આ કરાર બિહાર અને ઝારખંડમાં મોટા ભૌગોલિક વિસ્તારો, ખેડૂતો, ગ્રામીણ સમુદાયો અને પીવાના પાણી પુરવઠા સાથે જોડાયેલા મુદ્દાઓને કાયમી ધોરણે ઉકેલશે.

આ વિકાસને 'ટીમ ભારત'નું ઉત્તમ ઉદાહરણ ગણાવતા ગૃહમંત્રીએ કહ્યું કે રાજ્યો મોટા રાષ્ટ્રીય માળખામાં સાથે મળીને કામ કરીને તેમની અલગ ઓળખ જાળવી શકે છે. તેમણે ઉમેર્યું કે જ્યારે રાજ્યો સહકારની ભાવના સાથે આગળ વધે ત્યારે કોઈ સમસ્યાનો ઉકેલ ન આવી શકે.

પેપર લીક કેસમાં મુંબઈ પોલીસ ક્રાઇમ બ્રાન્ચે રુતુજા પાટિલની ધરપકડ કરી

મુંબઈ,

એક મહત્વપૂર્ણ ઘટનાક્રમમાં, મહારાષ્ટ્ર MPSC ડ્રગ ઇન્સ્પેક્ટર પેપર લીક કેસના ઉમેદવાર અને લાભાર્થી ઋતુજા પાટિલની મંગળવારે ધરપકડ કરવામાં આવી હતી અને તેમને મુંબઈ પોલીસ ક્રાઇમ બ્રાન્ચની કસ્ટડીમાં મોકલી દેવામાં આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે, ઋતુજા પાટિલને આજે નંદુરબારથી મુંબઈ ક્રાઇમ બ્રાન્ચની પ્રોપર્ટી સેલ ટીમે કસ્ટડીમાં લીધા હતા. ઋતુજા પાટિલ MPSC ડ્રગ ઇન્સ્પેક્ટર પરીક્ષા માટે ઉમેદવાર હતા અને પ્રોવિઝનલ મેરિટ લિસ્ટમાં ૭મો ક્રમ મેળવ્યો હતો. તપાસ મુજબ, તેમણે પરીક્ષા પહેલા લીક થયેલ પેપર કથિત રીતે મેળવ્યું હતું અને શંકા ટાળવા માટે જાણી જોઈને ૧૦ પ્રશ્નો ખોટા લખવાની સલાહ આપવામાં આવી હતી. ઋતુજાની કસ્ટડી સાથે, આ કેસમાં અત્યાર સુધી ધરપકડ કરાયેલા/અટકાયત કરાયેલા આરોપીઓની સંખ્યા સાત થઈ ગઈ છે. ગયા અઠવાડિયે, ૨૦૨૬ ડ્રગ ઇન્સ્પેક્ટર (ગ્રુપ-B) સ્ક્રીનીંગ પરીક્ષાના કથિત પ્રશ્નપત્ર લીકના સંબંધમાં મહારાષ્ટ્ર પબ્લિક સર્વિસ કમિશન (MPSC) ના ત્રણ અધિકારીઓ સહિત છ લોકોની ધરપકડ કરવામાં આવી હતી, જે હવે રદ કરવામાં આવી છે. ગયા અઠવાડિયે MPSC ના ત્રણ અધિકારીઓની ધરપકડ કરવામાં આવી હતી. અધિકારીઓએ જણાવ્યું હતું કે, મુંબઈ ક્રાઇમ બ્રાન્ચ દ્વારા આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી, જેમાં એક કમિશનના અંડર સેક્રેટરી હતા, જ્યારે MPSC એ આ વર્ષની શરૂઆતમાં લેવામાં આવેલી સ્ક્રીનીંગ પરીક્ષામાં કથિત ગેરરીતિની પ્રાથમિક તપાસ બાદ ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (FDA) હેઠળ ડ્રગ ઇન્સ્પેક્ટર ગ્રુપ-B પોસ્ટ્સ માટેની ભરતી પ્રક્રિયા રદ કરી હતી.

સામાન્ય લોકો હજુ પણ બેરોજગારી, ફુગાવા અને અસમાનતા સાથે ઝઝૂમી રહ્યા છે : ખડગે

પીએમ મોદીએ તેને લોકોની સામૂહિક શક્તિનું પરિણામ ગણાવ્યું અને વિપક્ષ પર નિરાશા ફેલાવવાનો આરોપ લગાવ્યો

નવીદિલ્હી,

કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ મંગળવારે નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં ભારતના ૭.૮ ટકા જીડીપી વૃદ્ધિની ઉજવણી કરવા બદલ વડા પ્રધાન નરેન્દ્ર મોદી પર નિશાન સાધ્યું. તેમણે આરોપ લગાવ્યો કે સામાન્ય લોકો હજુ પણ બેરોજગારી, ફુગાવા અને અસમાનતા સાથે ઝઝૂમી રહ્યા છે. એકસ પર શેર કરેલી પોસ્ટમાં, ખડગેએ કહ્યું, "લાઇટ્સ. કેમેરા, અને નિષ્ક્રિયતા. અર્થતંત્રની વાત આવે ત્યારે આ પીએમ મોદીના અભિયાનની વાર્તા છે."

તેમણે કહ્યું, "પીએમ નરેન્દ્ર મોદી, તમે કહી રહ્યા છો કે દેશ જીડીપી વૃદ્ધિની ઉજવણી કરી રહ્યો છે. તમારી પાસે આ લક્ઝરી હોઈ શકે છે, પરંતુ સામાન્ય માણસ પાસે નથી. આપણા સામાન્ય લોકો ત્રણ યુ થી પીડાઈ રહ્યા છે, અને તમે આ માટે જવાબદાર છો." ખડગેએ અભૂતપૂર્વ બેરોજગારી, અસહ્ય ફુગાવો અને બેલગામ અસમાનતા માટે આ ત્રણ 'યુ' સ્ટેન્ડ સમજાવ્યા.

બેરોજગારી અંગે, કોંગ્રેસ પ્રમુખે કહ્યું, "બેરોજગારી ૫૦ વર્ષના ઉચ્ચ સ્તરે છે. ૪૦ ટકા યુવા સ્નાતકો બેરોજગાર છે. જુલાઈ ૨૦૨૬ માં, ૧૫ થી ૨૯ વર્ષની વયના છમાંથી એક યુવાન ભારતીય બેરોજગાર હતો. દર વર્ષે ૨૦ મિલિયન નોકરીઓ બનાવવાનું વચન તૂટી ગયું છે."

ફુગાવા અંગે, ખડગેએ આરોપ લગાવ્યો, "છૂટક ફુગાવો ૧૯ મહિનાના ઉચ્ચ સ્તરે છે. ખાંડ, ડુંગળી, ટામેટાં, કઠોળ, રસોઈ તેલ, ચોખા, દૂધ અને દરેક રસોડાની આવશ્યક ચીજવસ્તુઓ વધુ મોંઘા થઈ રહી છે. પેટ્રોલ, ડીઝલ, એલપીજી અને સીએનજી પણ પરવડે તેવા નથી." તેમણે કહ્યું, "મધ્યમ વર્ગના પરિવારો ગુજરાન ચલાવવા માટે સંઘર્ષ કરી રહ્યા છે, જ્યારે ગરીબોએ આશા ગુમાવી દીધી છે." ખડગેએ સંપત્તિની અસમાનતા પર પણ સરકાર પર નિશાન સાધ્યું.

દિલ્હી જતી ઈન્ડિગો ફ્લાઈટ ટેકઓફ પછી એન્જિનમાં ખામીને કારણે ગોવા પરત ફરી

પણજી,

મંગળવારે દિલ્હીથી ગોવા જતી ઈન્ડિગોની ફ્લાઈટમાં એન્જિન ફેઈલ થયાની જાણ થતાં ગોવા એરપોર્ટ પર ઈમરજન્સી લેન્ડિંગ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ વિમાને ગોવાના મોપા એરપોર્ટ પર ઈમરજન્સી લેન્ડિંગ કર્યું હતું.

ઈન્ડિગોએ એક સત્તાવાર નિવેદનમાં જણાવ્યું હતું કે, "૧ સપ્ટેમ્બરના રોજ ઉત્તર ગોવાથી દિલ્હી જતી ઈન્ડિગો ફ્લાઈટ ૬ઈ ૨૧૦૨ માં ટેકઓફ કર્યા પછી તરત જ ટેકનિકલ સમસ્યા જોવા મળી હતી. માનક સંચાલન પ્રક્રિયાને અનુસરીને, સંબંધિત અધિકારીઓને જાણ કરવામાં આવી હતી, અને પાઇલટ્સ પાછા ફર્યા હતા અને મનોહર આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર વિમાનને સુરક્ષિત રીતે લેન્ડિંગ કર્યું હતું."

"વિમાન હાલમાં જાળવણી તપાસ હેઠળ છે અને બધી જરૂરી મંજૂરીઓ મેળવ્યા પછી કામગીરી ફરી શરૂ કરશે. અમારા ગ્રાહકોને થયેલી અસુવિધા બદલ અમે દિલગીર છીએ અને તેને ઘટાડવા માટે તમામ પ્રયાસો કર્યા છે, જેમાં નાસ્તો અને સમયસર અપડેટ્સ આપવાનો સમાવેશ થાય છે. અમે અમારા ગ્રાહકોને તેમના ગંતવ્ય સ્થાન સુધી પહોંચવા માટે વૈકલ્પિક વ્યવસ્થા પણ કરી છે," તેણે ઉમેર્યું.

સ્થાનિક એરલાઇન્સ માટે જેટ ઈંધણના ભાવમાં પ્રતિ લિટર રૂ. ૬.૨૮ નો વધારો થયો છે. રાજ્ય માલિકીની તેલ માર્કેટિંગ કંપનીઓએ એવિએશન ટર્બાઈન ફ્યુઅલ (ATF) ના ભાવમાં પ્રતિ લિટર રૂ. ૬.૨૮ નો વધારો કર્યો છે.

ભારત ઈલેક્ટોરલ ડેમોક્રેસી ઈન્ડેક્સમાં ૧૭૯ દેશોમાંથી ૧૦૬માં ક્રમે : પી. ચિદમ્બરમ

વી-ડેમે વર્ષ ૨૦૨૫ માટે ચૂંટણી લોકશાહી સૂચકાંકમાં ભારતને ૦.૩૮નો સ્કોર આપ્યો

નવીદિલ્હી,

કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને રાજ્યસભા સાંસદ પી. ચિદમ્બરમે મંગળવારે વી-ડેમ ઈલેક્ટોરલ ડેમોક્રેસી ઈન્ડેક્સમાં ૧૭૯ દેશોમાં ભારતનો ૧૦૬મો ક્રમ દર્શાવ્યો. તેમણે કહ્યું કે ૧૯૭૫ પછીનો આ ઈન્ડેક્સમાં સૌથી નીચો સ્કોર છે.

ચિદમ્બરમે એકસ પર પોસ્ટ કર્યું, "ભારત ઈલેક્ટોરલ ડેમોક્રેસી ઈન્ડેક્સમાં ૧૭૯ દેશોમાંથી ૧૦૬મા ક્રમે છે. ભારત માટે ફ-ફ્રીડ્મનો ડેમોક્રેસી ઈન્ડેક્સનો સ્કોર ૧૯૭૫ પછીનો સૌથી નીચો છે." કોંગ્રેસ આ મુદ્દા પર સતત સરકાર પર હુમલો કરી રહી છે. લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ અનેક વખત સરકાર પર મત ચોરીનો આરોપ લગાવ્યો છે.

વી-ડેમે વર્ષ ૨૦૨૫ માટે ચૂંટણી લોકશાહી સૂચકાંકમાં ભારતને ૦.૩૮નો સ્કોર આપ્યો, જે દેશને ૧૦૬મા ક્રમે છે. લિબરલ ડેમોક્રેસી સૂચકાંકમાં, ભારત ૦.૨૬ના સ્કોર સાથે ૧૦૫મા ક્રમે છે. વી-ડેમે વસ્તી-ભારિત માપદંડોનો ઉપયોગ કર્યો, જે આંકડાકીય રીતે નોંધપાત્ર હદ દર્શાવે છે કે સરેરાશ વૈશ્વિક નાગરિક લોકશાહીનો આનંદ માણે છે. દેશની સરેરાશનો ઉપયોગ કરીને, તે સેશેલ્સ અથવા તિમોર-લેસ્ટે જેવા નાના દેશોમાં ભારત અથવા યુનાઇટેડ સ્ટેટ્સ જેટલું જ વજન આપે છે. સંસ્થાએ ભારતને ચૂંટણી સરમુખત્યારશાહી તરીકે વર્ગીકૃત કર્યું છે.

અહેવાલમાં જણાવાયું છે કે દક્ષિણ અને મધ્ય એશિયામાં, નેપાળ અને શ્રીલંકામાં ફક્ત ૨ ટકા લોકો ચૂંટણી લોકશાહીનો આનંદ માણે છે. દરમિયાન, ભૂટાન, મંગોલિયા અને માલદીવ જેવા ત્રણ 'ગ્રે ઝોન' લોકશાહી દેશોમાં ખૂબ જ ઓછી સંખ્યામાં લોકો રહે છે.

સુપ્રીમ કોર્ટે મત ગણતરી માટે ટોટાલાઈઝર મશીનોના ઉપયોગની માંગણી કરતા કેસની સુનાવણી કરી

સુપ્રીમ કોર્ટે હવે અરજી પર કેન્દ્ર સરકારનો અભિપ્રાય માંગ્યો

નવીદિલ્હી,

સુપ્રીમ કોર્ટે મત ગણતરી માટે ટોટાલાઈઝર મશીનોના ઉપયોગની માંગણી કરતા કેસની સુનાવણી કરી. ૨૦૧૪ માં દાખલ કરાયેલી આ જાહેર હિતની અરજીમાં વોર્ડ દ્વારા વ્યક્તિગત ઈવીએમ માંથી મતોની ગણતરી કરવાને બદલે, ટોટાલાઈઝરનો ઉપયોગ કરીને સમગ્ર સંસદીય મતવિસ્તારના મતોની ગણતરી એક સાથે કરાવવાની માંગ કરવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટે હવે આ અરજી પર કેન્દ્ર સરકારનો અભિપ્રાય માંગ્યો છે.સીજેઆઈએ જણાવ્યું હતું કે તેઓ ટોટલાઈઝર દાખલ કરવાના નિયમોમાં સુધારો કરવા અંગે કેન્દ્ર સરકારનું વલણ સાંભળવા માંગે છે.

અરજીઓ પર સુનાવણી દરમિયાન, ભારતના ચૂંટણી પંચે સુપ્રીમ કોર્ટને જાણ કરી કે આ (ટોટલાઈઝર મશીનનો ઉપયોગ) માટે કાનૂની સુધારાની જરૂર છે - જે કમિશનના અધિકારક્ષેત્રની બહાર છે. શરૂઆતમાં, કમિશને સરકારને અપીલ કરી, અને સરકારે એક નિષ્ણાત સમિતિની રચના કરી, પરંતુ તે સંમત થઈ નહીં. મંત્રીઓના જૂથે પણ તેનો વિરોધ કર્યો.

સીજેઆઈએ કહ્યું, "મને લાગે છે કે તે ચૂંટણીની નિષ્પક્ષતા માટે હાનિકારક હોઈ શકે છે. જ્યારે તેઓ મેન્યુઅલી ગણતરી કરે છે, અથવા મશીનોમાં પણ, તમે જોઈ શકો છો કે ક્યાં છેડછાડ થઈ છે.

પાકિસ્તાને ૧૦૦ વર્ષથી વધુ જૂનું મંદિર તોડી પાડ્યું; જમીનનો ઉપયોગ મદરેસા માટે થવાનો હતો

માનવ અધિકારના મુદ્દાઓ પર પાકિસ્તાનનો ટ્રેક રેકોર્ડ સતત ખરાબ

ઈસ્લામાબાદ,

પાકિસ્તાનમાં લાંબા સમયથી હિન્દુ લઘુમતીઓ પર અત્યાચારની ઘટનાઓ નોંધાઈ રહી છે. માનવ અધિકારના મુદ્દાઓ પર પાકિસ્તાનનો ટ્રેક રેકોર્ડ સતત ખરાબ રહ્યો છે, જે હકીકત દુનિયાને ખબર છે. આ સમયે, પાકિસ્તાનના પંજાબ પ્રાંતમાં ફરી એકવાર હિન્દુ સમુદાય પર અત્યાચારના સમાચાર સામે આવ્યા છે. એક હિન્દુ મંદિર તોડી પાડવામાં આવ્યું હોવાના અહેવાલ છે કારણ કે મંદિરની જમીન મદરેસામાં સમાવિષ્ટ થવાની હતી. અધિકારીઓ અને લઘુમતી સંગઠનોએ સોમવારે આ ઘટનાની જાણ કરી. અહેવાલો અનુસાર, એવો આરોપ છે કે મંદિરની નજીક એક મદરેસા આવેલી હતી. તેથી, કટ્ટરપંથીઓએ મંદિરની જમીનને મદરેસામાં સમાવિષ્ટ કરવા માટે મંદિર તોડી પાડ્યું. મંદિર આશરે ૧૦૦ થી ૧૨૫ વર્ષ જૂનું હતું અને ૧,૦૦૦ ચોરસ મીટરના વિસ્તારને આવરી લેતું હતું. આ મંદિર લાહોરથી લગભગ ૧૩૦ કિલોમીટર દૂર નારોવાલ જિલ્લાના સિરાજ ગામમાં સ્થિત હતું. અહેવાલો અનુસાર, પ્રતિબંધિત કટ્ટરપંથી ઈસ્લામિક સંગઠન તહરીક-એ-લબ્બૈક પાકિસ્તાન સાથે સંકળાયેલા વ્યક્તિઓ પર તોડી પાડવાનો આરોપ મૂકવામાં આવ્યો છે. બીજી તરફ, પાકિસ્તાન સરકારે જણાવ્યું છે કે ભારે વરસાદને કારણે મંદિર પોતાની મેળે જ તૂટી પડ્યું. પ્રત્યક્ષદર્શીઓનું કહેવું છે કે મંદિરના શિખરમાંથી ધાતુ, અન્ય સામગ્રી અને કાટમાળમાંથી ઈંટો પાછળથી દૂર કરવામાં આવી હતી. હિન્દુ સમુદાયના નેતાઓએ આ પ્રાચીન મંદિરના ધ્વંસની નિંદા કરી છે અને સરકારને તેના પુનર્નિર્માણનો આદેશ આપવાની માંગ કરી છે. એ નોંધવું જોઈએ કે પાકિસ્તાનમાં હિન્દુ મહિલાઓ અને છોકરીઓના અપહરણ અને બળજબરીથી ધર્માંતરણની ઘટનાઓ પહેલા પણ ઘણી વખત નોંધાઈ છે. આ વિસ્તારના હિન્દુ સમુદાયના નેતા રતન લાલે કહ્યું, "જિલ્લા વહીવટીતંત્ર અને ઈવેક્યુઈ પ્રોપર્ટી ટ્રસ્ટ બોર્ડ મંદિર સ્થળનું રક્ષણ કરવા અને કથિત અતિક્રમણ કરનારાઓને દૂર કરવા માટે જરૂરી પગલાં લેવામાં નિષ્ફળ ગયા.

વિશ્વએ ફક્ત શક્તિ અને નફા પર ધ્યાન કેન્દ્રિત કરવાને બદલે લોકો અને પર્યાવરણને પ્રાથમિકતા આપવી જોઈએ

રાહુલ વિરુદ્ધ એફઆઈઆર પર ગુસ્સે ભરાયેલા સેમ પિત્રોડાએ મોહન ભાગવતને ઘેર્યા

નવીદિલ્હી,

ઈન્ડિયન ઓવરસીઝ કોંગ્રેસના અધ્યક્ષ સેમ પિત્રોડાએ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ) ના વડા મોહન ભાગવતના તાજેતરના યુએસમાં કાર્યક્રમ અને "માનવતાની એકતા" પરના તેમના નિવેદન પર પ્રશ્ન ઉઠાવ્યો છે. પિત્રોડાએ કહ્યું કે ફક્ત નિવેદનો પૂરતા નથી; કોઈ વિચારની સાચી કસોટી તેના અમલીકરણમાં છે.

ન્યૂ યોર્કના મેડિસન સ્ક્વેર ગાર્ડનમાં આયોજિત "એક વિશ્વ એક માનવતા" કાર્યક્રમમાં મોહન ભાગવતે કહ્યું હતું કે જ્યારે વિવિધ ધર્મો અલગ અલગ માર્ગો અનુસરી શકે છે, ત્યારે માનવતા અને સત્ય એક છે. તેમણે એમ પણ કહ્યું હતું કે દરેક માનવીનું સમાન ગૌરવ છે. ભાગવતના નિવેદનનો જવાબ આપતા પિત્રોડાએ કહ્યું કે ભારતમાં મુસ્લિમ, ખ્રિસ્તી, યહૂદી અને બૌદ્ધ સમુદાયના સભ્યોને પૂછવું જોઈએ કે તેઓ વર્તમાન પરિસ્થિતિને કેવી રીતે જુએ છે. પિત્રોડાએ કહ્યું કે એક તરફ, દરેકનું સન્માન કરવાની વાત થઈ રહી છે, જ્યારે બીજી તરફ, હિંસાની ઘટનાઓ બને છે. તેમના મતે, "શબ્દો કરતાં કાર્યો વધુ મહત્વ ધરાવે છે."

આરએસએસ વડા મોહન ભાગવત તેમના સંગઠનના શતાબ્દી વર્ષના વૈશ્વિક સંપર્ક અભિયાનના ભાગ રૂપે અમેરિકા પહોંચ્યા હતા. આ દરમિયાન, તેઓ ભારતીય પ્રવાસીઓ, ભારતીય-અમેરિકન વ્યવસાયો અને વિવિધ સમુદાયોના પ્રતિનિધિઓ સાથે મળ્યા. ન્યૂ યોર્કમાં તેમના કાર્યક્રમનો રાજકીય વિરોધ પણ થયો હતો. ન્યૂ યોર્કના મેયર ઝોહરાન મામદાનીએ ભાગવતની મુલાકાતનો વિરોધ કર્યો હતો. કેટલાક શહેર પરિષદના સભ્યોએ પણ સ્થળ પર કાર્યક્રમ રદ કરવાની માંગ કરી હતી.

પિત્રોડાએ હલ્દવાનીમાં શુદ્ધિકરણ વિવાદ પર રાહુલ ગાંધી સામે દાખલ કરાયેલી એફઆઈઆરનો પણ જવાબ આપ્યો. તેમણે કોંગ્રેસના નેતાની પ્રશંસા કરી, તેમને એક મજબૂત અને દૃઢ નેતા ગણાવ્યા. પિત્રોડાએ દાવો કર્યો કે સત્તાના વધુ પડતા કેન્દ્રીકરણની દેશની સંસ્થાઓ પર અસર પડી છે. તેમણે ન્યાયતંત્ર, ચૂંટણી પંચ, અમલીકરણ નિયામકમંડળ અને સ્થાનિક પોલીસ સહિત અનેક સંસ્થાઓની સ્વતંત્ર ભૂમિકા પર પણ પ્રશ્ન ઉઠાવ્યો. પિત્રોડાએ સંસદના તાજેતરમાં સમાપ્ત થયેલા ચોમાસા સત્ર પર પણ ટિપ્પણી કરી. તેમણે કહ્યું કે સંસદમાં ચર્ચાઓમાં ઘણીવાર એકબીજા પર બૂમો પાડવાનો સમાવેશ થતો હતો. તેમણે રાહુલ ગાંધી અને કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેના પ્રદર્શનની પ્રશંસા કરતા કહ્યું કે સરકાર અનેક મુદ્દાઓ પર દબાણ હેઠળ હોય તેવું લાગે છે.

સેમ પિત્રોડાએ નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં ભારતના ૭.૮ ટકા વાસ્તવિક જીડીપી વૃદ્ધિ પર પણ પ્રશ્ન ઉઠાવ્યો. તેમણે કહ્યું કે આર્થિક વૃદ્ધિનું મૂલ્યાંકન ફક્ત સંખ્યાઓ દ્વારા જ નહીં, પરંતુ તેના લાભો સામાન્ય લોકો સુધી કેટલા પહોંચ્યા તેના દ્વારા પણ થવું જોઈએ.

સુપ્રીમ કોર્ટનો વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓ સામે નોંધાયેલી એફઆઈઆર રદ કરવાનો આદેશ

દિલ્હી પોલીસ ફક્ત ૨,૮૭૩ વ્યક્તિઓ સામે એફઆઈઆર નોંધવાનું ચાલુ રાખશે જેમની સામે ફોજદારી કેસ નોંધાયેલા છે

નવીદિલ્હી,

નીટ પેપર લીકને લઈને દિલ્હી સહિત દેશભરમાં ચાલી રહેલા વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શન અંગે સુપ્રીમ કોર્ટે એક મહત્વપૂર્ણ આદેશ જારી કર્યો છે. કલમ ૧૪૨ હેઠળની સત્તાઓનો ઉપયોગ કરીને, સુપ્રીમ કોર્ટે વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓ સામે નોંધાયેલી એફઆઈઆર રદ કરવાનો આદેશ આપ્યો છે. ભારતના મુખ્ય ન્યાયાધીશની અધ્યક્ષતાવાળી બેન્ચે સુપ્રીમ કોર્ટમાં આ મામલાની સુનાવણી કરી.

સુપ્રીમ કોર્ટે દિલ્હી, આસામ, પશ્ચિમ બંગાળ અને બિહારમાં વિદ્યાર્થીઓ સામે દાખલ કરાયેલી એફઆઈઆર રદ કરવાનો આદેશ આપ્યો છે. દિલ્હી પોલીસ ફક્ત ૨,૮૭૩ વ્યક્તિઓ સામે એફઆઈઆર નોંધવાનું ચાલુ રાખશે જેમની સામે ફોજદારી કેસ નોંધાયેલા છે. મુખ્ય ન્યાયાધીશે એમ પણ કહ્યું કે જો કોઈ રાજ્યમાં એફઆઈઆર હોય જેના માટે અમને હજુ સુધી જાણ કરવામાં આવી નથી, તો રાજ્ય તેને રદ કરવાની માંગનો વિરોધ કરશે નહીં.

કોર્ટે કહ્યું કે તે કલમ ૧૪૨ હેઠળ આ અરજીઓ સ્વીકારી રહી છે અને આદેશ આપ્યો છે કે જો કોઈ રાજ્યમાં સમાન બાબતો સંબંધિત વધારાની એફઆઈઆર હોય, તો તેની તપાસ બંધ કરવામાં આવે. સુપ્રીમ કોર્ટે તેના આદેશમાં સ્પષ્ટ કર્યું છે કે પેપર લીકનો વિરોધ કરી રહેલા અને ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગ કરી રહેલા વિદ્યાર્થીઓ સામે કોઈ નવી એફઆઈઆર દાખલ કરવામાં આવશે નહીં. સુપ્રીમ કોર્ટે તેના આદેશમાં જણાવ્યું હતું કે,નીટ ૨૦૨૬ પરીક્ષાને કારણે આત્મહત્યા કરનારા વિદ્યાર્થીઓ માટે વળતરનો સંબંધ છે, તો તેને જાણ કરવામાં આવી છે કે ત્રણ મહિનાની અંદર એક નીતિ ઘડવામાં આવશે. આ નીતિ ત્રણ મહિનાની અંદર અંતિમ સ્વરૂપ આપવામાં આવે અને વળતર પૂરું પાડવામાં આવે.

સીજેઆઈએ જણાવ્યું કે ૨૦થી ૨૫ જુલાઈ દરમિયાન જંતર-મંતર અને આસપાસના વિસ્તારમાં હજારો વિદ્યાર્થીઓએ વિરોધ પ્રદર્શનમાં ભાગ લીધો હતો. પોલીસે કુલ ૧૩ એફઆઈઆર દાખલ કરી હતી. અરજીઓ દિલ્હી, મહારાષ્ટ્ર, આસામ, બિહાર અને પશ્ચિમ બંગાળમાંથી છે, જેમાં એફઆઈઆરની વિગતો આપવામાં આવી છે. અમને જણાવવામાં આવ્યું છે કે દિલ્હી પોલીસ ભૂતકાળના ગુનાહિત રેકોર્ડ ધરાવતા ૨,૮૭૩ લોકો સામે નવી એફઆઈઆર દાખલ કરશે. હવે કોઈ નવી એફઆઈઆર દાખલ કરવામાં આવશે નહીં.

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર આવૃત્તિ 8

સૌરાષ્ટ્ર આસપાસ

તા. ૦૨-૦૯-૨૦૨૬, બુધવાર

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર

બીઝનેસ સેન્ટર, ઘોઘાગેટ, ભાવનગર ફોન : (૦૨૭૮) ૨૫૧૪૫૧૪, ૨૫૧૪૫૧૫

ભાવનગર ગુજરાતનું નવું આઈટી અને ટેક્નોલોજી હબ બનવા સાથે યુવાનો માટે રોજગારીના દ્વાર ખુલશે - નિમુબેન

ભાવનગરમાં 'સોફ્ટવેર ટેકનોલોજી પાર્ક્સ'ની ગતિવિધિ તેજ

નારી નજીક જમીનની ફાળવણી કરાઈ, પ્રસ્તાવિત STPI સેન્ટરની કામગીરી અંગે કેન્દ્રીય રાજ્ય મંત્રી નિમુબેન બાંભણિયાએ યોજી સમીક્ષા બેઠક, સમયસર કામગીરી પૂર્ણ કરવા અધિકારીઓને માર્ગદર્શન અપાયું

ભાવનગર,તા.૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'વિકસિત ભારત'ના સંકલ્પને સાકાર કરવાના ભાગરૂપે ભાવનગર ખાતે પ્રસ્તાવિત 'સોફ્ટવેર ટેકનોલોજી પાર્ક્સ ઓફ ઈન્ડિયા' (STPI) સેન્ટરના નિર્માણને ઝડપી બનાવવા માટે કેન્દ્રીય રાજ્ય મંત્રી નિમુબેન બાંભણિયાની અધ્યક્ષતામાં ગાંધીનગર સર્કિટ હાઉસ ખાતે એક ઉચ્ચ સ્તરીય સમીક્ષા બેઠક યોજાઈ હતી.

ઉલ્લેખનીય છે કે, કેન્દ્રીય આઈટી મંત્રી અશ્વિની વૈષ્ણવે ભાવનગર મુલાકાત દરમિયાન પ્રદેશમાં આઈટી ક્ષેત્રના વિકાસ માટે STPI સેન્ટરની સ્થાપનાની જાહેરાત કરી હતી. જેને અનુસરીને રાજ્ય સરકાર દ્વારા આ પ્રોજેક્ટ માટે ભાવનગરના નારી નજીક જમીનની ફાળવણી પણ કરી દેવામાં આવી છે.

બેઠક દરમિયાન મંત્રી નિમુબેન બાંભણિયાએ STPI અને ગુજરાત સરકારના આઈટી વિભાગના અધિકારીઓ સાથે પ્રોજેક્ટની વર્તમાન સ્થિતિ અને આગામી રોડમેપ અંગે વિગતવાર ચર્ચા કરી હતી. તેમણે આ પાર્કની કામગીરી નિશ્ચિત સમયમર્યાદામાં અને ગુણવત્તાસભર રીતે પૂર્ણ થાય તે માટે જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

આ પ્રસંગે વાતચીત કરતા મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, "ભાવનગરમાં (જુઓ પાનું ૬)>>

૧૩ લોકોને ભરખી જનાર લઠ્ઠાકાંડના બુટલેગર સાથે સાઠગાંઠ ધરાવનાર પોલીસ કોન્સ્ટેબલના ૧૦ દિવસના રિમાન્ડ મંજૂર

મુખ્ય આરોપી ગૌતમ સોલંકી સાથે સાંઠગાંઠ ખુલ્લી પડતાં સ્ટેટ મોનિટરિંગ સેલે સનેશના કોન્સ્ટેબલની અડધી રાત્રે ધરપકડ કરી ; સરકારી વકીલની દલીલો ગ્રાહ્ય રાખી ત્રીજી એડિશનલ ચીફ કોર્ટે રિમાન્ડ મંજુર કર્યા

ભાવનગર,તા.૨

ભારે ચર્ચાસ્પદ ભાવનગર લઠ્ઠાકાંડ મામલે પોલીસ બેડામાં ભારે ખળભળાટ મચાવતા મોટા સમાચાર સામે આવ્યા છે. સમગ્ર લઠ્ઠાકાંડમાં ખુદ પોલીસ કર્મચારીની સંડોવણી ખુલ્લી પડતાં કાયદાના રક્ષક જ ભક્ષક બન્યા હોવાનું સામે આવ્યું છે. સોમવારે રાત્રે આશરે ૧ વાગ્યે સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમે કાર્યવાહી કરીને સનેશ ખાતે અને ભાવનગર ગ્રામ્ય ASP સ્કવોડમાં ફરજ બજાવતા પોલીસ કોન્સ્ટેબલ રાજદીપસિંહ ગજુભા (ગજેન્દ્રસિંહ) ગોહિલની અટકાયત કરી ધરપકડ કરી હતી.

SMCની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું હતું કે કોન્સ્ટેબલ રાજદીપસિંહ ગોહિલ લઠ્ઠાકાંડના મુખ્ય આરોપી ગૌતમ સોલંકી સાથે લાંબા સમયથી ઘનિષ્ઠ સંપર્કમાં હતો અને બુટલેગર સાથે તેની સાંઠગાંઠ ચાલી રહી હતી.આ ગંભીર ગુનાની તપાસ અર્થે SMC દ્વારા આરોપી કોન્સ્ટેબલ રાજદીપસિંહને ભાવનગરની ત્રીજી એડિશનલ ચીફ કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો. સુનાવણી દરમિયાન સરકારી વકીલ શ્રીરાજ તોમરે કોર્ટ સમક્ષ ધારદાર દલીલો રજૂ કરી હતી કે આરોપી લાંબા સમયથી મુખ્ય સૂત્રધારના સંપર્કમાં હતો અને આ કેસમાં અલગ-અલગ ૧૨ જેટલા મુખ્ય મુદ્દાઓ પર ઊંડાણપૂર્વકની તપાસ કરવી અત્યંત જરૂરી છે. આથી સરકારી વકીલે ૧૪ દિવસના પોલીસ રિમાન્ડની માંગણી કરી હતી.

કોર્ટે સરકારી વકીલની દલીલોને ગ્રાહ્ય રાખીને આરોપી કોન્સ્ટેબલ રાજદીપસિંહ ગોહિલના તા. ૧૧ સપ્ટેમ્બર ૨૦૨૬ સુધીના (૧૦ દિવસના) પોલીસ કસ્ટડીના રિમાન્ડ મંજૂર કર્યા છે. રિમાન્ડ દરમિયાન SMC દ્વારા બુટલેગરો સાથેની તેની ભૂમિકા, આર્થિક વ્યવહારો અને નેક્સસ અંગે સઘન પૂછપરછ હાથ ધરવામાં આવશે.

ભાવેણામાં આજથી જન્માષ્ટમી લોકમેળો

ભાવનગર,તા.૨

ભાવનગર મહાપાલિકા દ્વારા ઘણા વર્ષોના લાંબા અંતરાલ બાદ જવાહર મેદાન ખાતે ત્રણ દિવસીય ભવ્ય જન્માષ્ટમી લોકમેળાનું આયોજન કરવામાં આવ્યું છે. આગામી તા. ૨ સપ્ટેમ્બરથી તા. ૪ સપ્ટેમ્બર દરમિયાન યોજાનારા આ લોકમેળાનો પ્રારંભ બુધવારે સાંજે ૬ કલાકે મેયર, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન તથા મ્યુનિસિપલ કમિશનર સહિતના પદાધિકારીઓ અને અધિકારીઓની પ્રેરક ઉપસ્થિતિમાં થશે. મંગળવારે મહાપાલિકા તંત્ર દ્વારા મેળાની તમામ તૈયારીઓને આખરી ઓપ આપી દેવામાં આવ્યો હતો.

આ લોકમેળામાં ત્રણેય દિવસ સાંજે ૬ થી રાત્રિના ૧૨ વાગ્યા સુધી વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો અને રાસ-ગરબાની રમઝટ જામશે, જેનો લાભ તમામ નાગરિકો વિનામૂલ્યે લઈ શકશે. પ્રથમ દિવસે રાત્રે ૯ કલાકે વિવેક સાંચલા અને અપેક્ષા પંડ્યા સંગીતની પ્રસ્તુતિ કરશે. બીજા દિવસે ગુરુવારે રાત્રે જાણીતા લોકસાહિત્યકાર બિરજુ બારોટ અને ઉર્વશી રાદડિયા ગીતોની જમાવટ કરશે, જ્યારે શુક્રવારે સ્થાનિક કલાકારો પોતાની કલાના અજવાળા પાથરશે.

મેળામાં બાળકો અને યુવાનો માટે આકર્ષક રાઈડ્સ ઉપરાંત ખાણી-પીણી, આર્ટ અને ક્રાફ્ટ તથા સખી મંડળની બહેનો દ્વારા તૈયાર કરાયેલી વસ્તુઓના ૨૪ થી વધુ સ્ટોલ્સ ઊભા કરાયા છે. સાથે જ મ્યુનિસિપલ કોર્પોરેશનના વિકાસ કામોની પ્રદર્શની અને મેડિકલ કેમ્પની સુવિધા પણ ઉપલબ્ધ રહેશે. સુચારૂ સંચાલન માટે મનપા સહિત ૧૬ જુદા જુદા વિભાગોને કાયદો-વ્યવસ્થા, પાર્કિંગ અને સફાઈ જેવી વિવિધ જવાબદારીઓ સોંપાઈ છે. મહાપાલિકા તંત્ર દ્વારા તમામ શહેરીજનોને આ મેળાનો બહોળા પ્રમાણમાં લાભ લેવા ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

બુધવારથી શુક્રવાર સુધી રાત્રે લોકસાહિત્ય અને સંગીતની રમઝટ બોલાવશે નામાંકિત કલાકારો; ખાણી-પીણી, રાઈડ્સ અને ૨૪ સ્ટોલ સાથે શહેરીજનો માટે વિનામૂલ્યે પ્રવેશ

લઠ્ઠાકાંડમાં ૧૩ આરોપીઓના રિમાન્ડ પૂર્ણ થતાં જેલહવાલે

રિમાન્ડ પૂર્ણ થતા અદાલતમાં રજૂ કરાતા તમામ આરોપીઓને કોર્ટે જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલવા હુકમ કર્યો

ભાવનગર,તા.૨

ચર્ચાસ્પદ ભાવનગર નકલી દારૂકાંડ મામલે પોલીસે ઝડપી પાડેલા ૧૩ આરોપીઓના પોલીસ રિમાન્ડ પૂરા થતાં તેઓને આજે કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતા. કોર્ટે તમામ આરોપીઓની જામીન અરજી ફગાવીને તેઓને જેલહવાલે (જ્યુડિશિયલ કસ્ટડી) કરવાનો મહત્વનો હુકમ કર્યો છે.

જેલહવાલે કરાયેલા ૧૩ આરોપીઓમાં અરવિંદ ઉર્ફે પાંડે સોલંકી, સંજય ઉર્ફે ૪૦૪૦ મકવાણા, નિતિનભાઈ ઉર્ફે મુન્ના મોરી, આનંદ છાંડી, કિશોર ઉર્ફે પોચો સોલંકી, મયુર સોલંકી, સંજયભાઈ, મુકેશ ઉર્ફે કચોરી બારૈયા, સંજય ઉર્ફે ચકરમ બારૈયા, નિર્મલસિંહ વાઘેલા, પાર્થરાજસિંહ ગોહિલ, સંજય ચાવડા અને ભગીરથસિંહ ગોહિલનો સમાવેશ થાય છે.

પોલીસે રિમાન્ડ દરમિયાન આરોપીઓ પાસેથી નકલી દારૂના નેટવર્ક, ખરીદ-વેચાણ અને સાંઠગાંઠ અંગે મહત્ત્વની પૂછપરછ પૂર્ણ કરી હોવાથી તમામ આરોપીઓને કોર્ટના આદેશથી જેલભેગા કરવામાં આવ્યા છે.

આખરે દારૂના કારોબાર સામે કડક કાર્યવાહી : ચાર બુટલેગરોને 'પાસા' હેઠળ જેલમાં ધકેલતી પોલીસ

ભાવનગર,તા.૨

ભાવનગર જિલ્લામાં ગેરકાયદેસર રીતે ઈંગ્લિશ દારૂની અસામાજિક પ્રવૃત્તિઓમાં સંડોવાયેલા ઈસમો સામે પોલીસે કડક આકરા પગલાં ભરવાનું શરૂ કર્યું છે. ભાવનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB) અને મહુવા ટાઉન પોલીસ સ્ટેશન દ્વારા પ્રોહિબિશનના ગુનાઓમાં સંડોવાયેલા ચાર રીઢા બુટલેગરો વિરુદ્ધ પાસા (PASA) હેઠળ અટકાયત કરવા માટેની વિશેષ દરખાસ્ત તૈયાર કરીને જિલ્લા મેજિસ્ટ્રેટ (કલેક્ટર) સમક્ષ મોકલી આપવામાં આવી હતી. જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા પોલીસની આ પાસા દરખાસ્તને ગ્રાહ્ય રાખી તમામ ચાર આરોપીઓ સામે પાસા વોરંટ ઈશ્યુ કરવામાં આવ્યા હતા.

કલેક્ટરના આદેશ બાદ પોલીસે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરીને તમામ આરોપીઓને પાસા વોરંટની બજવણી કરી ગુજરાતની વિવિધ મધ્યસ્થ જેલોમાં મોકલી આપ્યા છે. લોકલ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા કાર્યવાહી કરીને શિહોરના ખોડિયારનગર ખાતે રહેતા મિલન સોમનાથ રાઠોડ (ઉં.વ.૩૦)ની અટકાયત કરી વડોદરા મધ્યસ્થ જેલ ખાતે, કુંભારવાડાના મોતીતળાવ વિસ્તારમાં રહેતા દિપક ઉર્ફે ખબરી ઉર્ફે મામા રમેશ વાઘેલા (ઉં.વ.૩૭)ની અટકાયત કરી સુરતની લાજપોર મધ્યસ્થ જેલ ખાતે, તથા પાલિયાણા તાલુકાના ભૂતિયા ગામે રહેતા ભાર્ગવ કલ્યાણ ધંધુકિયા (ઉં.વ.૩૦)ને રાજકોટ મધ્યસ્થ જેલ ખાતે મોકલી આપવામાં આવ્યો છે. આ ઉપરાંત મહુવા ટાઉન પોલીસ દ્વારા મૂળ મહુવા અને હાલ સુરતના પુણા ખાતે રહેતા ભરત છગન કનક (ઉં.વ.૪૭) સામે પણ પાસા હુકમની બજવણી કરીને રાજકોટ મધ્યસ્થ જેલ ખાતે ધકેલી દેવામાં આવ્યો છે.

પોલીસની પાસા દરખાસ્તને જિલ્લા મેજિસ્ટ્રેટની મંજૂરી મળતાં એલસીબી અને મહુવા ટાઉન પોલીસે આરોપીઓની અટકાયત કરી વડોદરા, સુરત અને રાજકોટ મધ્યસ્થ જેલ મોકલ્યા

ધારાસભ્ય સોલંકી લીલાવતી હોસ્પિટલમાં દાખલ:, તબિયતમાં સુધારો

સમર્થકો અને શુભેચ્છકો દ્વારા ઝડપી સ્વાસ્થ્ય સુધારા માટે પ્રાર્થના

ભાવનગર,તા.૨

ભાવનગર ગ્રામ્ય બેઠકના ધારાસભ્ય, ભાજપના સીનિયર નેતા અને કોળી સમાજના કદાવર અગ્રણી પરષોત્તમભાઈ સોલંકીને પગમાં ગેંગરીનની તકલીફ થવાના કારણે ત્રણ દિવસ પહેલા મુંબઈની પ્રખ્યાત લીલાવતી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. જ્યાં હાલ સ્પેશિયાલિસ્ટ તબીબોની ટીમ દ્વારા તેમની સતત દેખરેખ અને સારવાર કરવામાં આવી રહી છે.

મળતા અહેવાલો મુજબ, સારવાર બાદ હાલ તેમની તબિયત સ્થિર છે અને સ્વાસ્થ્યમાં ક્રમશઃ સુધારો જોવા મળી રહ્યો છે. તેઓ ટૂંક સમયમાં જ સંપૂર્ણ સ્વસ્થ થઈને પુનઃ લોકસેવામાં જોતરાશે તેવો આશાવાદ વ્યક્ત કરવામાં આવ્યો છે. હોસ્પિટલાઈઝેશનના કારણે આગામી ૯ સપ્ટેમ્બરથી શરૂ થઈ રહેલા ગુજરાત વિધાનસભાના ચોમાસું સત્રમાં તેઓ ગેરહાજર રહે તેવી શક્યતા જોવાઈ રહી છે.

ભાવનગર ગ્રામ્યના લોકપ્રિય પ્રતિનિધિ હોવાથી તેમના અસ્વસ્થ હોવાના સમાચાર મળતાં જ સમગ્ર ભાવનગર જિલ્લા સહિત તેમના સમર્થકો અને ભાજપના કાર્યકરોમાં ચિંતાનું મોજું ફરી વળ્યું હતું. જોકે, તબિયતમાં સુધારાના સમાચાર મળતાં જ લોકોએ રાહતનો શ્વાસ લીધો છે. સમગ્ર ગોહિલવાડમાં તેમના સમર્થકો અને આગેવાનો પરષોત્તમભાઈ ઝડપથી સાજા થઈને લોકો વચ્ચે પરત ફરે તે માટે પ્રાર્થના કરી રહ્યા છે.

આજે રાંધણ છઠ: ઘરે-ઘરે સાતમ માટે થેપલા, પૂરી સહિતની વિવિધ વાનગીઓ તૈયાર કરાઈ

ભાવનગર,તા.૨

પવિત્ર શ્રાવણ માસમાં સોમવારથી સાતમ-આઠમના તહેવારોની હરખભેર શરૂઆત થઈ ચૂકી છે. સોમવારે પ્રથમ દિવસે બોળચોથ અને મંગળવારે નાગપંચમીની શ્રદ્ધાપૂર્વક ઉજવણી કર્યા બાદ આજે સમગ્ર ગોહિલવાડમાં 'રાંધણ છઠ' મનાવામાં આવી છે રાંધણ છઠ એ કોઈ સ્વતંત્ર તહેવાર નથી, પરંતુ તે દેવી શીતળાને સમર્પિત 'શીતળા સાતમ'નો જ એક અવિભાજ્ય ભાગ છે.

ગુજરાતી પરંપરા મુજબ શીતળા સાતમના દિવસે ઘરોમાં ચૂલો કે ગેસ પ્રગટાવવામાં આવતો નથી. આથી સાતમના આગલા દિવસે એટલે કે રાંધણ છઠના દિવસે જ મહિલાઓ દ્વારા આગામી દિવસ માટે વિવિધ વાનગીઓ તૈયાર કરવામાં આવે છે. આજે ભાવનગર શહેર અને સમગ્ર જિલ્લામાં ગૃહિણીઓ દ્વારા થેપલા, પૂરી, સટાકિયા, મીઠાઈઓ સહિતની વાનગીઓ હોંશે હોંશે તૈયાર કરવામાં આવી હતી. આવતીકાલે સાતમના દિવસે વહેલી સવારે માતા શીતળાની પૂજા-અર્ચના કરી ઘઉં કે બાજરીના લોટની કુલેરનો પ્રસાદ ધરાવવામાં આવશે. ત્યારબાદ પરિવારના સભ્યો રાંધણ છઠના દિવસે બનાવેલું ટાઢું ભોજન આરોગીને આ પરંપરાગત ધાર્મિક પર્વની ઉજવણી કરશે.

શ્રાવણી તહેવારોની શ્રૃંખલામાં બોળચોથ અને નાગપંચમી બાદ આજે રાંધણ છઠ; આવતીકાલે શીતળા સાતમે ટાઢુ ભોજન આરોગવાની પરંપરા પળાશે

છઠ્ઠ - સાતમ - આઠમ નિમિત્તે

શુધ્ધ ઘીની મિઠાઈ, કેસર મોહનથાળ, મોતીચુર લાડુ,
બરફી ચુરમુ, કેસર ટોપરાપાક, ઘારી, ડ્રાયફ્રુટ ફરાળી ચેવડો
નાયલોન ગાંઠીયા, મસાલા ગાંઠીયા, ચવાણું અને
સેવની વેરાયટી તેમજ શુધ્ધ સાત્વિક ફરસાણ
અને અન્ય ફરાળી વાનગી

Muni
Since 1958
Authentic Handcrafted Experience!

લોખંડ બજાર, ભાવનગર - ફોન : ૨૪૨૬૫૮૧
જી-૭/એ, લિલા શાંતી, ઈસ્કોન મેગા સીટી, ભાવનગર - મો. ૯૯૭૮૯૦૬૫૮૧
/munipendawala